સુવિચાર

માણસ પોતાના ભાગ્યનો ઘડવૈયો ત્યારે જ બની શકે. જ્યારે વર્તમાનમાં શંખનો બજવૈયો બની શકે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૦૬/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ વૈશાખ વદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૧૪૮



ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટ્સ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૬૩૦૦


## કોંગ્રેસનાં ઉમેદવાર જેની ઠુંમરને ૩,૨૧,૦૬૮ મતોથી કર્યા પરાજિત

# ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનો ઐતિહાસિક વિજય

### ભાજપે લોકસભા બેઠક તાબાની તમામ સાતેય વિધાનસભાની બેઠકો પર ભવ્ય લીડ મેળવી

### મહુવામાંથી ૭૨૮૪૩, રાજુલામાંથી ૬૯૭૮૨ અને સાવરકુંડલામાંથી ૩૭૭૦૯ મતોની સરસાઈ

### લાઠીમાંથી ૩૬૫૫૯, ગારીયાધારમાંથી ૩૫૬૮૬, અમરેલીમાંથી ૩૫૦૨૪, ધારીમાં ૩૦૦૨૬ મતોની લીડ

### જિલ્લાનાં તમામ ભાજપી ધારાસભ્યોનાં રાજકીય વર્ચસ્વમાં ઐતિહાસિક વધારો થયો




અમરેલી, તા. ૪ ચૂંટણી તંત્ર દ્વારા અમરેલી સ્થિત પ્રતાપરાય આર્ટ્સ કોલેજ ખાતે લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મતગણતરીનુંકાર્ય શાંતિપૂર્ણ અને સેહાર્દપૂર્ણ માહોલમાં સંપન્ન થયું હતું.

લોકસભાસામાન્યચૂંટણીના ત્રીજા તબક્કામાં સમાવિષ્ટ અમરેલી લોકસભા મતવિસ્તારમાં તા. ૭ મે, ૨૦૨૪ને મંગળવારના રોજ મતદાન યોજાયું હતું. અમરેલી લોકસભા મતવિસ્તારમાંઅલગ-અલગપાર્ટીઅને અપક્ષ સહિત ૮ ઉમેદવારોએ પોતાની ઉમેદવારીનોંધાવીહતી.

તા. ૪ જૂન, ૨૦૨૪ના રોજ કડક અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સવારના ૮ વાગ્યાથી જિલ્લા ચૂંટણી અધિકારી, લોકસભા મતવિસ્તારના નિરીક્ષકો, જિલ્લા પોલીસ અધિક્ષક અને ઉમેદવારોનીહાજરીમાંસ્ટ્રોંગરૂમનુંસીલ ખોલી મત ગણતરી કાર્ય શરૂ થયું હતું. દરેક વિધાનસભા બેઠક દીઠ મદદનીશ રિટર્નિંગ ઓફીસરની હાજરીમાં અને દેખરેખમાંરાઉન્ડવાઈઝમતગણતરીનું કાર્યસંપન્નથયુંહતું.

૧૪-અમરેલી લોકસભા મતવિસ્તારમાંબહુજનસમાજપાર્ટીના ઉમેદવાર ચૌહાણ રવજીભાઈ મૂળ ભાઈને૯૪-ધારી-બગસરા-ખાંભા વિધાનસભા મતવિસ્તારમાંથી ૧,૦૩૫, ૯૫-અમરેલી-વડિયા-કુંકાવાવ વિધાનસભા મત વિસ્તારમાંથી ૧,૧૯૬, ૯૬, લાઠી-બાબરાવિધાનસભામતવિસ્તારમાંથી ૧૦૪૩,૯૭-સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મત વિસ્તારમાંથી ૧,૧૦૦,૯૮-રાજુલા-જાફરાબાદ વિધાનસભામતવિસ્તારમાંથી


અનુસંધાન પાના ૬ ઉપર



" એક એવી શાળા કે જયાં તમને ભણવાનું ગૌરવ થાય..."

NVS NITYAM VIDYA SANKUL
ધો. ૧૧-૧૨ પ્રવેશ શરૂ
હસમુખ પટેલ
ફાઉન્ડર, ચેરમેન
સાયન્સ
અનુભવી મેનેજમેન્ટ અને નિષ્ણાંત શિક્ષકોની ટીમ
JEE / NEET માટે સ્પે. વ્યવસ્થા
કોમર્સ
CA/CPT/ICWA
જેવી પરીક્ષાની તૈયારી સાથે તમામ વિષયોનું સઘન શિક્ષણ
દિકરાઓને સ્કૂલ અને હોસ્ટેલ ફી માફ ૨૫ થી ૯૦ %
આર્ટ્સ
ધો. ૧૧-૧૨ આર્ટ્સના અભ્યાસની સાથે સાથે શરૂઆતથી જ GPSC/UPSC પરીક્ષાની તૈયારી
જનરલ નોલેજ અને અંગ્રેજી વિષયનું સઘન શિક્ષણ
દિકરીઓની સ્કૂલ અને હોસ્ટેલ ફી માફ ૫૦ %
બાલમંદિર થી ધો. ૧૨
બોયઝ અને ગર્લ્સ માટે પ્રિમિયમ બોર્ડિંગ સ્કૂલ
નિત્યમ વિદ્યા સંકુલ
સહજ સિટી, લાઠી રોડ, અમરેલી
99254 51151, 99790 91791

સ્થાપના વર્ષ: ૧૯૫૯
અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી (ગુજરાત) | સંપર્ક: 909-909-8220
ધોરણ ૧૧ સાયન્સ, કોમર્સ, આર્ટ્સ
પ્રવેશ શરૂ
૧૦, ૧૫ કે ૨૫ નહીં પરંતુ પૂરાં "૬૫" વર્ષથી કાર્યરત
રેકોર્ડ બ્રેક પરિણામ ની અવિરત પરંપરા...
S.S.C. બોર્ડ: માર્ચ- ૨૦૨૪
22 A1
60 A2
૯૫ કે તેથી વધુ P.R. મેળવતાં વિદ્યાર્થીઓ: ૩૪
૮૦ કે તેથી વધુ P.R. મેળવતાં વિદ્યાર્થીઓ: ૧૪૦
૯૦ કે તેથી વધુ P.R. મેળવતાં વિદ્યાર્થીઓ: ૫૫
જિલ્લાનું પરિણામ: ૭૮.૩૧%
બોર્ડનું પરિણામ: ૮૨.૫૬%
વિદ્યાસભા શાળાનું પરિણામ
અંગ્રેજી માધ્યમ ૧૦૦% | ગુજરાતી માધ્યમ ૯૮.૯%
H.S.C. બોર્ડ: માર્ચ- ૨૦૨૪
01 સાયન્સ A1 | 01 સામાન્ય A1
10 સાયન્સ A2 | 15 સામાન્ય A2
અમરેલી જિલ્લાનું પરિણામ: વિજ્ઞાન પ્રવાહ ૭૮.૮% | સામાન્ય પ્રવાહ ૮૯.૮%
વિદ્યાસભા શાળાનું પરિણામ: વિજ્ઞાન પ્રવાહ ૯૫.૩% | સામાન્ય પ્રવાહ ૯૪.૮%
અમે નહીં, અમારું પરિણામ બોલે છે!
વિદ્યાર્થીઓનાં પ્રોગ્રેસ ની...
GUARANTEED 100% GUARANTEED
વાલીશ્રીઓને સંતોષ, એ જ અમારી સફળતા...
સ્કૂલ કાર્યક્ષેત્ર
બાલમંદિર થી ધોરણ ૧૨ (ગર્લ્સ & બોયઝ)
સાયન્સ/ કોમર્સ/ આર્ટ્સ
ગુજરાતી- અંગ્રેજી અને મિશ્ર માધ્યમ
હોસ્ટેલ કાર્યક્ષેત્ર
ધોરણ ૪ થી ૧૨
ગર્લ્સ અને બોયઝ માટે અલગ -અલગ
હોસ્ટેલ કેમ્પસની સુવિધાઓ
ધો.૧૧-૧૨ એડમિશન પ્રક્રિયા શરૂ...
CELEBRATING 65 YEARS ANNIVERSARY
દીકરીઓ માટે અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રકચર ધરાવતી હોસ્ટેલ સુવિધા, જેમાં રૂ.16,000/- સ્કોલરશીપ તેમજ 95% ઉપર પરિણામ ધરાવતા બહેનોને 25% ફી માફી... અન્ય સરકારી સ્કોલરશીપ તો ખરી જ.
જ્ઞાન સાધના યોજના, નમો લક્ષ્મી યોજના,નમો સરસ્વતી યોજના ટ્યુશન સહાય,ભોજન સહાય વગેરે યોજનાઓનો લાભ મળવા પાત્ર
વધુ વિગત માટે સંપર્ક કરો: એડમિશન હેલ્પલાઈન નંબર: 909-909-8220
ઈ-મેઈલ: gajeracampus1959@gmail.com | ટેલીફોન નંબર: 02792- 230511/611/711/811

# દેશવાસીઓએ ભાજપને વિકાસકાર્યો કરવા પરોક્ષ રીતે કહેણ મોકલ્યું

# નરેન્દ્ર મોદીની એકહથ્થુ સત્તા પર લગામ લગાવતો જનાદેશ

**છેલ્લા ૧૦ વર્ષથી સત્તામાં રહેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં અહંકારને જનતાને કંટ્રોલ કર્યો**

**દેશમાં શાંતિ, ભાઈચારા, વિકાસ અર્થે હવે કામ નહી થાય તો પાંચ વર્ષ પછી સત્તાથી બેદખલ કરી દઈશું તેવો જનાદેશ**

**ભ્રષ્ટાચારીઓ, બળાત્કારીઓ અને માથાભારે શખ્સોને છાવરવાનું બંધ કરવું પડશે**

**દેશનાં કરોડો મતદારોએ ભાજપને બિનજરૂરી વિવાદો ઉભા ન કરવા તેવો જનાદેશ આપ્યો**

અમરેલી, તા. ૪



જે પરિવારનાં વડીલો બાળકોને બહુ લાડ–કોડ કરીને ઉછેરે તે બાળકોને માન–મર્યાદાનું ભાન રહેતું નથી અને તે બાળક અવનવા અખાડા કરે ત્યારે ઘરનાં વડીલો જે રીતે બાળકને કાબુમાં કરે તે જ રીતે દેશનાં વડીલો કહો કે વાલીઓ કહો તેવી જનતાએ લાડકોડથી ઉછેરેલ નરેન્દ્ર મોદીને લાડકોડનો ગેરલાભ ન લેવા માટે સંદેશ આપેલ હોવાનું ચૂંટણી પરિણામ જોવા મળી રહ્યું છે.


દેશની જનતા જનાર્દને નરેન્દ્ર મોદીને ૧૦ વર્ષ સતત પ્રેમથી રાખ્યા, ઝુલે ઝુલાવ્યા અને અપાર સમર્થન આપતાં નરેન્દ્ર મોદીને સત્તાનો નશો એવો ચડયો કે તેઓએ તેમને સત્તા સ્થાને પહોંચાડનાર ઘરનાં બહારના તમામ વડીલોની પણ અગવણના શરૂ કરી અને વડીલોને વિશ્વાસમાં લીધા વગર આડેધડ નિર્ણય કરતાં દેશવાસીઓને ભાજપને ૩૦૩ બેઠકો ઉપરથી પછાડીને ૩૪૦ આસપાસ એટલે કે સરકાર માટે જરૂરી ૨૭૨ બેઠકથી પણ નીચે રાખીને જણાવ્યું કે હવે દેશમાં નફરત, હિંસા કે નફરતનો માહોલ ન થવો જોઈએ, બળાત્કારીઓ, ભ્રષ્ટાચારીઓને બચાવવાનું બંધ કરો તેવું કહેણ મોકલ્યુ અને જે હવે દેશમાં શાંતિ, ભાઈચારો, વિકાસ, ખેડૂતો, ગરીબો માટે કામ કરો નહી તો આગામી ચૂંટણીમાં સત્તાથી વિમુખ કરી દેવાશે તેવો સ્પષ્ટ સંદેશ દેશની જનતાએ આપેલ છે.

## ચૂંટણી પ્રભારી રવુભાઈ ખુમાણની અનેરી સિધ્ધિ

# રાજુલા વિધાનસભા વિસ્તારમાંથી ભાજપને ૭૦ હજાર મતની લીડ

**ભાજપનાં તમામ આગેવાનોએ સુંદર કામગીરી કરી**

રાજુલા, તા. ૪



ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું પરિણામ જાહેર થયુ છે. ત્યારે અમરેલી જિલ્લાના રાજુલા વિધાનસભા વિસ્તારમાંથી ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને ૧૦૪૦૧૪ મત મળતા તેઓનો ૬૭૮૭૨ મતની ઐતિહાસીક લીડ મળેલ છે. આ ચૂંટણી માટે રવજીભાઈ ખુમાણ સહિતની ટીમે દિવસ–રાત ભારે જહેમત ઉઠાવી હતી.

## એડવોકેટ કે.બી. પંડયાની દલીલો સફળ રહી

# અમરેલીનાં ચોરી, લૂંટ અને ધાડનાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો

અમરેલી તા. ૪



અમરેલી સીટી પોલીસ સ્ટેશનના કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ વિગેરે મુજબના ગુન્હાઓની અલગ– અલગ ફરીયાદો આરોપી રહીમ ઉર્ફે હનીફભાઈ મહમદભાઈ માણેક વિરૂધ્ધ દાખલ થયેલી. જે ફરીયાદ અમરેલીની સંધી સોસાયટીમાં બનેલ મોબાઈલ ચોરીનો બનાવ, કે.કે.પારેખ કોમર્સ હાઈસ્કુલમા આવેલ કવાર્ટરમાં ઘરફોડનો બનેલો બનાવમા રોકડ રકમ, ઘરેણાં કિંમતી ચીજવસ્તુઓની ચોરી થયેલાનું ખુલવા પામેલ હતુ. જે ફરિયાદો અન્વયે રહીમ ઉર્ફે હનીફભાઈ મહમદભાઈ માણેકની અટક કરી તેઓ વિરૂધ્ધ જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ અને કેસો દાખલ કરવામાં આવેલ હતા. ત્યારબાદ આરોપી રહીમ ઉર્ફે હનીફભાઈ મહમદભાઈ માણેક તર્ફે અમરેલીના પ્રખ્યાત ધારાશાસ્ત્રી કે.બી. પંડયા રોકાયેલા હતા અને તેઓએ ઉપસ્થિત પુરાવાઓ અંગે ઝીણવટભરી કાયદાકીય રજુઆતો કરી તેઓની ધારદાર દલીલોના આધારે આરોપી રહીમ ઉર્ફે હનીફભાઈ મહમદભાઈ માણેકને ઉપરોત ચોરીના ગુન્હાઓમાંથી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ તથા એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ દ્વારા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલો હતો. આ તમામ ગુન્હાઓમાં આરોપી રહીમ ઉર્ફે હનીફભાઈ મહમદભાઈ માણેક તર્ફે વિ.વકીલ કે.બી. પંડયા તથા વિ. વકીલ એચ.ડી. માંડલીયા રોકાયેલા હતા.

## પૂ. યોગીજી મહારાજની ૧૩૨મી જન્મજયંતી નિમિત્તે

# સારંગપુર : સ્વામીનારાયણ મંદિરમાં યોજાયો ગુરૂહરિ પ્રસન્નતા વૈદિક મહાયાગ

અમરેલી, તા.૪



૧૬૮૦ જેટલા યજમાનો દ્વારા ભગવાન અને ગુરૂની પ્રસન્નતા માટે, સમગ્ર વિશ્વ અને ભારતમાં શાંતિ પ્રસરે અને રાષ્ટ્રીનો વિકાસ થાય એ માટે ૧,૦૯,૨૦૦ જેટલા હોમ અર્પણ કરાયા.

વિશ્વવંદનીય પરમ પૂજય પ્રમુખસ્વામી મહારાજના ગુરૂ યોગીજી મહારાજની ૧૩૨મી જન્મતિથી નિમિતે સારંગપુરમાં પરમ પૂજય મહંતસ્વામિ મહારાજી ઉપસ્થિતીમાં તારીખ ૪ જૂન, ૨૦૨૪ નારોજ ગુરૂહરિનુ પુજન અને શુભ સંકલ્પોની પૂર્તિ માટે વિશિષ્ટ મહાયાગનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

પરમ પૂજય મહંતસ્વામિ મહારાજની ઉપસ્થિતીમાં વહેલી સવારે ૪:૩૦ વાગ્યે મહાયાગનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જે ૭:૦૦ વાગ્યે પૂર્ણ થયો હતો. આ વૈદિક મહાયાગમાં ૧૦૫ જેટલા યજ્ઞકુંડનુ નિમાર્ણ કરવામાં હતુ. જેમાં ભારતના વિવિધ પ્રાંત ઉપરાંત આફ્રિકા,લંડન વગેરે દેશ–વિદેશના ૧૬૮૦ જેટલા યજમાનોએ સમૂહમાં સ્વાહાના નાદ સાથે કુલ ૧,૦૯,૨૦૦ જેટલી આહુતિઓ અર્પણ કરી હતી. કુલ ૭ વેદપાઠી બ્રાહ્મણો દ્વારા આ યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં સંસ્કૃત મહાવિદ્યાલયના ૬૦ વિદ્યાર્થીઓ પણ યજ્ઞવિધિમાં જોડા હતા. પરમ પૂજય મહંત સ્વામી મહારાજે આ મહાયાગમાં ઉપસ્થિત રહી રાષ્ટ્રનો, સમાજનનો ઉત્કર્ષ થાય ને સમગ્ર વિશ્વ તેમજ ભારત દેશમાં શાંતિ પ્રવર્તે તેવા શુભ સંકલ્પ સાથે યજ્ઞમાં આહુતિઓ અર્પણ કરી હતી. વિશેષ આશીવાર્દમાં તેઓએ આજના દિવસે ગુરૂ યોગીજી મહારાજની સ્મૃતિઓ કરી હતી અને આજના પરિણામ અંતર્ગત રાષ્ટ્રનો ઉતરોતર વિકાસ થાય એ માટે શુભ સંકલ્પ અને પ્રાર્થના કરી હતી.

સમગ્ર મહાયાગ દરમિયાન મંદિર પરિસરનું વાતાવરણ વૈદિક વાતાવરણની અનુભૂતિ કરાવનારૂ બની ગયુ હતુ. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાયેલા મહાયાગથી અહિંસક તથા ભકિતમય ભારતીય યજ્ઞપરંપરાનુ પોષણ થયુ હતુ.

## ૫ જુન વિશ્વ પર્યાવરણ દિન

## વૃક્ષોનું જતન, આબાદ વતન



વૃક્ષોનું વાવેતર કરી, જંગલોનુ રક્ષણ થાય, પર્યાવણ સંવર્ધન થકી દેશમાં સમૃધ્ધિ આવે એ હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વધતા જતા શહેરીકરણના કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે. જેનાથી માત્ર માણસોને જ નહી પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહુ છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણુ ઘબર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફુટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને કયારેક સ્વને અનુભવીને આપણે એમને માટે કરૂણા અનુભવી શકતા હોઈએ છીએ. ખરે, આ તો મનૃષ્ય છે જે એક એવુ રાસાયણિક પ્રાણી છે જે બોલી શકે છે. કામ કરી શકે છે. કમાય શકે છે પણ પ્રાણીઓ ! આપણે દિવસ દિવસે જંગલો કાપીને પ્રાણીઓના નિવાસ સ્થાન છીનવી રહ્મા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી હ્મા છીએ. હા એક વાત છે. આપે એ તો જોયુ જ હશે કે હમણા હમણા વન્ય જીવોના કોઈ ગામમા કૃ શહેરમાં પ્રવેશ કરવાના કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્મા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં, વિસ્તારમાં ઘુષણખોરી કરી છે. પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘૃષણખોરી કરી છે,કારણ કે વધતા જતા આધુનિકરણન પાછળ અહી તહી બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે. અને ગામડાઓ એમા વિલીન થતા જાય છે. રોજરોજ નવા રોડ રસ્તા બનાવવામાં ઈન્ડ્રસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલા વૃક્ષોનું ભોગ લેવાય રહ્યો છે. પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોકસાઈડ શોષીને પ્રાણવાયુ આપે છે. વૃક્ષારોપણ માત્ર ચોમાસામાં જ યાય એ ખ્યાલમાંથી બહાર આવીને વધુમાં વધુ વૃક્ષોનુ રોપણ કરવુ આવશ્યક છે. જયાં ઈલેકટ્રીક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષા આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોના પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતના ફળો આપે છે. વૃક્ષોના મૂળિયા જમીનનુ ધોવાળ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતુ અટકાવે છે. કેટલાક વૃક્ષો વાદળાના ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગૃઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજજડ લાગે છે. ૫૦ વર્ષોમુ એક ઝાડ કુલ ૧૭.૫૦ લાખ ઓકિસજનનુ ઉત્પાદન કરે છે. ૩૫ રૂપિયાન પ્રદુષણનું નિયંત્રણ, ૩ કિલો કાર્બનડાયોકસાઈનુ શોષણ, ૪૧ લાખ રૂપિયાના પાણીનું રીસાયકલીંગ, ૩ટકા તાપમાનમાં ઘટાડો કરે છે. એક વયસ્ક વ્યકિત દ્વારા જીવનભર ફેલાયેલા પ્રદુષણ ને ૩૦૦ ઝાડ મળીને શોષે શકે છે. આ દિવસથી જ વન અને વન્યજીવો પ્રત્યે સૌમા કરૂણા ઉત્પન્ન થાય તેમજ પર્યાવરણીય સંપતિની જાળવણી થઈ શકે જેથી પૃથ્વી સર્વે જીવો સુખેથી જીવન જીવી શકે. વૃક્ષો શરણ ગચ્છામી.

–મિતલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## ગડકરી ફરી સાંસદ બનીને લોકસભામાં પહોંચી ગયા

# નાગપુર સીટ પર કેંદ્રીય મંત્રી નીતિન ગડકરીની જીત થઈ

નાગપુર, તા.૪

મહારાષ્ટ્રની સૌથી ચર્ચિત નાગપુર સીટ પર કેંદ્રીય મંત્રી નીતિન ગડકરી મેદાનમાં હતા. આ બેઠક પર તેમની જીત થઈ છે. નીતિન ગડકરી ફરી એકવાર સાંસદ બનીને લોકસભામાં પહોંચી ગયા છે. ગડકરી કોંગ્રેસના વિકાસ ઠાકરેથી લગભગ ૧ લાખ ૩૪ હજાર ૨૫૭ મતોથી જીત મેળવી છે. વિકાસ ઠાકરેને ૪.૯૮ લાખ મત મળ્યા છે. આ સીટ પર બીએસપીના યોગીરાજ ત્રીજા નંબર પર છે. તેમના ખાતામાં ૧૮ હજાર વોટ આવી રહ્યા છે. ૨૦૧૯માં નીતિન ગડકરીએ બીજી વખત આ સીટ જીતી હતી. ગડકરીએ કોંગ્રેસના નાના પટોલેને ૨ લાખથી વધુ મતોથી હરાવ્યા હતા. ગડકરીને ૬ લાખ ૬૦ હજાર વોટ મળ્યા હતા. જ્યારે પટોલેને ૪ લાખ ૪૪ હજાર મત મળ્યા હતા. બીએસપીના મોહમ્મદ જમાલ ત્રીજા સ્થાને છે. જેમને ૩૨ હજારથી ઓછા મત મળ્યા હતા. ૨૦૧૪માં ગડકરી આ સીટ પરથી પહેલીવાર ચૂંટણી લડ્યા હતા. તેમને ૫ લાખ ૮૭ હજાર મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના વિલાસ મુત્તેમવારને લગભગ ૩ લાખ ૩ હજાર મત મળ્યા હતા. બીએસપીના મોહન ગાયકવાડને લગભગ એક લાખ વોટ મળ્યા ત્રીજા સ્થાને રહ્યા હતા. આ સીટના ઈતિહાસની વાત કરીએ તો ૨૦૧૪ સુધી નાગપુર લોકસભા સીટ બન્યા બાદ ભાજપે માત્ર એક જ વખત આ સીટ જીતી હતી. બનવારીલાલ પુરોહિત ૧૯૯૬ની ચૂંટણીમાં પહેલીવાર ભાજપ તરફથી જીત્યા હતા. પરંતુ ૧૯૯૮માં ફરી ભાજપને કોંગ્રેસે હાર આપી હતી. તે પછી નીતિન ગડકરીએ આવીને આ સીટ પર ભાજપનો દુકાળ ખતમ કર્યો. સંતરા ઉપરાંત, નાગપુર દેશમાં પણ પ્રખ્યાત છે કારણ કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું મુખ્યાલય અહીં આવેલું છે. RSSની સ્થાપના ૯૯ વર્ષ પહેલા થઈ હતી. પછી કેશવ બલિરામ હેડગેવારે તેમના શહેર નાગપુરને તેમના મુખ્ય મથક તરીકે પસંદ કર્યું. આમ છતાં ૨૦૧૪ પહેલા આ સીટ પર ભાજપનુ વર્ચસ્વ ક્યારેય નહોતું. ૧૯૯૯ સુધી ખાતું પણ ખોલવામાં આવ્યું ન હતું. પરંતુ જયારથી આરએસએસના ફેવરિટ ગણાતા ગડકરી આ બેઠક પરથી ચૂંટણી લડ્યા છે ત્યારથી ભાજપ હાર્યું નથી.

## ગુજરાત કોંગ્રેસનાં પ્રમુખ ગોહિલનું નિવેદન

# કોંગ્રેસપક્ષે અનેક પડકારો વચ્ચે પણ ચુંટણીમાં સારૂ પ્રદર્શન કર્યુ

**રાજયનાં મતદારોનો આભાર માન્યો**

અમદાવાદ, તા. ૪



લોકસભા પરિણામો બાદ રાજીવ ગાંધી ભવન ખાતેથી વ્હાલા ગુજરાતીઓનો આભાર માનતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતુ કે, લોકસભાની ચૂંટણી દરમ્યાન મારા વ્હાલા ગુજરાતીઓએ પ્રેમ, આર્શીવાદ, સમર્થન મળ્યું છે. અંગ્રેજીમાં કહેવાય છે કોઈ પણ સ્પર્ધા થાય ઈકવલ લેવલ ઓફ પ્લેઈંગ તમામ તક અને સમાન વ્યવસ્થા મળવી જોઈએ તોજ સાચી – સ્પર્ધા કહેવાય. લોકશાહીની આપણા બંધારણમાં વિશેષ જોગવાઈ કરી છે કે ચૂંટણી જાહેર થાય પછી વડાપ્રધાન પક્ષના નેતા પણ એક સરખી લાઈનમાં આવે અને કોઈ વિશિષ્ટ સેવાના મળે પરંતુ ભાજપએ આ ચૂંટણીમાં, ઈકવલ લેવલ ઓફ પ્લોઈંગ ફી, સમાન રીતે લડી શકીએ લેવું ન રહેવા દઈને લોકશાહીને કલંકિત કર્યુ, કોંગ્રેસ પક્ષ લોકોના આશીર્વાદથી બેન્કમાં એકાઉન્ટમાં પૈસા હતા ને આ ચૂંટણી કોંગ્રેસ પણ સારી રીતે લડી શકયા હતા, ચૂંટણી જાહેર થઈ ત્યારે એક ન ટકે એવું કારણ– ૨૦૧૭–૧૮ કોંગ્રેસ પક્ષના સાંસદ સભ્યએ ૧૪ લાખ ૫૬ હજાર તમને રોકડા કેમ આપ્યા ? એમ કહીને ૧૧ એકાઉન્ટમાં જે નાણાં હતા તે ખાલસા કર્યા. અમારી ફીકસ ડીપોઝીટ હતી, તે ફ્રીઝ કરી દીધી અને ભાજપએ એમ માન્યું કે કોંગ્રેસ પક્ષ પાસે પૈસા જ નથી, અને સામાપક્ષે કરોડો રૂપિયાના ઈલેકશન બોન્ડ, ભલુ થજો સુપ્રીમકોર્ટનું જેમણે ભાજપનો ભ્રષ્ટાચાર બહાર પાડયો, ભાજપ પાસે સત્તાવાર ૮૨ અબજ બાવન કરોડ રૂપિયા, કોંગ્રેસપક્ષ બાજુ એક રૂપિયો નહી અને બીજી બાજુ ૮૨ અબજ બાવન કરોડ રૂપિયા, રૂપિયા વિના આ કોંગ્રેસ કેવી રીતે ચૂંટણી શકશે? સલામ કરીશ મારા વ્હાલા ગુજરાતીઓને એમણે જે સમર્થન આપ્યું છે જેના કારણે ભાજપ અહંકાર તુટયો ભાજપ શું કહેતું હતું પહેલા કોંગ્રેસને ઉમેદવાર જ નહી મળે, પછી કહેવાનું ચાલુ કહ્યું ઉમેદવાર મળશે પણ પાછા ખેંચાઈ જશે અથવા રદ થઈ જશે. પછી કહ્યું કે ૨૬માંથી ૨૬ બેઠકો ૫–૫ લાખ મતોથી જીતી જઈશું, કોંગ્રેસ વાળાની ડીપોઝીટ જપ્ત થઈ જશે, હું નમન કરીશ ગુજરાતના મતદારોને કે જેમણે ભાજપના અહંકારને તોડયો છે. એક – બે સીટ સિવાય કયાંય ૫ લાખથી વધુ લીડ ન થઈ શકી. મજબુતીથી કોંગ્રેસ તમામ લડી વિશેષ આભાર બનાસકાંઠા મતદારોનો, બનાસની બેન અમારી બેન ગેનીબેનને સંસદનો અવાજ દેશનો અવાજ બનાવી છે, હું સ્વીકાર કરૂ ૨૦૧૪ અને ૨૦૧૯માં અમે શૂન્ય પર રહ્યા હતા પણ દેશની સાથે ગુજરાતની જનતાએ અપેક્ષા રાખી હતી અને લીડ પણ બધે મળેલી ભાજપના અહંકારની પડતીની શરૂઆત બનાસકાંઠાએ કરી છે લોકતંત્રને જીવંત રાખવાની શરૂઆત બનાસકાંઠાએ કરી છે આ એક ટ્રેલર છે આગળ પુરૂ મુવી આવશે. લોકશાહી વ્યવસ્થામાં મને પુરો વિશ્વાસ છે સત્તા પડાવી લેવાનો આ સંઘર્ષ નથી સેવાની સાધના માટેનો આ પુરૂષાર્થ છે, હું અભિનંદન આપીશ કોંગ્રેસના મારા કાર્યકર્તાનો એક – બે સ્વાર્થમાં કોઈ બેસવાના એ આંગળીના વેઢે ગણાય નમન કરીશ મારા કોંગ્રેસના કાર્યકરોનો આટલા વર્ષથી સત્તા નથી આ વખતે પૈસા નહોતા પણ કાર્યકર્તાઓ પોતાના પૈસા વાપર્યા અને ઉમેદવારનું કામ કર્યુ છે. આ બતાવે છે. આ અમારી મુડી અને તાકાત છે. આ વિજય બનાસકાંઠાનો થયો છે ગુજરાતમાંથી એક સારી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ટકાવારીમાં ખુબજ ઉપર ગયા છે. તેનો યશ ગુજરાતીની સમજણ મારા કાર્યકર્તાની મહેનત તથા મારા નેતાઓની એકતાને જાય છે. એના યશ આ ટીમને જાય છે. સૌને પણ મારા તરફથી અભિનંદન પાઠવું છું. આવતા દીવસોમાં આજ રીતે કામ કરતા રહીશું. મારા પક્ષના બધા ઉમેદવારોએ મજબુતીથી ચૂંટણી લડયા છે. એને સલામ કરૂ છું. એમણે સહજપણે મગજ પર હારી જશે શુ થશે તેવો ભાર રાખ્યા વિના તમામ જગ્યાએ મજબુતિથી તમામ ઉમેદવારો લડયા છે હાર કે જીત કરતા સામે અનેક મુશ્કેલીઓ, વિધ્નો સામે ગમે તેટલી મોટી તાકાત હોય મજબુતીથી મન મક્કમતાથી સત્યના માટે સિધ્ધાંત માટે માણસ લડે છે. એમનો ઈતિહાસ બને છે. બનાસકાંઠા શરૂઆત કરી છે પાટણ બહુ ઓછા મતોથી હાર્યા, છેક સુધી લીડમાં રહેલી સીટ છેલ્લે તકલીફમાં આવી અન્ય જગ્યાએ જુના આંકડાનો ઘણો ગ્રાફ ઉંચે ગયો છે. ઈન્ડિયા ગઠબંધનના સાક્ષીઓનો ખુબ હૃદયપૂર્વક આભાર માનું છું. 'દલો કા નહી દીલો કા મીલન હે' એવી રીતે આખા દેશમાં ચૂંટણી લડાઈ છે એ માટે સૌનો આભાર માનું છું.

## આગામી રવિવારના દિવસે

# આટકોટનાં પ્રતાપપુરા(નવાગામ) ખાતે બ્રહ્મર્ષિ સંસ્થાનું થશે લોકાપર્ણ

**રાજયના સામાજીક આગેવાનોની ઉપસ્થિતિ રહેશે**

આટકોટ, તા. ૪

આટકોટના સાથણી રોડ પર અશ્વિત પ્રતાપુર (નવાગામ) ખાતે બ્રહ્મર્ષિ સંસ્થા દ્વારા સમાજનું સમાજને લોકાપર્ણ ભુદેવ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત તા. ૯ જુન નાં રોજ આ રાખવામાં આવેલ છે. બ્રહ્મર્ષિ સંસ્થાને એ ભારતીય સંસ્કૃતીની આગવી શીક્ષણની પંરપચ એટોલે કે ગુરૂકુળ પંરપરાએ અળવી ઋષીને સચને સ્થાપીત કરેલે. જેમને જીવંત રાખવા ભગીરથ કાર્ય ભુદેવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થઈ રહેલ છે. જેમનો જીવનમંત્ર રહયો છે. આપણી સંસ્કૃતિ આપણી ઓળખ તેમજ આપણા સહગ્રંથના શિક્ષણનાં નીચોઢ સખે વેદના અભ્યાસ શાસ્ત્રીઓ દ્વારા શીખવવામાં આવશે.

આટકોટના પ્રતાપુર (નવાગામ) ખાતે બ્રહ્મર્ષિ સંસ્થાન લોકાર્પણ સમારોહ તા. ૯/૬ને રવીવારના રોજ લોકાપર્ણ યોજાશે. જે ભગીરથ કાર્યમાં સહભાગી થવા સમાંરોહમાં અધ્યક્ષ મુકતાનંદજીબાપુ સુદેવધામ ચાપરડા રાખેલ છે. તેમને કેન્દ્રનાં પૂર્વ કેબીનેટ મંત્રી પરશોતભાઈ રૂપાલા, રાજય કેબીનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, કુંવરજીભાઈ બાવવીયા, કુબેરભાઈ ડીડોર, અતીથી વી.એન. રામભાઈ મોકરીયા, મોહનભાઈ કુંકાટીયા, સંસ્થાના આધાર સ્તંભ એવા રાજુભાઈ રાવળ, રાજકોઠ વીશેષ રમેશદાદા ઠાકર, મુખ્ય મહેમાનોમાં અમીતભાઈ ઠાકર, સેંજલબેન પંડયા, અનીરૂધ્ધભાઈ દવે, કૌશીકભાઈ વેકરિયા, વીભારીબેન દવે, ભરતભાઈ બોઘરા, નીતીનભાઈ ભારદ્વાજ, ધવલભાઈ દવે વગેરે ઉપસ્થિત રહેશે. તેમજ સંતોના શુભઆર્શિવચનમાં ભુવેનશ્વરી પીઠનાં, ઘનશ્યામજી મહારાજ, સીતારામબાપુ, આત્મનંદ સરસ્વતીજી, જયંતીરામબાપા, ચૈતન્ય શંભુમહારાજ, ભકિતસ્વામી ખીરસરા, ગુજરાત સૌરાષ્ટ્રન બ્રહ્મસમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. તેમજ સુરસંગાથે નીરજનભાઈ પંડયા, સાંઈરામ દવે, લાલુમાલવીયા, કરન ભટ્ટ દ્વારા સુરસંગાથે યોજાશે. આ પ્રતાપુર (નવાગામ) ખાતે સંસ્કૃત પાઠશાળા સંસ્કૃત યુનીવર્સીટી દ્વારા માન્યતા પ્રાપ્ત સોમનાથ સંસ્કૃત યુનીવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત ડિપ્લોમાં કાર્યનું નીર્માણ કરેલ છે. તેમજ સંસ્થાના સહયોગી તેમજ સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મસમાજનાં તમામ જીલ્લા પ્રમુખઓ તેમજ ટીમ ઉપસ્થિત રહેશે.

આ તકે પ્રકાશભાઈ મોઢા ગોકુળ હોસ્પિટલ, જગદીશભાઈ આચાર્ય એડવોકેટ જસદણ ઉદયભાઈ ત્રીવેદી અમરેલી, કિશોરભાઈ યોગેશ, ડો. હેમોગવસાવડા મધુરમ હોસ્પિટલ રાજકોટ, કૌશિકભાઈ આચાર્ય, આશીષભાઈ ભટ્ટ, શાસ્ત્રી તેમજ ચેતનભાઈ પંચોલી દ્વારા આ લોકાપર્ણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવ્યુ છે.

## ૨૦૦૯માં નીલાબેન, ૨૦૧૪માં વિરજી ઠુંમર અને ૨૦૨૪માં જેની ઠુંમરનો પરાજય

# અમરેલી જિલ્લાનાં રાજકારણમાં ઠુંમર પરિવારનાં પરાજયની હેટ્રિક

### ૧૯૯૦માં સૌપ્રથમ ધારાસભ્ય બનેલ વિરજી ઠુંમરનાં રાજકીય જીવનમાં ૩૫ વર્ષ ભારે સંઘર્ષમય રહ્યા

### સેના વગરનાં સેનાપતિ હોવાથી અવારનવાર પરાજયનો કરે છે સામનો

### એક જ પરિવારનાં તમામ ત્રણેય સદસ્યો લોકસભાની ચૂંટણી લડયા અને ક્રમશઃ તમામ પરાજિત થયા

### જિલ્લાનાં કોંગ્રેસ પક્ષનાં રાજકારણમાં આગામી દિવસોમાં નવા નેતૃત્વનો ઉદય થવાની સંભાવના

અમરેલી, તા. ૪

અમરેલી લોકસભા બેઠકની ચૂંટણીનું પરિણામ આજે જાહેર થયું જેમાં વિરજી ઠુંમરની દિકરી જેનીબેન ઠુંમરનો ૩.૨૧ લાખ મતોથી પરાજય થતાં ઠુંમર પરિવારનાં દરેક સભ્ય ક્રમશઃ ચૂંટણીમાં પરાજિત થયાનો રેકોર્ડ સર્જાયો છે.

વર્ષ ૨૦૦૯માં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં વિરજી ઠુંમરનાં ધર્મપત્ની નીલાબેન, વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં વિરજી ઠુંમર અને વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં તેમની દિકરી જેનીબેન ઠુંમરનો પરાજય થયો.

અમરેલી જિલ્લાનાં રાજકીય ઈતિહાસમાં એક જ પરિવારનાં ૩-૩ સદસ્યો ક્રમશઃ લોકસભાની ચૂંટણી લડયા હોય અને દરેકનો પરાજય



થાય તેવી ઘટના ઈતિહાસનાં પાના પર કંડાઈ ગઈ છે.

અમરેલી જિલ્લાનાં રાજકારણમાં છેલ્લા ૩૫ વર્ષથી દબદબો ધરાવતાં વિરજી ઠુંમર સેના વગર સેનાપતિ બનીને ભાજપનો સામનો મકકમતાથી કરતાં આવ્યા છે અને હવે સતત પછડાટ મળતા તેમના અખૂટ આત્મ વિશ્વાસમાં ઘટાડો થશે અને જિલ્લાનાં રાજકારણમાં નવા નેતૃત્વનો ઉદય થાય તેવી સંભાવના જોવા મળી



રહી છે.

## કાઠી ક્ષત્રિય સમાજનાં અગ્રણી મનુભાઈ ખુમાણની નારાજગી

# રાજુલાનાં ગોકુલનગરમાં ગટરનાં ગંધાતા પાણીનાં મિશ્રણવાળા પાણીનું વિતરણ

### પાલિકા શાસકો સમસ્યાનું સમાધાન કરે તેવી માંગ

રાજુલા, તા. ૪

રાજુલાના ગોકુલનગર સોસયટીમાં નગરપાલિકાના પાણીસાથે સંડાસનું મળ અને દુર્ગંધવાળુ પાણી છેલ્લા છ થી આઠ માસથી પાણી વિતરણ થઈ રહ્યું છે. જે પીવા લાયક પણ નથી. ગોકલનગરમાં પાણીજન્ય રોગ ફેલાવાની પુરી શકયતા છે. આ બાબતે નગરપાલિકાના પદાધિકારીઓને અવાર-નવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરેલ છે. છતા નગરપાલિકાના પદાધિકરીઓનું પેટનું પાણી પણ હલતું નથી.

બીજો પ્રશ્ન ગોકુલનરમાં તમામ નાના મોટા રસ્તાઓ સીમેન્ટ રોડ તેમજ બ્લોકથી રોડ બનેલ છે. જયારે તાત્કાલિન હનુમાનજી મંદિર સામે આજદિન સુધી રોડ બનાવામાં આણવેલ નથી. તો કયા કારણસર આ એક એરિયા પ્રત્યે ઓરમાયુ વતન કરવામાં આવે છે. જે આજની તારીખે કોઈ કાયવાહી થયેલ નથી. આ બાબતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ઉપરોક્ત પ્રશ્ન હલ કરવા સહયોગી બને તેવી ગોકુલનગર વાસીઓની અપેક્ષા રાખે છે.


ગોકુલનગર વાસીઓ રાજુલા નગરપાલિકાને એક અઠવાડીયાની મહેતલ આપે છે. જો અમારા આ બન્ને પ્રશ્ન હલ કરવામાં નહી આવે તો નાછૂટકે નગરપાલિકાનો ઘેરાવ કરશું.

અંતમાં કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણી અને સમાજિક તેમજ સેવાભાવિ કાયકર મનુભાઈ એમ. ખુમાણ જણાવે છે.

## ખાંભાનાં અગ્રણી જયસુખભાઈ ખુમાણનું અવસાન થયુ

ખાંભા, તા. ૪

ખાંભાના ક્ષત્રિયસમાજના અગ્રણી અને ખાંભા સહકારી મંડળી માં૧૫ વર્ષ સુધી પ્રમુખ તરીકે સેવા આપેલી અને ઉપસરપંચ રહી ચૂકયા અને દરેક સમાજ સાથે સંકળાયેલા વ્યકિત અને વચનના અડીખમ આગેવાન અને દરેક સમાજના દુઃખના ભાગીદાર થનાર અને સરળ સ્વભાવના અને દરેક સમાજને સાથે રાખીને ચાલનાર સ્વ. ભીખુભાઈ ગીગાભાઈ ખુમાણનું દુઃખદ અવસાન થતાં ખાંભા શહેરમાં શોકનું મોજું ફરી વળ્યું હતું અને ગ્રામજનોએ પુષ્પાંજલિ આપી અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને આ



દિવ્ય આત્માને ભગવાન શાંતિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

ખુમાણ પરિવાર ઉપર જે દુઃખ આવી પડયું તે દુઃખ ભગવાન સહન કરવાની શકિત આપે તેવી પ્રભુના ચરણોમાં પ્રાથના.

## બાબરા અને રાજુલા તાલુકાના વાહન માલિકો, કબ્જેદારો માટે રિ-પાસીંગ, પાસીંગ (સીએફઆરએ) કેમ્પ યોજાશે

અમરેલી તા. ૪

અમરેલી જિલ્લાના બાબરા અને રાજુલા તાલુકાના વાહન માલિક અને કબ્જેદારો માટે અમરેલી એ.આર.ટી.ઓ. કચેરી ખાતેથી રિ-પાસીંગ અને પાસીંગ (સી.એફ.આર.એ.) કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

બાબરા સ્થિત સર્કિટ હાઉસ ખાતે તા. ૦૮ જૂન, ૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૧૦:૩૦ થી સાંજના ૬:૧૦ વાગ્યા સુધી કેમ્પ યોજાશે. તા. ૧૨ જૂન, ૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૧૦:૩૦ થી સાંજન ૬:૧૦ વાગ્યા સુધી બલાડ માતાજી મંદિર, પીપાવાવ પોર્ટ ખાતે કેમ્પ યોજાશે તેમ અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફ્સ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઇ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
મો.૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org



જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪



HONDA
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
કેશ ડિસ્કાઉન્ટ ₹5000/-*
ઓછુ ડાઉનપેમેન્ટ ₹5999/-*
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ
મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨



Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



શિવ ફરસાણ
(ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આઈસ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.



Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601



YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZS-FI
lord of the streets
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch | Light Weight | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
» - ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪



અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100% કોમર્સ
ધોરણ-12 કોમર્સ (વર્ષ-2024) સામાન્ય પ્રવાહનું અસામાન્ય પરિણામ
કુલ વિદ્યાર્થી :- 66
પાસ થયેલ વિદ્યાર્થીઓ :-57
સંસ્થાનું પરિણામ :- 86.36%
A1 ગ્રેડ 50% ફી માફી
95PRUP :-07 વિદ્યાર્થી
90PRUP :-10 વિદ્યાર્થી
75PRUP :-21 વિદ્યાર્થી
A2 ગ્રેડ :-10
B1 ગ્રેડ :-16
B2 ગ્રેડ :-13

ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.૧૦ P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર..
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૬ | ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ નારાયણ નગર, અમરેલી

### IMD એ દેશના હવામાન પર આ માહિતી આપી

# ઉત્તરપ્રદેશ-બિહારથી રાજસ્થાન સુધી હીટવેવનું એલર્ટ જારી

## પંજાબ, હરિયાણા, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઓડિશા, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના વિવિધ વિસ્તારોમાં ગરમીની લહેર આવવાની સંભાવના છે

નવી દિલ્હી, તા.૪

ઉત્તર ભારતના ઘણા રાજ્યો આ દિવસોમાં ભારે ગરમીની ઝપેટમાં છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે એટલે કે 4 જૂને ચૂંટણીના ઉત્સાહ વચ્ચે ઉત્તર પ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, બિહાર, ઝારખંડ, હરિયાણા, દિલ્હી અને ઓડિશાના કેટલાક ભાગોમાં ગરમીનું મોજું યથાવત રહેવાની સંભાવના છે. તે જ સમયે, કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને પશ્ચિમ બંગાળમાં ચોમાસાનો વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે.દિલ્હીમાં આ દિવસોમાં ભારે ગરમી છે અને દિવસનું તાપમાન 44 ડિગ્રીની આસપાસ છે. હવામાન વિભાગ (IMD) એ આજે એટલે કે 4 જૂને દિલ્હીમાં ઝરમર વરસાદની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન જોરદાર પવન ચાલુ રહેવાની ધારણા છે.IMD અનુસાર, આ સમગ્ર સપ્તાહમાં દિલ્હીનું મહત્તમ તાપમાન 42 થી 44 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની સંભાવના છે અને લઘુત્તમ તાપમાન 29 થી 31 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની સંભાવના છે.હવામાનની આગાહી કરતી એજન્સી સ્કાયમેટ અનુસાર, આગામી 24 કલાક દરમિયાન પૂર્વોત્તર ભારત, તમિલનાડુ, કર્ણાટક, સિક્કિમ અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની સાથે કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. જ્યારે કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, ઓડિશાના કેટલાક ભાગો, છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળના ગંગાના મેદાનોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.આ ઉપરાંત દક્ષિણ મધ્યપ્રદેશ, દક્ષિણ ગુજરાત, પંજાબના કેટલાક ભાગો, હરિયાણા, પશ્ચિમી ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ હિમાલયમાં હળવો વરસાદ પડી શકે છે. પંજાબ, હરિયાણા, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઓડિશા, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના વિવિધ વિસ્તારોમાં ગરમીની લહેર આવવાની સંભાવના છે.હવામાનની આગાહી કરતી એજન્સી સ્કાયમેટના જણાવ્યા અનુસાર, આગામી 2 દિવસમાં મધ્ય અરબી સમુદ્ર, કર્ણાટક, રાયલસીમા, તટીય આંધ્રપ્રદેશ, પશ્ચિમ મધ્ય અને ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીના કેટલાક વધુ ભાગોમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ અનુકૂળ છે. તે જ સમયે, પૂર્વ મધ્ય બંગાળની ખાડી પર સમુદ્ર સપાટીથી 3.1 થી 5.8 કિલોમીટર ઉપર ચક્રવાતી પરિભ્રમણ રચાય છે, જે દક્ષિણ-પશ્ચિમ તરફ વળેલું છે.આ ઉપરાંત દક્ષિણ આંધ્ર પ્રદેશ અને ઉત્તર તમિલનાડુના દરિયાકાંઠે પશ્ચિમ મધ્ય બંગાળની ખાડી ઉપર ચક્રવાતી પરિભ્રમણ રચાઈ રહ્યું છે. મધ્ય પાકિસ્તાનમાં સાયક્લોનિક સરક્યુલેશન સર્જાઈ રહ્યું છે. દક્ષિણ-પશ્ચિમ મધ્ય પ્રદેશમાં વધુ એક ચક્રવાતી પરિભ્રમણ રચાઈ રહ્યું છે. ગુજરાત પર સાયક્લોનિક સરક્યુલેશન છે. દક્ષિણ-પૂર્વ ઉત્તર પ્રદેશમાં સાયક્લોનિક સરક્યુલેશન સર્જાઈ રહ્યું છે.

### સ્મૃતિ ઈરાનીની અમેઠીથી હાર

# મોદી સરકારમાં ઘણા મોટા મંત્રીઓ પણ આ વખતે પોતાની સીટ પર હારી ગયા

નવી દિલ્હી, તા.૪

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં અત્યાર સુધીના ટ્રેન્ડ મુજબ મોદી સ્મૃતિ ઈરાની અમેઠીથી મોટા માર્જિનથી હારી ગયા છે. અત્યાર સુધી જે ટ્રેન્ડ બહાર આવ્યા છે તે મુજબ કેન્દ્રમાં ફરી એકવાર મોદી સરકાર નિશ્ચિતપણે રચાય તેમ લાગી રહ્યું છે. પરંતુ આ વખતે ઓછી બહુમતી સાથે સરકાર રચાઈ રહી છે, અગાઉની ચૂંટણીઓથી વિપરીત તેને મજબૂત જનાદેશ મળ્યો નથી. મોદી સરકારમાં ઘણા મોટા મંત્રીઓ પણ આ વખતે પોતાની સીટ પર હારી ગયા છે, તેઓ પોતાના વિરોધીઓથી હારી ગયા છે.

મોદી સરકારના કેટલાક અન્ય મંત્રીઓ પણ પોતપોતાની સીટ પર હારી ગયા છે. આ સિવાય કેન્દ્રીય મંત્રી અમિત શાહ, પીયૂષ ગોયલ, મનસુખ માંડવિયા અને અનુરાગ ઠાકુર જેવા કેન્દ્રીય મંત્રીઓ મજબૂત જીત હાંસિલ કરી છે હાલમાં કેન્દ્રીય મંત્રીઓ સ્મૃતિ ઈરાની, અર્જુન મુંડા, મહેન્દ્ર નાથ પાંડે અને આર.કે. સિંહ હારનો સામનો કરી રહ્યા છે. એક તરફ સ્મૃતિ ઈરાની અમેઠીથી ચૂંટણી લડી રહ્યા છે, અર્જુન મુંડા ખુંટીથી ચૂંટણી લડી રહ્યા છે, ડૉ. મહેન્દ્ર નાથ પાંડે ચંદૌલીથી અને રાજ કુમાર(RK) સિંહ બિહારના આરાથી નસીબ અજમાવી રહ્યા છે. પરંતુ મોદી સરકારના આ તમામ મંત્રીઓએ લોકસભાની ચૂંટણીમાં સારું પ્રદર્શન કર્યું નથી અને તેઓએ હારનો સ્વાદ ચાખ્યો છે.

૧.સ્મૃતિ ઝુબિન ઈરાની – અમેઠી ૧.૫ લાખથી વધુ મતોથી હાર
૨.અર્જુન મુંડા – ખુંટી – ૧.૩ લાખથી વધુ મતોથી હાર
૩.ડૉ. મહેન્દ્ર નાથ પાંડે – ચંદૌલી ૨૨,૦૦૦થી વધુ મતોથી હાર
૪.રાજ કુમાર સિંહ – આરા ૩૮,૦૦૦થી વધુ મતોથી હાર
૫.રાજીવ ચંદ્રશેખરન- તિરુવનંતપુરમ- ૧૬૦૦૦થી

સ્મૃતિ ઈરાનીની વાત કરવામાં આવે તો તે કોંગ્રેસના KL શર્મા સામે હારી ગયા છે. આ સીટ પર ગત ચૂંટણીમાં ઈરાનીએ રાહુલ ગાંધીને મોટા અપસેટમાં હરાવ્યા હતા. જો અર્જુન મુંડાની સીટ ખુંટીની વાત કરવામાં આવે તો તેઓ ત્યાંથી હારી ગયા છે

### ૨૦થી ૨૪% સુધી શેર તૂટ્યા

# ચૂંટણીના પરિણામોથી અદાણી ગ્રુપને મોટો ફટકો

## અત્યાર સુધીમાં રોકાણકારોના ૩૫ લાખ કરોડ ધોવાઈ ગયા છે અને બજારમાંથી વિશ્વાસ હચમચી જાય તેવી સ્થિતિ

મુંબઈ, તા.૪

લોકસભાની ચૂંટણીના રિઝલ્ટ જે રીતે આવી રહ્યા છે તેનાથી શેરબજારને મોટો ફટકો પડ્યો છે અને તેમાં પણ અદાણી જૂથના રોકાણકારો માટે બહુ ખરાબ સ્થિતિ હતી. એક્ઝિટ પોલના કારણે ગઈકાલે જે શેરો ૧૬ ટકા સુધી વધી ગયા હતા તે શેર્સ આજે ૨૦થી ૨૪ ટકા સુધી ઘટી ગયા છે. અદાણીના ઈન્વેસ્ટરોએ લાખો કરોડો ગુમાવ્યા છે અને તાજેતરમાં જ એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બનેલા અદાણીની નેટવર્થને પણ ફટકો પડ્યો છે. અદાણી જૂથ અને એનડીએ બહુ નજીક ગણવામાં આવે છે અને તેથી જ એનડીએનો દેખાવ નબળો પડ્યો તેની સીધી અસર અદાણી પર પડી છે.શેરબજારમાં આજે અત્યાર સુધીમાં રોકાણકારોના ૩૫ લાખ કરોડ ધોવાઈ ગયા છે અને બજારમાંથી વિશ્વાસ હચમચી જાય તેવી સ્થિતિ છે. આ લખાય છે ત્યારે અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર પૂરા ૨૫ ટકા ઘટીને ૨૭૩૩ પર હતો. અદાણી ગ્રીન એનર્જીનો શેર ૧૯.૫૦ ટકા ઘટીને ૧૬૪૧ પર ચાલતો હતો. અદાણી પોર્ટનો શેર ૨૫ ટકા ઘટીને ૧૧૮૮ પર હતો. અદાણી પાવરનો શેર ૨૦ ટકા ઘટીને ૭૦૦ રૂપિયા પર હતો. અન્ય શેરોમાં અદાણી વિલ્મરનો શેર ૧૦ ટકા, સિમેન્ટ કંપનીઓ એસીસી ૧૫ ટકા, અંબુજા સિમેન્ટ ૨૦ ટકા, અદાણી ટોટલ ગેસ ૧૮ ટકા, એનડીટીવીનો શેર ૧૮.૬ ટકા ઘટ્યો છે.આ લખાય છે ત્યારે સેન્સેક્સ એક તબક્કે ૬૨૦૦ પોઈન્ટ ઘટી ગયો હતો. અદાણી જૂથની કંપની અદાણી પોર્ટ તેના રોકાણકારો માટે કેશ કાઉ ગણાય છે અને તેમાં ૨૦ ટકાનો કડાકો આવે એટલે કેટલો બધો ગભરાટ છે તે સમજી શકાય છે. એક વાત સ્પષ્ટ છે કે વડાપ્રધાન મોદીએ જે બેઠકો જીતવાની આશા રાખી હતી અથવા દાવો કર્યો હતો તે નહીં જીતી શકાય. અદાણી જૂથની ૧૦ લિસ્ટેડ કંપનીઓ છે અને તેની માર્કેટ કેપિટલમાં લગભગ ૧૦ લાખ કરોડથી વધારે ઘટાડો થયો છે. ગઈકાલે એક્ઝિટ પોલના કારણે જે ફિલગુડ ફેક્ટર હતું તેમાં અદાણીના શેરો સૌથી વધુ વધ્યા હતા. આજે તેના કરતા સાવ ઉલ્ટું ચિત્ર છે. એક્ઝિટ પોલે લોકોને આંબા-આંબલી દેખાડ્યા હતા પરંતુ મતદારોનો મિજાજ સાવ અલગ હતો તેવું લાગે છે. ગુજરાત અને મધ્ય પ્રદેશમાં ભાજપે સોલિડ દેખાવ કર્યો છે અને આ બે રાજ્યો વગર ભાજપને ભારે નુકસાન જવાનું હતું તે નક્કી છે. હાલની સ્થિતિમાં પણ લગભગ ૬૦થી ૭૦ સીટનું નુકસાન જોવા મળે છે જે અદાણી જૂથ માટે સારી વાત નથી.ગયા વર્ષે હિન્ડનબર્ગ રિસર્ચના રિપોર્ટના કારણે પણ અદાણીને એટલો ફટકો પડ્યો હતો કે કેટલાક શેરના ભાવ ૭૦ ટકા સુધી ઘટી ગયા હતા. ત્યાર પછી અદાણી સામે જુદી જુદી તપાસ થઈ જેમાં કંઈ બહાર ન આવ્યું અને તેને ક્લિન ચીટ મળી ગઈ. ત્યાર પછી અદાણીના શેરો સતત વધતા ગયા અને હિન્ડનબર્ગ રિપોર્ટ અગાઉ જે ભાવ ચાલતો હતો તેનાથી આગળ નીકળી ગયા. હિન્ડનબર્ગના આંચકામાંથી બહાર આવ્યા પછી એક જ દિવસમાં શેરનો ભાવમાં ૨૦થી ૨૪ ટકાનો ઘટાડો થયો છે.ચૂંટણીના રિઝલ્ટ આવ્યા તે અગાઉ ગ્લોબલ બ્રોકરેજ કંપનીઓએ અદાણી માટે બાય રેટિંગ આપેલું હતું. અદાણી એન્ટરપ્રાઈઝિસના શેર માટે ૩૮૦૦ રૂપિયાનો ટાર્ગેટ છે જ્યારે અદાણી પોર્ટ માટે ૧૬૪૦ રૂપિયાનો ટાર્ગેટ અપાયો છે. અદાણી એનર્જી સોલ્યુશનના શેર માટે ૧૩૬૫ રૂપિયાનો ટાર્ગેટ અપાયો હતો. આ તમામ ટાર્ગેટ આજના ચૂંટણી પરિણામો અગાઉના છે.સીએલએસએએ ૫૪ મોદી સ્ટોકની યાદી બનાવી હતી. એટલે કે એવા શેર જેને મોદી સરકારના કારણે ફાયદો થવાનો હોય. આવા શેરોમાં અદાણી પોર્ટ્સ, અદાણી એન્ટરપ્રાઈઝિસ, એસીસી અને અંબુજા સિમેન્ટનો સમાવેશ થાય છે. તેમાં કેટલાક પીએસયુ શેર પણ છે જેને મોદી સરકારની પોલિસીથી ફાયદો થાય તેમ છે.

### રાજકોટ મ્યુનિ.માં ભ્રષ્ટાચાર સાથે અધિકારીઓની મનમાની

# રાજકોટના ટી.પી.ઓ. સાગઠિયાએ ૧૨ વર્ષથી પોતાની મિલકતો જાહેર કરી નથી

રાજકોટ, તા.૪

રાજકોટ અગ્નિકાંડ બાદ મનપાનાં ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયાની ધરપકડ કરી પુરાવા એકત્ર કરવા પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે. દરમિયાન મનસુખ સાગઠિયાએ સરકારી નિયમની ઐસીતૈસી કરીને મહેકમ શાખા સમક્ષ ૨૦૧૨ પછી પોતાની મિલકતો જાહેર કરી ન હોવાનું જાણવા મળ્યું છે. રાજ્ય સરકારના આદેશ મુજબ, કેલેન્ડર વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર દરમિયાન તમામ સરકારી કર્મચારીઓએ તેમની મિલકતો જાહેર કરવાની હોય છે. જેમાં કલેક્ટર, મહાનગરપાલિકાના કમિશનર કે પોલીસ કમિશનર જેવા ઉચ્ચ હોદ્દાઓ ધરાવતા ક્લાસ વન અધિકારીઓ પણ બાકાત નથી. નાગરિકો આ મિલકતો જાણી શકે તે માટે વેબસાઈટ પર તે મુકવાની હોય છે. આ મુજબ મહાનગરપાલિકાની વેબસાઈટ પર પણ આવી મિલકતો મુકવામાં આવે છે. પણ આ વેબસાઈટમાં ૨૦૧૭ પછી એકપણ અધિકારીએ તેની મિલકત જાહેર કરી જ નથી. વર્ષ ૨૦૧૭માં પણ રોશની વિભાગના એક અધિકારીની વિગત જ અપલોડ થઈ છે. રાજ્ય સરકાર દ્વારા વર્ગ ૩ અને ૪ને દર વર્ષને બદલે ૫ વર્ષે મિલકત જાહેર કરવાની છૂટછાટ આપી હતી. પણ બે વર્ષ પહેલા તેમાં ફેરફાર કરીને દર વર્ષે મિલકત જાહેર કરવાનો આદેશ કરાયો હતો. આ આદેશ પછી મહેકમ શાખા દ્વારા દર વર્ષ પરિપત્ર જાહેર કરીને ક્લાસ ૧થી લઈને ૪ સુધીના અધિકારીઓને મિલકત જાહેર કરવાની યાદી અપાય છે. પણ તેનો અમલ કોઈ કરતું નથી. સુત્રોના જણાવ્યા પ્રમાણે, કોર્પોરેશનનાં કોઈપણ અધિકારીએ ૨૦૧૭ પછી પોતાની વ્યક્તિગત કે વારસાગત મિલકત જાહેર કરી નથી. આ મામલે મહેકમ વિભાગના વડા સમીર ધડુકે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, આ તમામ માહિતીનો ડેટા મેન્યુઅલ છે અને હાલ પોલીસ તપાસ સહિત કામગીરી ચાલતી હોવાથી આ માહિતી આપવાનો સમય મળે તેમ નથી.અન્ય અધિકૃત સુત્રોના જણાવ્યા અનુસાર, નિયમાનુસાર દરેક કર્મચારીઓ દર વર્ષે મિલકત જાહેર કરે છે. પણ મહેકમ શાખા તેનું સંકલન કરતી નથી અને માત્ર પોટલા વાળી દેવાય છે. આ કારણે વેબસાઈટ પર આવી મિલકતોની વિગતો અપલોડ થતી નથી. અન્ય કેટલાક કર્મચારીઓ એમ પણ જણાવે છે કે, મિલકતોની આ વિગતમાં વ્યક્તિગત અને વારસાગત મિલકતોની વિગતો પણ આપવાની હોય છે.

### ૧.૫૨ હજાર મતથી જીત્યા વડાપ્રધાન

# પીએમ મોદી સામે કોંગ્રેસના અજય રાયનો પરાજય થયો

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૬,૦૮૨૦૧ વોટ મળ્યા જ્યારે કોંગ્રેસના અજય રાયને ૪,૫૭૭૭૮ વોટ મળ્યા હતા

વારાણસી, તા.૪

વારાણસી લોકસભા સીટ પરથી પીએમ મોદી ત્રીજી વખત સાંસદ બન્યા છે અને ૧,૫૨,૫૧૩ વોટથી જીત મેળવી લીધી હતી.અત્યાર સુધીના ટ્રેન્ડ પ્રમાણે પીએમ મોદી ૬,૦૮૨૦૧ વોટ મળ્યા છે જ્યારે કોંગ્રેસના અજય રાયને ૪,૫૭૭૭૮ વોટ મળ્યા હતા. વારાણસી શિવનું શહેર. બાબા વિશ્વનાથની નગરી બનારસને કાશી પણ કહેવામાં આવે છે. આ વિશ્વના સૌથી જૂના શહેરોમાંનું એક છે. અમેરિકન લેખક માર્ક ટ્વેને વારાણસી વિશે લખ્યું છે કે, 'વારાણસી ઈતિહાસ કરતાં જૂનું છે, પરંપરાઓ કરતાં જૂનું છે અને દંતકથાઓ કરતાં પણ જૂનું છે અને જ્યારે આ બધાને જોડવામાં આવે છે, તો તે સંગ્રહ કરતાં બમણું જૂનું થઈ જાય છે. શિવ-શક્તિના દમ-દમ અને બાબાના બમ-બમના નગર વારાણસીમાં હિન્દુઓના બાબા વિશ્વનાથ રહે છે, જ્યારે આ શહેર મુસ્લિમ કારીગરોના કૌશલ્ય માટે વિશ્વ પ્રસિદ્ધ છે. તે દીવાઓનું શહેર, જ્ઞાનનું શહેર અને બૌદ્ધ અને જૈન ધર્મનું પવિત્ર સ્થળ પણ માનવામાં આવે છે. રાજકારણની વાત કરીએ તો તે છેલ્લા ૧૦ વર્ષથી ભારતીય રાજનીતિનું કેન્દ્રબિંદુ બની ગયું છે. આ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સંસદીય ક્ષેત્ર છે. વારાણસીના રાજકારણથી માત્ર ઉત્તર પ્રદેશ જ નહીં પરંતુ સમગ્ર દેશ પ્રભાવિત છે.નરેન્દ્ર દામોદરદાસ મોદી વારાણસી લોકસભા સીટથી સાંસદ છે. તેઓ અહીંથી સતત બે વખત જીતીને સંસદ પહોંચ્યા હતા. એ સંસદ જ્યાં મોદીએ ૨૦૧૪માં જીત્યા બાદ એ જ સંસદના પગથિયાં પર પહેલીવાર માથું નમાવ્યું હતું. ૨૦૧૪માં નરેન્દ્ર મોદીએ આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલને ૩૭૧,૭૮૪ મતોના જંગી અંતરથી હરાવ્યા હતા. ત્યારબાદ નરેન્દ્ર મોદીને ૫૮૧,૦૨૨ વોટ મળ્યા જ્યારે અરવિંદ કેજરીવાલને ૨૦૯,૨૩૮ વોટ મળ્યા. ત્રીજા સ્થાને રહેલા કોંગ્રેસના ઉમેદવાર અજય રાયને માત્ર ૭૫,૬૧૪ મત મળ્યા હતા. ૨૦૧૯માં નરેન્દ્ર મોદી બીજી વખત સાંસદ બન્યા. આ વખતે તેણે ૨૦૧૪ કરતા મોટી જીત નોંધાવી હતી. પીએમ મોદીએ સપાના શાલિની યાદવને ૪૭૯,૫૦૫ મતોથી હરાવ્યા. નરેન્દ્ર મોદીને ૬૭૪,૬૬૪ વોટ મળ્યા જ્યારે સપાના ઉમેદવારને ૧૯૫,૧૫૯ વોટ મળ્યા જ્યારે ત્રીજા સ્થાને રહેલા કોંગ્રેસના ઉમેદવાર અજય રાયને ૧૫૨,૫૪૮ વોટ મળ્યા. ઠાકુર રઘુનાથ સિંહે વારાણસીના પ્રથમ સાંસદ બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. રઘુનાથ સિંહ ૧૯૫૨માં યોજાયેલી પ્રથમ ચૂંટણીમાં અહીંથી જીત્યા હતા. આ પછી તેઓ ૧૯૫૭ અને ૧૯૬૨માં પણ અહીંથી લોકસભામાં ચૂંટાયા હતા. તેઓ અહીંથી સતત ત્રણ વખત સાંસદ રહ્યા છે. ત્યારબાદ ૧૯૬૭માં ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીના સત્યનારાયણ સિંહ જીત્યા. ૧૯૭૧ની ચૂંટણીમાં કોંગ્રેસના રાજારામ શાસ્ત્રી, ૧૯૭૭માં જનતા પાર્ટીના ચંદ્રશેખર, ૧૯૮૦ અને ૧૯૮૪માં કોંગ્રેસ પાર્ટીના કમલાપતિ ત્રિપાઠી. ૧૯૮૯માં જનતા દળના અનિલ શાસ્ત્રી અહીં સાંસદ બન્યા હતા.

### મત ગણતરી બાદ લોકો હિંસા અંગે ફરિયાદ કરી શકશે

# બંગાળના રાજ્યપાલે ઈમેલ અને હેલ્પલાઈન નંબર જાહેર કર્યો

## રાજ્યપાલે તમામ લોકોને સંયમ રાખવા અને બદમાશો દ્વારા શાંતિ ભંગ અથવા સંભવિત હિંસા અંગેની કોઈપણ માહિતી રાજભવનને જાણ કરવા અપીલ કરી છે

નવી દિલ્હી, તા.૪

લોકસભા ચૂંટણીના પરિણામોની જાહેરાત દરમિયાન સંભવિત હિંસાને ધ્યાનમાં રાખીને બંગાળના રાજ્યપાલે હેલ્પલાઈન નંબર અને ઈમેલ જારી કર્યો છે. પશ્ચિમ બંગાળના રાજ્યપાલ ડૉ.સી.વી. આનંદ બોઝે મતદાન પછીની કોઈપણ હિંસાનો સામનો કરવા માટે એક નવું પોર્ટલ, જન મંચ શરૂ કર્યું. બંગાળનો કોઈપણ પીડિત નાગરિક ઈમેલ દ્વારા સીધો રાજ્યપાલનો સંપર્ક કરી શકે છે: Janmanch.rajbhavankolkata @gmail. com અથવા ટેલિફોન: 033-22001641.રાજ્યપાલે મુશ્કેલીમાં રહેલા લોકોને તાત્કાલિક મદદ પૂરી પાડવા માટે ક્વિક રિસ્પોન્સ ટીમની પણ રચના કરી છે. તેમણે કહ્યું કે જરૂરિયાતમંદ લોકોને રહેવા અને પરિવહનની સુવિધા પણ આપવામાં આવશે. રાજ્યપાલે તમામ લોકોને સંયમ રાખવા અને બદમાશો દ્વારા શાંતિ ભંગ કરવા અથવા સંભવિત હિંસા અંગેની કોઈપણ માહિતી રાજભવનને જાણ કરવા અપીલ કરી છે.પશ્ચિમ બંગાળમાં એનડીએને 26થી 31 બેઠકો મળશે.પશ્ચિમ બંગાળમાં, એક્ઝિટ પોલમાં આગાહી કરવામાં આવી છે કે એનડીએને 46 ટકા વોટ મળશે, ટીએમસીને 40 ટકા વોટ મળશે અને કોંગ્રેસ-ડાબેરીઓને 12 ટકા વોટ મળશે. ઈન્ડિયા ટુડે એક્સિસ માય ઈન્ડિયા એક્ઝિટ પોલ અનુસાર એનડીએને 26થી 31 બેઠકો મળવાની ધારણા છે. ટીએમસીને 11 થી 14 બેઠકો મળવાની ધારણા છે અને ઈન્ડિયા બ્લોકને શૂન્યથી બે બેઠકો મળવાની ધારણા છે.હોટ સીટની વાત કરીએ તો અધીર રંજન ચૌધરી કોંગ્રેસની ટિકિટ પર બહેરામપુર સીટથી મેદાનમાં છે અને પૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણ ટીએમસીની ટિકિટ પર મેદાનમાં છે. આ બેઠક પર ત્રિકોણીય મુકાબલો છે. આ બેઠક પર ભાજપ પણ ચૂંટણી લડી રહ્યો છે. બસીરહાટ લોકસભા મતવિસ્તાર કે જેમાં સંદેશખાલી આવે છે તેના પર પણ સ્પર્ધા કઠીન છે. ઈન્ડિયા ટુડે એક્સિસ માય ઈન્ડિયાના એક્ઝિટ પોલમાં ટીએમસીના ઉમેદવાર હાજી નુરુલ ઈસ્લામના ઉપરી હાથની આગાહી કરવામાં આવી છે.પશ્ચિમ બંગાળમાં લોકસભાની 42 બેઠકો છે. રાજ્યમાં આ બેઠકો પર તમામ સાત તબક્કામાં મતદાન થયું હતું. પશ્ચિમ બંગાળની ત્રણ લોકસભા બેઠકો – કૂચ બિહાર, અલીપુરદ્વાર અને જલપાઈગુડી માટે 19 એપ્રિલે પ્રથમ તબક્કામાં મતદાન થયું હતું. બીજા તબક્કામાં દાર્જિલિંગ, રાયગંજ, બાલુરઘાટ અને માલદા ઉત્તર, માલદા દક્ષિણ, જાંગીપુર, મુર્શિદાબાદ બેઠકો પર 26મી એપ્રિલે અને ત્રીજા તબક્કામાં 7મી મેના રોજ મતદાન થયું હતું.

### ચૂંટણીના પરિણામો ભાજપની અપેક્ષા મુજબ નથી

# બિહારમાં ભાજપ નબળો પડ્યો જ્યારે નીતીશ કુમાર મજબૂત બન્યા

## ભાજપને બહુમતી ન મળે તો નીતીશ સમસ્યા પેદા કરી શકે

પટણા, તા.૪, લોકસભાની ચૂંટણીના પરિણામો કેટલીક જગ્યાએ આશ્ચર્યજનક છે જેમાં બિહારનો સમાવેશ થાય છે. બિહારમાં તેજસ્વી યાદવ ચોંકાવનારા પરિણામોની વાત કરતા હતા. તેજસ્વી યાદવની અપેક્ષા પ્રમાણે તો પરિણામ નથી આવ્યા, પરંતુ સ્થિતિ સુધરી જરૂર છે. તેજસ્વીએ તાજેતરમાં દાવો કર્યો હતો કે ચોથી જૂન પછી નીતીશ કુમાર મોટો ખેલ કરી શકે છે. તેમણે એવા સંકેત આપ્યા હતા કે નીતીશ કુમાર ઈન્ડિયા બ્લોકમાં સામેલ થઈ શકે છે. લોકસભા ચૂંટણીના પરિણામો ભાજપની અપેક્ષા મુજબ નથી જેના કારણે ભાજપને જરૂર નિરાશા થઈ હશે. પરંતુ બિહારમાં ભાજપના સહયોગી દળોને ફાયદો થતો હોય તેવું લાગે છે. સખત ગરમીમાં પણ લોકો વોટિંગ કરવા ગયા હતા જ્યાં હિંદુ, મુસલમાન, પાકિસ્તાન, અનામત, બંધારણ, મંદિર વગેરેના મુદ્દે ભાષણો થયા હતા. આ દરમિયાન એવી વાતો થઈ રહી છે કે ગુલાંટ મારવા માટે જાણીતા નીતીશ કુમાર વધુ એક વખત પોતાના કારનામા દેખાડશે. ઉત્તર પ્રદેશ અને બિહાર માટે એવું કહેવાય છે કે દિલ્હીની ગાદી જોઈતી હોય તો આ બે જગ્યાએથી જવું પડે. બિહાર પોતાનો અલગ એજન્ડા સેટ કરે છે. નીતીશે વિપક્ષી ગઠબંધનનો આધાર બનાવ્યો પરંતુ પછી તેનાથી અલગ થઈ ગયા અને એનડીએ સાથે હાથ મિલાવ્યો હતો. હવે નવી બદલાયેલી સ્થિતિમાં નીતિશ પોતાની વફાદારી ફરીથી બદલી શકે છે.નીતીશ કુમારને પહેલેથી તક જોઈને ગુલાંટ મારનાર ખેલાડી તરીકે ઓળખવામાં આવે છે. ૨૦૧૩માં નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવામાં આવ્યા ત્યારે તેમણે મોદીનો વિરોધ કર્યો અને એનડીએમાંથી નીકળી ગયા હતા. ૨૦૧૭માં તેઓ ફરીથી એનડીએ સાથે જોડાયા પરંતુ ૨૦૨૨માં તેમને આરજેડીમાં વધુ ફાયદો દેખાયો અને આરજેડી સાથે જોડાઈ ગયા. ત્યાર પછી માત્ર ૧૭ મહિનાની અંદર તેઓ ફરીથી એનડીએ સાથે જોડાઈ ગયા. હવે ભાજપ નબળો પડ્યો છે ત્યારે નીતીશને કદાચ તેમની સાથે રહેવામાં પણ ફાયદો દેખાતો નથી. તેના કારણે તેઓ ક્યારે ગુલાંટ મારે તે કહેવાય નહીં. તેજસ્વી યાદવે નીતિશ કુમાર માટે જે વાત કરી હતી તે કદાચ સાબિત થઈ જશે.નીતીશ કુમાર પાસે હવે સત્તાની ચાવી છે એવું કહેવાય છે. હાલમાં આ લખાય છે ત્યારે એનડીએ પાસે ૨૯૬ બેઠકો પર લીડ છે જ્યારે ઈન્ડિયા ગઠબંધન ૨૨૮ બેઠકો પર આગળ છે. અત્યાર સુધીના આંકડા કહે છે કે ભાજપ પોતાની જાતે બહુમતી મેળવી શકે તેમ નથી જે બહુમતી તેને અગાઉની ચૂંટણીમાં મળી હતી. બિહારમાં નીતીશ કુમારનો પક્ષ અત્યારે ૧૫ બેઠકો પર આગળ છે અને ચિરાગ પાસવાનનો પક્ષ પણ સોલિડ સ્થિતિમાં છે. ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી પાંચ લોકસભા બેઠકો પર ચૂંટણી લડી રહી છે.ભાજપ એકલા હાથે બહુમતની નજીક નહીં પહોંચે તો નીતીશ કુમાર અને ચિરાગ પાસવાનની ડિમાન્ડ વધી જાય તેવી શક્યતા છે. નીતીશ અને ચિરાગ પાસવાન હાલમાં એનડીએમાં છે. તેથી ભાજપ એવી પૂરી કોશિશ કરશે કે તેઓ બંને ઈન્ડિયા ગઠબંધન સાથે નહીં જોડાય.

### કેરળમાં ઈતિહાસમાં પ્રથમ વખત કમળ ખીલ્યું

# સુરેશ ગોપીએ થ્રિસુર લોકસભા બેઠક પર મોટી જીત મેળવી છે

## સુરેશ ગોપીનો ૭૫,૦૭૯ મતોના જંગી સરસાઈથી વિજય

થિરૂવનંતપૂરમ, તા.૪

લોકસભા ચૂંટણી ૨૦૧૪ અને ૨૦૧૯માં મોદી લહેર છતાં ભાજપ દક્ષિણના રાજ્યો અને ખાસ કરીને કેરળમાં કોઈ સારૂં પ્રદર્શન નહોતી કરી શકતું પરંતુ હવે દક્ષિણમાં ભાજપ ધીરે-ધીરે પગપેસારો કરી રહ્યું છે. ઈતિહાસમાં પ્રથમ વખત ભાજપે કેરળમાં ખાતું ખોલીને એક બેઠક પોતાના નામે કરી છે. ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અને અભિનેતામાંથી રાજકારણી બનેલા સુરેશ ગોપીએ કેરળની થ્રિસુર લોકસભા બેઠક પર મોટી જીત મેળવી છે. દેશના ઈતિહાસમાં પહેલીવાર કેરળમાં કમળનું ફૂલ ખીલ્યું છે. સુરેશ ગોપીનો ૭૫,૦૭૯ મતોના જંગી સરસાઈથી વિજય થયો છે. તેમને કુલ ૪૦૯૨૩૯ મત મળ્યા હતા. આ વખતે તેમના નજીકના હરીફ સીપીઆઈના વી. એસ. સુનિલ કુમાર હતા જેમને કુલ ૩૩૧૫૩૮ મત મળ્યા અને કોંગ્રેસના મુરલીધરન ૩૨૨૯૯૫ મત સાથે ત્રીજા ક્રમે રહ્યા છે.મહત્ત્વની વાત એ છે કે સુરેશ ગોપી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી હારી ગયા હતા અને અને ફરીથી ૨૦૨૧ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં પણ થ્રિસૂર બેઠક પરથી હાર્યા હતા. જોકે ફરી ભાજપે તેમના પર વિશ્વાસ દર્શાવ્યો હતો અને તેઓ ભાજપ માટે આશાનું કિરણ બનીને ઉભર્યા છે. ઓક્ટોબર ૨૦૧૬માં ભાજપમાં જોડાયાના અમુક મહિનામાં પાર્ટીએ ગોપીને રાજ્યસભા માટે નોમિનેટ કર્યા. ત્યારથી ગોપી કેરળમાં પાર્ટીના સ્ટાર પ્રચારકોમાંના એક છે.ગોપીને મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પહેલો બ્રેક ૧૯૬૫માં આવેલી ફિલ્મ 'ઓડેઈલ નિન્નુ'માં બાળ કલાકાર તરીકે મળ્યો હતો. યુવાનીમાં તેમણે ૧૯૮૬ની ફિલ્મ 'ટીપી બાલાગોપાલન એમ'માં એક નાનકડી ભૂમિકા ભજવીને ધ્યાન ખેંચ્યું અને છેવટે ૧૯૯૦ના દાયકામાં મલયાલમ ઉદ્યોગના એક્શન સ્ટાર્સમાંના એક બન્યા હતા અને હવે એક દિગ્ગજ એક્ટર કમ રાજકીય નેતા બનીને ઉભરી રહ્યાં છે.

### ઓરિસ્સામાં ૨૫ વર્ષથી BJDની સરકાર

# ઓરિસ્સા વિધાનસભા ચૂંટણીમાં પ્રથમવાર ભાજપને બંપર બહુમત

## ઓરિસ્સામાં પ્રથમવાર એવુ બનશે કે અહીં નવિન પટનાયકના ગઢના કાંગરા ખેરવી ભાજપ સત્તા પર આવશે

ભુવનેશ્વર, તા.૪

ઓરિસ્સામાં અત્યાર સુધીના રૂઝાનોને જોતા પ્રથમવાર એવુ બનશે કે અહીં નવિન પટનાયકના ગઢના કાંગરા ખેરવી ભાજપ સત્તા પર આવશે. છેલ્લા ૨૫ વર્ષથી સત્તામાં રહેલી નવિન પટનાયકની બીજેડી આ વખતની વિધાનસભા ચૂંટણીમાં ભાજપથી પાછળ ચાલી રહી છે અને ભાજપ ૮૦ બેઠકો સાથે આગળ છે. ઓરિસ્સાની ૧૪૭ વિધાનસભા બેઠકો પર મતગણતરી ચાલી રહી છે. જેમા શરૂઆતથી જ ભાજપ બહમતી સાથે આગળ વધતી દેખાઈ રહી છે. ચૂંટણી પંચના તાજા આંકડા જણાવી રહ્યા છે કે ભાજપ ૭૯ બેઠક પર આગળ ચાલી રહી છે. ઓડિસામાં ભાજપ સરકાર બનાવવાની એકદમ નજીક પહોંચી ગઈ છે. ૨૪ વર્ષથી સતત એકચક્રી શાસન ભોગવી રહેલી બીજેડી બાદ પ્રથમવાર ભાજપ અહીં સત્તા મેળવવા જઈ રહી છે. હાલ જે રૂઝાન સામે આવ્યા છે. તેમાં બીજુ જનતા દળ ૪૮ બેઠકો સાથે બીજા સ્થાન પર બનેલી છે. જ્યારે કોંગ્રેસ ૧૫ સીટ પર અને માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી (માકપા) સીટ પર આગળ છે. જ્યારે બે સીટ પર અપક્ષ ઉમેદવાર આગળ છે.ઓરિસ્સાના નવિન પટનાયકના અનેક મંત્રીઓ પણ પાછળ ચાલી રહ્યા છે. ગત ચૂંટણીના આંકડા પર નજર કરીએ તો ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં મ્નãઢને ૧૪૭માંથી ૧૧૭ બેઠકો પર જીત મળી હતી. જ્યારે ભાજપને ૨૩ સીટ અને કોંગ્રેસને ૯, CPI(M)ને ૧ અને અપક્ષને ૧ બેઠક મળી હતી. જ્યારે મુખ્યમંત્રી નવિન પટનાયક છેલ્લા ૨૪ વર્ષથી સીએમ છે. આ વખતે ભાજપ ૭૯ બેઠક પર આગળ છે અને જીતના આંકડાની એકદમ નજીક છે. ઓરિસ્સામાં પ્રથમવાર ભાજપ સરકાર બનાવવા જઈ રહી છે. અહી ભાજપ ક્યારેય સત્તામાં રહી જ નથી. ઓડિસામાં વિધાનસભા ચૂંટણીમાં બીજેડીએ નવિન પટનાયક ચૂંટણી લડી રહ્યા છે. ઓડિસામાં વિધાનસભાની ૧૪૭ અને લોકસભાની કુલ ૨૪ સીટો છે. વિધાનસભા અને લોકસભાની ચૂંટણી ૧૩ મે થી ૧ જૂન સુધીમાં ચાર ચરણોમાં થયા હતા. વિધાનસભા ચૂંટણીમાં બીજેડીના નવિન પટનાયક ચૂંટણી મેદાનમાં હતા તો ભાજપે પીએમ મોદીના ચહેરા પર ચૂંટણી લડી હતી.

### કોંગ્રેસના ઉમેદવાર વિક્રમાદિત્યને હરાવ્યા

# હિમાચલ પ્રદેશની મંડીથી કંગના રનૌતે ચૂંટણી જીતી

નવી દિલ્હી, તા.૪

બોલિવૂડ કવીન કંગના રનૌતના ફેન્સ માટે મોટા સમાચાર છે. હિમાચલ પ્રદેશની મંડીથી કંગના રનૌત ચૂંટણી જીતી ચૂકી છે. તેણે કોંગ્રેસના ઉમેદવાર વિક્રમાદિત્યને હરાવીને મોટી જીત હાંસલ કરી છે. કંગનાની આ જીતથી રાજકીય વર્તુળમાં જશ્નનો માહોલ છે. બીજી તરફ, બોલિવૂડના ફેન્સ માટે આ માઠા સમાચાર છે. કહેવામાં આવી રહ્યું છે કે, રાજકારણમાં આવતા કંગના હવે બોલિવૂડ છોડી દેશે. આ હિન્ટ પહેલાં જ કંગના રનૌત આપી ચૂકી છે.ઉલ્લેખનીય છે કે, એક ઈન્ટરવ્યૂમાં કંગનાને પૂછવામાં આવ્યું હતું કે, મંડીથી જીત હાંસલ કર્યા બાદ શું તે બોલિવૂડને અલવિદા કહેશે? આના પર કંગનાએ સીધો જવાબ આપ્યો 'હા'. તેણે ફિલ્મી દુનિયાને જૂઠી અને ફેક ગણાવી હતી. તેણે કહ્યું હતું કે,- આ ફિલ્મી દુનિયા ખૂબ જૂઠી અને નકલી છે. અહીંના લોકો નકલી અને સ્વાર્થી છે. અહીં અલગ માહોલ બનાવવામાં આવે છે. લોકોને આકર્ષિત કરવા માટે બહારથી ચમકદાર દેખાડવામાં આવે છે, પરંતુ તે અંદરથી ફેક છે અને આ તેનું સત્ય છે.એટલું જ નહીં, બોલિવૂડ ઈન્ડસ્ટ્રી છોડ્યા બાદ કંગના રનૌતે પોતાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. તેણે કહ્યું કે, રાજકારણમાં આવતા તે બેસ્ટ રૅનો એવોર્ડ પણ જીતશે. જો મને આ એવોર્ડ મળે તો હું ખૂબ ખુશ થઈશ. ઉલ્લેખનીય છે કે, કંગના રનૌત ૭૧ હજાર વોટની સાથે ચૂંટણી જીતી ચૂકી છે. એવામાં અટકળોએ જોર પકડ્યું છે કે, હવે તે બોલિવૂડમાં કામ કરશે નહીં.જો અટકળો સાચી સાબિત થાય છે તો કંગનાની ઘણી ફિલ્મો અટકી પડશે. આવું એટલા માટે કે, કંગના પાસે અત્યારે ૩-૪ ફિલ્મો છે. આ લિસ્ટમાં ઈમર્જન્સી અને સીતા-ધ ઈનકાર્નેશન જેવી ફિલ્મોના નામ સામેલ છે. કંગના ઈમર્જન્સી ફિલ્મમાં પૂર્વ પીએમ ઈન્દિરા ગાંધીની ભૂમિકામાં જોવા મળશે.

### આ લડાઈ બંધારણને બચાવવા માટેની હતી : રાહુલ ગાંધી

# કૉંગ્રેસ પ્રમુખ ખડગેએ કહ્યું આ મોદીની નૈતિક હાર છે

### સરકાર બનાવવા અંગે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું, અમે અમારા ગઠબંધનના સહયોગીઓને કાલે મળીશું, પછી નિર્ણય લઈશું

નવી દિલ્હી, તા.૪

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સરકાર બનાવવાને લઈને રાહુલે કહ્યું કે અમે આવતીકાલે ગઠબંધન સહયોગીઓને મળવા જઈ રહ્યાં છીએ અને આવતીકાલે નિર્ણય કરીશું. વધુમાં રાહુલ ગાંધીએ કહ્યું કે આ લડાઈ બંધારણને બચાવવા માટેની હતી. તેમણે અમારા બેંક એકાઉન્ટ સીઝ કર્યા છે. પાર્ટીઓ તોડી, ત્યારે મારા મગજમાં હતું કે હિન્દુસ્તાનના લોકો એક થઈને લડશે. લોકોએ બંધારણને બચાવવાનું પહેલું અને સૌથી મોટું પગલું લીધું છે.રાહુલ ગાંધીએ જણાવ્યું કે આ ચૂંટણી ઈન્ડિયા ગઠબંધન અને કૉંગ્રેસ પાર્ટી એક પાર્ટીની વિરુદ્ધ લડી નથી. અમે સંસ્થાઓની વિરુદ્ધ લડ્યા છીએ. દરેક સંસ્થાઓ અમારી વિરુદ્ધ હતી. રાહુલે કહ્યું કે અમે આ ચૂંટણી લોકશાહી સંસ્થાઓની વિરુદ્ધ લડ્યા કારણ કે તે તમામ પર મોદી સરકારે કબજો કરી લીધો હતો. આ લડાઈ બંધારણને બચાવવાની હતી. કૉંગ્રેસ પ્રમુખ ખડગેએ કહ્યું આ મોદીની નૈતિક હાર છે. તેઓ દરેક જગ્યાએ પોતાના નામ પર વોટ માંગતા હતા. અમે પ્રતિકળ માહોલમાં ચૂંટણી લડી. અમારા બેંકના ખાતાઓને સીલ કરવામાં આવ્યા હતા. નેતાઓને જેલમાં નાંખવામાં આવ્યા. તેમણે કહ્યું કે શરૂઆતથી લઈને અંત સુધીનું કૉંગ્રેસ પાર્ટીનું કેમ્પેન સકારાત્મક હતું. અમે મોંઘવારી, રોજગારી જેવા મુદ્દાઓ પર ચૂંટણી લડી. તેમણે વધુમાં કહ્યું કે જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેમ્પેન કર્યું હતું, તેને લાંબા સમય સુધી યાદ રાખવામાં આવશે. ખડગેએ કહ્યું રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા અને ન્યાય યાત્રા સફળ રહી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન લોકોની વચ્ચે જુઠ્ઠાણું ચલાવ્યું હતું.ચૂંટણી પરિણામ બાદ રાહુલ ગાંધી કરી પહેલી પ્રેસ કોન્ફરન્સ કરી જતે જ સમયે, કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે ભારત ગઠબંધન આ ચૂંટણી માત્ર ભાજપ વિરુદ્ધ જ નહીં પરંતુ ED અને CBI જેવી સંસ્થાઓ સામે પણ લડ્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે આ લડાઈ બંધારણને બચાવવાની છે.જ્યારે તેઓએ અમારું બેંક એકાઉન્ટ ફ્રીઝ કર્યું. પક્ષો તોડી નાખ્યા. બે મુખ્યમંત્રીઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા. કૉંગ્રેસ પાર્ટીના તમામ નેતાઓએ તમામ ગઠબંધન ભાગીદારોનું સન્માન કર્યું. કૉંગ્રેસ પાર્ટીએ ભારતને એક નવું વિઝન આપ્યું છે. આ સાથે સરકાર બનાવવાને લઈને સવાલ ઉઠતા રાહુલ ગાંધીએ કહ્યું કે આવતીકાલે આ અંગે ઈન્ડિયા ગઠબંધનની બેઠક યોજાવાની જેમાં તે અંગેના નિર્ણયો લેવામાં આવશે ત્યારે રાહુલ ગાંધીના આ સરકાર બનાવવા પર કાલની બેઠક બાદ સ્પષ્ટ થઈ શકશે.રાહુલ ગાંધીએ આ સવાલના જવાબમાં કહ્યું કે અમે અમારા ગઠબંધનના પાર્ટનરનું ઘણું સમ્માન કરીએ છે ત્યારે આ અંગે અમે પ્રેસ કોન્ફરન્સમાં આ રીતે તમને કઈ કહી શકતા નથી આ માટે INDIA ગઠબંધનની આવતીકાલે બેઠક યોજાવા જઈ રહી છે ત્યારે તે અંગેનો નિર્ણય અમે કાલની મીટિંગ બાદ જ જણાવી શકીશું. દરમિયાનમાં, ૧૯ એપ્રિલથી શરૂ થયેલી ૧૮મી લોકસભાની ચૂંટણીઓ માટે સાત કોઠા સમાન સાત તબક્કાની ચૂંટણી પૂર્ણ થઈ છે અને હવે સૌની નજર પરિણામ પર ટકેલી છે. દરેક તબક્કામાં સરેરાશ ૬૦ ટકાની આસપાસ મતદાન થયું છે. જોકે બંગાળમાં સૌથી વધારે ૭૦ ટકાની ઉપર મતદાન થયું છે. કુલ ૫૪૩ બેઠકો માટે ૮,૦૦૦ કરતા વધુ ઉમેદવારો મેદાનમાં હતા. ૯૭ કરોડ મતદારોમાંથી અંદાજે ૩૨ કરોડ મતદારો મતદાનથી દૂર રહ્યાં છે અને ૬૦થી ૬૨ કરોડ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો છે

### આ વખતે કૉંગ્રેસ બનાવશે સરકાર?

# કૉંગ્રેસના નેતા સોનિયા ગાંધીએ ઘડયો માસ્ટર પ્લાન

### પરિણામો બાદ કૉંગ્રેસે બિહાર, આંધ્ર પ્રદેશ અને શિવસેના-એનસીપીનો સંપર્ક કરવાનું શરૂ કરી દીધું છે

નવી દિલ્હી, તા.૪

લોકસભા ચૂંટણીના પરિણામો ખૂબ જ રસપ્રદ બની રહ્યા છે. અત્યાર સુધીના વલણોમાં ભાજપ બહુમતીથી ભારે દૂર હોવાનું દેખાઈ રહ્યું છે. આ સ્થિતિમાં સ્વાભાવિક રીતે જ કૉંગ્રેસ સક્રિય થઈ ગઈ છે. અહેવાલો પ્રમાણે સોનિયા ગાંધીના નજીકના કોંગી નેતાઓ કે.સી. વેણુગોપલ NDAના સાથી પક્ષના નેતાઓનો સંપર્ક કરી લીધો છે. આ નેતાઓમાં JDUના નીતિશ કુમાર અને TDPના એન.ચંદ્રાબાબુ નાયડુ પણ સામેલ છે. એવું કહેવાય છે કે, ટીડીપીને I.N.D.I.A. ગઠબંધનમાં સામેલ કરવા વેણુગોપાલે ચંદ્રાબાબુના પુત્ર લોકેશ નાયડુ સાથે પણ વાત કરી છે. અત્યાર સુધીના વલણો પ્રમાણે ભાજપને ૨૪૨ અને એનડીએને કુલ ૩૦૦ જેટલી બેઠક મળી રહી છે. આ સ્થિતિમાં આગામી સરકાર રચવામાં ગઠબંધનના સાથી પક્ષોની ભૂમિકા અત્યંત મહત્ત્વની સાબિત થશે. બિહારની ૪૦ લોકસભા બેઠક પૈકી ૧૫ પર જેડીયુ જીત તરફ છે, તો ભાજપને ૧૨ અને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ને પાંચ બેઠક મળી શકે છે. એવી જ રીતે, આંધ્ર પ્રદેશની ૨૫ લોકસભા બેઠક પૈકી ૧૬ પર ટીડીપી જીત તરફ છે, જ્યારે વાયએસઆરપીને ચાર બેઠક અને ભાજપને ત્રણ બેઠક મળી શકે એમ છે. મહારાષ્ટ્રમાં પણ ભાજપ-કૉંગ્રેસ વચ્ચે ગળાકાપ હરીફાઈ છે કારણ કે, અહીંની ૪૮ લોકસભા બેઠક પૈકી ભાજપ ૧૨ અને કૉંગ્રેસ ૧૧ બેઠક પર આગળ છે, તો શિવસેના (ઉદ્ધવ જૂથ) પણ નવ અને એનસીપી (શરદ પવાર) પણ સાત બેઠક પર આગળ છે. જો આ વલણો આખરી ચૂંટણી પરિણામોમાં તબદિલ થશે તો કૉંગ્રેસ માટે પણ અન્ય પક્ષોની મદદથી સરકાર રચવાની તક મળશે. આ જ કારણસર કૉંગ્રેસે બિહાર, આંધ્ર પ્રદેશ અને શિવસેના-એનસીપીનો સંપર્ક કરવાનું શરૂ કરી દીધું છે. વળી, આ પક્ષો વિપક્ષી ગઠબંધનનો હિસ્સો પણ રહી ચૂક્યા છે. આ સંજોગોમાં આગામી સરકાર કોણ અને કેવી રીતે બનાવશે તે જોવું રસપ્રદ બની રહેશે

### કૉંગ્રેસના નેતા સોનલ પટેલ સામે ચૂંટણી લડી હતી

# ગાંધીનગર બેઠક પર અમિત શાહની ૭ લાખની લીડથી થઈ વિક્રમી જીત

### અમિત શાહ બીજી વખત અહીંથી ચૂંટણી લડી હતી

ગાંધીનગર, તા.૪

ગુજરાતની ગાંધીનગર બેઠક ૩૫ વર્ષથી ભાજપ પાસે છે. અમિત શાહ પહેલા આ સીટ ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની હતી. આ બેઠક ભાજપની ખૂબ જ સુરક્ષિત બેઠક માનવામાં આવે છે. અડવાણી આ સીટ પરથી ૬ વખત ચૂંટણી જીત્યા છે. આ પછી ૨૦૧૯માં ભાજપે આ સીટ પરથી અમિત શાહને મેદાનમાં ઉતાર્યા હતા. અમિત શાહ બીજી વખત અહીંથી ચૂંટણી લડી હતી. આ વખતે લોકસભા ચૂંટણીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો મુકાબલો કૉંગ્રેસની સોનલ પટેલ સાથે થયો હતો. અંતે અમિત શાહે મોટી જીત મેળવી છે.કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહ જાહેર જીવનમાં ૪૦ વર્ષથી સક્રીય છે. અમિત શાહે પોલીંગ બુથ એજન્ટથી લઈ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સુધીની જવાબદારી નિભાવી છે.જુલાઈ ૨૦૧૪ માં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદની જવાબદારી અમિત શાહને સોંપાઈ હતી. ૨૦૨૦ સુધી તેઓએ રાષ્ટ્રીય અધ્યક્ષ રહ્યા હતા. ૧૯૮૨માં એબીવીપી ગુજરાતના સહમંત્રી બન્યા હતા. ૧૯૮૪માં અમદાવાદના નારાણપુરામાં પોલીંગ બુથની જવાબદારી નિભાવવાથી રાજકારણમાં આગળ વધવાની શરુઆત કરી હતી.૧૯૮૦માં તેઓ આરએસએસમાં જોડાયા હતા. વર્ષ ૧૯૯૭માં સરખેજ બેઠક પરથી વિધાનસભાની ચૂંટણી લડી ધારાસભ્ય બન્યા હતા. ૨૦૧૯માં ગાંધીનગર બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડીને સાંસદ તરીકે ચૂંટાયા હતા. વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૦ સુધી ગુજરાતના ગૃહ રાજ્યપ્રધાન રહ્યા હતા. ગુજરાત ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ પદે પણ અમિત શાહ રહી ચુક્યા છે.તમને જણાવી દઈએ કે, લોકસભા ચૂંટણીના પરિણામો આજે જાહેર થઈ રહ્યા છે. સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ ચુકી છે. દેશમાં સાત તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી. પ્રથમ તબક્કા માટે ૧૯ એપ્રિલે મતદાન થયું હતું. ૧ જૂનના રોજ છેલ્લા તબક્કાનું મતદાન થયું હતું. આ વખતે ચૂંટણીમાં મુકાબલો ભાજપની આગેવાની હેઠળના ગઠબંધન એનડીએ અને ૨૫થી વધુ પક્ષોના ગઠબંધન ભારત વચ્ચે છે.

### ક્ષત્રિયોનો પ્રચંડ વિરોધ પણ રૂપાલાના વિજયરથને રોકી ન શક્યો

# રાજકોટથી ભાજપના પરશોત્તમ રૂપાલાની જંગી લીડથી જીત

### રાજ્યભરમાં રૂપાલા સામે વિરોધ શરૂ થયો હતો અને ભાજપ સામે રાજકોટથી ઉમેદવાર બદલવા માટે દબાણ કરવામાં આવ્યુ હતું

રાજકોટ, તા.૪

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ગુજરાતની સૌથી વધુ હોટ સ્પોટ અને ચર્ચાસ્પદ બેઠક રાજકોટથી આખરે ભાજપના પરશોત્તમ રૂપાલાની ૪ લાખથી વધુ મતોથી જીત થઈ છે. ગુજરાતની ૨૬ બેઠકો પૈકી રાજકોટ બેઠક આ વખતે સૌથી વધુ વિવાદમાં અને ચર્ચામાં રહી હતી. પરશોત્તમ રૂપાલાના એક કાર્યક્રમ દરમિયાન ક્ષત્રિયો વિશે કરેલા એક નિવેદન બાદ વિવાદ છેડાયો અને ક્ષત્રિયો નારાજ થઈ ગયા હતા. જે બાદ સમગ્ર રાજ્યમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિનું નિર્માણ થયુ હતુ. રાજ્યભરમાં રૂપાલા સામે વિરોધ શરૂ થયો હતો અને ભાજપ સામે રાજકોટથી ઉમેદવાર બદલવા માટે દબાણ કરવામાં આવ્યુ હતુ.

જો કે ભાજપે એકના બે ન થતા રાજકોટથી ઉમેદવાર બદલ્યા ન હતા. ત્યારે ક્ષત્રિય સંકલન સમિતિએ ભાજપ વિરોધી મતદાન કરવાનું મન બનાવ્યુ હતુ. આ તમામ ઘટનાક્રમ વચ્ચે રૂપાલા ૪ લાખથી વધુ લીડથી આગળ રહ્યા છે. રૂપાલાને ૭,૮૭,૬૬૦ મતોથી આગળ છે. જ્યારે કૉંગ્રેસના પરેશ ધાનાણીને ૩૩૫૦૬૯ મત મળ્યા છે.

રાજકોટ બેઠક પરથી પરશોત્તમ રૂપાલા પ્રથમવાર લોકસભા ચૂંટણી લડ્યા છે. આ અગાઉ તેઓ ક્યારેય લોકસભાની ચૂંટણી લડ્યા નથી. તેઓ રાજ્યસભાના સાંસદ રહી ચુક્યા છે અને મત્સ્ય અને પશુપાલન મંત્રાલય સંભાળી રહ્યા છે. આ અગાઉ તેઓ અમરેલીથી ધારાસભ્ય પણ રહી ચુક્યા છે.

આ ચૂંટણીમાં પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય-રાજપૂત સમાજના પ્રચંડ વિરોધને જોતા કૉંગ્રેસ ભારે આત્મવિશ્વાસમાં આવી ગઈ હતી અને જીતને લઈને ઘણી આશ્વસ્ત જણાતી હતી. કૉંગ્રેસે પહેલેથી જ રાજકોટ બેઠક પરથી પરેશ ધાનાણીને ઉમેદવાર જાહેર કર્યા હતા. જો કે પરેશ ધાનાણીએ ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી હતી. પરંતુ ક્ષત્રિયોના વિવાદ બાદ તેઓ રૂપાલા સામે ચૂંટણી લડવા તૈયાર થઈ ગયા હતા. ક્ષત્રિયોએ પણ કૉંગ્રેસના ઉમેદવારને સમર્થન આપવાનુ નક્કી કર્યુ હતુ. પરંતુ એ વિરોધ રૂપાલાની જીતના વિજયરથને રોકી શક્યો નથી. છેલ્લી બે ટર્મની વાત કરીએ તો ભાજપે અહીંથી મોહન કુંડારિયાને ટિકિટ આપી હતી.

આ વખતે ભાજપે મોહન કુંડારિયાનું પત્તુ કાપી રૂપાલાને ટિકિટ આપી હતી. રાજકોટમાં ક્ષત્રિયોના વિરોધ પાછળ ભાજપનો જ આંતરિક જૂથવાદ પણ કામ કરતો હોવાનુ સામે આવ્યુ હતુ.

### બનાસની બેને કૉંગ્રેસની લાજ રાખી!

# ૧૦ વર્ષ પછી કૉંગ્રેસનું ખાતું ખૂલ્યું, બનાસકાંઠામાં ગેનીબેનની જીત

### ગેનીબેન ઠાકોરે જંગી જીત સાથે કૉંગ્રેસને સંન્યાસમાંથી મુક્તિ અપાવી : ૨૦ હજારથી વધુની મત સાથે જીત મેળવી

બનાસકાંઠા, તા.૪

કોંગ્રેસનો ગુજરાતની લોકસભામાં આખરે સંઘર્ષ ઓછો થયો છે. બનાસની બેન ગેનીબેન ઠાકોરે જંગી જીત સાથે કૉંગ્રેસને સંન્યાસમાંથી મુક્તિ અપાવી છે. બનાસકાંઠાની બેઠક પર કૉંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરનો ભવ્ય વિજય થયો છે. આ સાથેજ ગુજરાતમાં ક્લીન સ્વીપનું ભાજપનું સપનું રોળાયું છે. લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસને એકમાત્ર બેઠક પર જીત મળી છે, અને આ જીત ગેનીબેન ઠાકોરે અપાવી છે. ગેનીબેને ભાજપનું હેટ્રિકનું સપનું તોડ્યું છે. ગુજરાતમાં બનાસકાંઠામાં કૉંગ્રેસે ખાતુ ખોલ્યું. કૉંગ્રેસના બનાસકાંઠાનાઉમેદવાર ગેનીબેન ઠાકોર ૨૦ હજારથી વધુની મત સાથે જીત મેળવી લીધી છે.બનાસકાંઠાની જીત બાદ ગેનીબેન ઠાકોર ભાવુક થઈ ગયા હતા. તેમણે કહ્યું કે, બનાસકાંઠાની મતદારો, જનતાનો આભાર માનું છું, જનતાએ અમને જે આર્શીવાદ આપ્યા છે, બનાસકાંઠાના વોટર્સે પોતાનુ કામ પૂરુ કર્યું. હવે પરિણામ બાદ વિધિવત રીતે ફરી પ્રેસ કોન્ફરન્સ કરીશ, પરંતુ જે જીત અપાવી તેને માટે જનતાનો આભાર. સમગ્ર ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનવા જઈ રહી છે, તેમાં બનાસકાંઠાનો પણ સહભાગી બનશે, તેથી તમારા સૌનો આભાર. બનાસકાંઠાની જનતાનો આભાર. બનાસની જનતાએ જે મામેરું મેં માંગ્યુ હતું, તે મામેરૂઁ ભર્યું તે બદલ જનતાનો આભાર. અહીંની જનતાએ મને વોટ અને નોટ આપ્યા છે, તેથી હું જીવું અને જાગું ત્યા સુધી બનાસકાંઠાના મતદારોનો ઋણ ઉતારી શકું તેમ નથી. પ્રયત્ન કરીશ કે આ ઋણ ઉતારી શકું. બનાસકાંઠા બેઠક પરથી આ વખતે કૉંગ્રેસે મજબૂત ઉમેદવાર ગેનીબેન ઠાકોરને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે ભાજપે રેખાબેન ચૌધરીને ટિકિટ આપી. રેખાબેન એ શિક્ષિત મહિલા ઉમેદવાર હોવા ઉપરાંત બનાસ ડેરીના સ્થાપક સ્વ. ગલબાભાઈ પટેલના પૌત્રી પણ છે. જો કે ગેનીબેન પણ સામે મજબૂત મહિલા નેતા હતા. એક ફાયરબ્રાન્ડ નેતા તરીકે તેમની ઈમેજ છે અને ૨૦૧૭થી વાવ વિધાનસભા બેઠકથી ધારાસભ્ય છે. આ વખતે આ બેઠક માટે બહુ રસાકસી રહી શકે છે તેવી વાતો થતી હતી. ગેનીબેન ઠાકોર પાસેથી કૉંગ્રેસને સારી એવી અપેક્ષાઓ હતી. અને ગેનીબેન ઠાકોર આ અપેક્ષા પર ખરા ઉતર્યા છે

ઉલ્લેખનીય છે કે ૨૦૧૯ની લોકસભા બેઠકના પરિણામ વિશે વાત કરીએ તો ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક ભાજપના પરબતભાઈ પટેલે જીતી હતી. આ લોકસભા બેઠક હેઠળ વાવ, થરાદ, ધાનેરા, દાંતા, પાલનપુર, ડીસા, દિયોદર વિધાનસભા બેઠકો આવે છે.

### અમદાવાદ પશ્ચિમ બેઠક પર ૧૯૮૯થી ભાજપનો ઉદય થયો

# અમદાવાદ પૂર્વ બેઠક પર હસમુખ પટેલ વિજયી બન્યા

### ૨૦૨૪માં ગુજરાતની ૨૬ બેઠકોમાંથી ૨૫માં બહુમતી સાથે જીત હાંસલ કરવામાં સફળ રહ્યો છે

અમદાવાદ, તા.૪

અમદાવાદ પૂર્વ બેઠકમાં હસમુખ પટેલ બહુમતી સાથે જીત્યા છે. તેમણે કૉંગ્રેસના હિમંતસિંહ પટેલને ૪૫૮૯૪૯ મતોથી માત આપી છે. ગુજરાતે ભાજપનો ગઢ જાળવ્યો છે. ભાજપ લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ગુજરાતની ૨૬ બેઠકોમાંથી ૨૫માં બહુમતી સાથે જીત હાંસલ કરવામાં સફળ રહ્યો છે. જેમાં સુરતમાં તો ચૂંટણી લડ્યા વિના જ જીત મેળવી લીધી હતી. અમદાવાદ પૂર્વની આ બેઠક પરથી ભાજપ છેલ્લા ૩૫ વર્ષથી જીતતો રહ્યો છે.અમદાવાદ પૂર્વ લોકસભા બેઠકમાં મોટા ભાગે ગ્રામ્ય વિસ્તારો તેમજ અમદાવાદ જિલ્લાનો સમાવેશ થાય છે. આ બેઠક વટવા, નિકોલ, નરોડા, ઠક્કરબાપા નગર, બાપુનગર, દહેગામ તથા ગાંધીનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારને આવરી લે છે. અમદાવાદ પશ્ચિમથી એકદમ અલગ પ્રકારની બેઠક એટલે અમદાવાદ પૂર્વ. અહીં દેશના અનેક રાજ્યોમાંથી આવેલા વસે છે. આ બેઠકમાં ઉત્તર ભારતીયો તેમજ સૌરાષ્ટ્ર તથા હીરાના વેપારીઓનો બહોળો વર્ગ છે. એક જમાનામાં અહીં કાપડની મિલો ધમધમતી હતી. અહીં તમામ જ્ઞાતિ, ધર્મ અને ભાષાના લોકો આ વિસ્તારમાં રહે છે.અમદાવાદ પશ્ચિમ બેઠક પર ૧૯૮૯થી ભાજપનો ઉદય થયો. ૨૦૦૯ના વર્ષ પહેલા અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ મળીને એક જ બેઠક હતી. બીજી ગાંધીનગરની બેઠક હતી. ૧૯૮૯માં ભાજપમાંથી હરિન પાઠક અમદાવાદની બેઠક પરથી ચૂંટણી જીત્યા હતા. તેઓ ૨૦૦૯ સુધીમાં કુલ ૬ વખત થયેલી ચૂંટણીમાં સતત જીતતા આવ્યા હતા. ૨૦૦૯માં અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ એમ લોકસભાની બે બેઠકો થઈ હતી. પશ્ચિમની બેઠક એસસી માટે અનામત છે. આથી ૨૦૦૯ની અમદાવાદ પૂર્વની બેઠક પરથી હરિન પાઠક ચૂંટણી લડીને જીત્યા હતા. એ પહેલા આ બેઠક પરથી કૉંગ્રેસે કુલ ચાર વખત ચૂંટણી જીતી હતી, જેમાં હરુભાઈ મહેતા, અહેસાન જાફરી, મગન બારોટ અને ઈન્દુલાલ યાજ્ઞિકનો સમાવેશ થાય છે. આ દરમિયાન ૧૯૮૪માં ભાજપના અશોક ભટ્ટ લોકસભાની ચૂંટણી હારી ગયા હતા, પરંતુ ૧૯૮૯થી લઈને ૨૦૧૪ સુધી ભાજપ આ બેઠક પર ક્યારેય ચૂંટણી હાર્યો નથી.

# વિનોદ ચાવડાએ ૨.૪૦ લાખની સરસાઈથી જીત હાંસલ કરી

કચ્છ, તા.૪

લોકસભા ચૂંટણી ૨૦૨૪નું આજે ૪ જૂનના રોજ પરિણામો જાહેર થઈ ગયા છે. ગુજરાત લોકસભા કચ્છની બેઠક પર ફરી કમળ ખીલ્યું છે. આ વખતે ભાજપે વિનોદ ચાવડાને ત્રીજી વખત રિપીટ કર્યા હતા. છેલ્લા ૧૦ વર્ષોની વાત કરીએ તો ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડા સતત ૨ ટર્મથી જીતતા આવ્યા છે. અને આ વખતે પણ તેમણે કચ્છની લોકસભા બેઠક પર શાનદાર જીત મેળવી છે.

ગુજરાતની લોકસભા બેઠકોમાં વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટી ગણાતી કચ્છ લોકસભા બેઠક ૧૯૯૬થી ભાજપનો ગઢ રહી છે. આજે એટલે કે ૦૪ જુન ૨૦૨૪ના રોજ લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થયા છે. જેમાં વિનોદ ચાવડાએ ૨.૪૦ લાખની સરસાઈથી જીત હાંસલ કરી છે.

કચ્છ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાને ૫,૭૨,૪૮૮ ટોટલ મત મળ્યા છે. જ્યારે વિપક્ષ ઉમેદવાર નીતેશ લાલનને ૩,૩૩,૪૬૦ મત મળ્યા છે. વિનોદ ચાવડાએ ૨.૪૦ લાખના માર્જિનથી જીત મેળવી છે.

લોકસભાની ગુજરાતની ૨૬ બેઠકો પૈકી કચ્છ બેઠક વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટી છે અને ક્રમ પ્રમાણે પણ પહેલી છે. આ બેઠક લગભગ અઢી દાયકા જેટલા સમયથી ભાજપનો ગઢ રહી છે. લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર થઈ તે પહેલા ભાજપ અને કૉંગ્રેસે આ બેઠક પર ઉમેદવાર જાહેર કરી દીધા હતા. ભાજપે કચ્છ બેઠક પરથી વિનોદ ચાવડાને રિપીટ કર્યા હતા, જ્યારે કૉંગ્રેસે નવો ચહેરા ગણાતા યુવા નેતા નીતિશ લાલનને ટિકિટ આપી હતી. આ બેઠક પરથી વિનોદ ચાવડા છેલ્લાં બે ટર્મથી સાંસદ તરીકે ચૂંટાતા આવ્યા હતા, અને ફરી ભાજપે તેમના પર ત્રીજી વખત વિશ્વાસ મુક્યો હતો.

કચ્છમાં પહેલી વખત વર્ષ ૧૯૫૨માં લોકસભા સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનાં ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા સાંસદ તરીકે ચૂંટાયા હતાં. ગુજરાતમાં ૨૬ પૈકી કચ્છની બેઠક આમ તો વર્ષ ૧૯૯૬થી ભાજપના જ કબજામાં છે. છેલ્લી ત્રણ ચૂંટણીમાં નજર કરીએ તો કચ્છ લોકસભા બેઠક પર વર્ષ ૨૦૦૯માં પૂનમબેન જાટ ચૂંટાયા હતા. લોકસભા ૨૦૧૪ની ચૂંટણીમાં કૉંગ્રેસના દિનેશ પરમાર ભાજપના વિનોદ ચાવડા સામે હરી ગયા હતા. ૨૦૧૯માં ફરી ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાનો વિજય થયો હતો. ૨૦૧૯માં કૉંગ્રેસના ઉમેદવાર નરેશ મહેશ્વરીની હાર થઈ હતી.

### કૉંગ્રેસ ઉમેદવાર જે પી મારવિયાને હરાવી ભગવો લહેરાવ્યો

# જામનગર બેઠક પર પૂનમ માડમે જીતની હેટ્રીક લગાવી

### પૂનમ માડમને ૬,૧૭,૮૦૪ મતો મળ્યા છે જ્યારે કૉંગ્રેસ ઉમેદવાર જેપી મારવીયાને ૩,૮૦,૮૫૪ મતો મળ્યા છે

જામનગર, તા.૪

લોકસભા ચૂંટણીનું પરિણામા જાહેર થઈ રહ્યું છે ત્યારે ગુજરાતની જામનગર બેઠક પર પૂનમ માડમે જીતની હેટ્રિક લગાવી છે તમને જણાવી દઈએ કે પૂનમ માડમને ૬,૧૭,૮૦૪ મતો મળ્યા છે જ્યારે કૉંગ્રેસ ઉમેદવાર જેપી મારવીયાને ૩,૮૦,૮૫૪ મતો મળ્યા છે. આ સાથે પૂનમ માડમને ૨,૩૬, ૯૯૦ મતોની લીડ મળી છે.

ક્ષત્રિય આંદોલનની અસર જામનગરમાં પણ જોવા મળી હતી તે બધાની આગળની નીકળી ભાજપનો ભગવો લહેરાયો છે ત્યારે ભાજપે પૂનમ માંડમ પર ફરી એકવાર વિશ્વાસ મુકીને ટિકીટ આપી હતી ત્યારે આ વખતી જીતની હેટ્રિક નોંધાવતા ભાજપે ફરી જામનગર લોકસભા સીટ પોતાને નામ કરી છે.

જામનગરની બેઠક પર અગાઉ પણ ૨૦૧૯ અને ૨૦૧૪માં પૂનમ માડમ લડી ચૂક્યા છે ત્યારે તે વખતના મતોની વાત કરીએ તો ૨૦૧૪માં પૂનમ માડમને ૪,૮૪,૪૧૨ મતો મળ્યા હતા આ સાથે ૨૦૧૯માં ૫,૯૧,૫૮૮ મતો મળ્યા હતા ત્યારે આ વખતે પણ જીતની હેટ્રીક લગાવતા પૂનમ માડમ ૬,૧૭,૮૦૪ મતો સાથે ભગવો લહેરાવ્યો છે.

ભાજપે જ્યારે તેમના ઉમેદવારોની યાદી બહાર પાડી તેમાં ગુજરાતના ૧૫ ઉમેદવારો હતા અને જેમાં જામનગર બેઠક પરથી પૂનમ માડમનું નામ પણ હતું. સતત ત્રીજી ટર્મ માટે ભાજપે પૂનમ માડમની લોકસભાની ઉમેદવારી માટે પસંદગી કરી. જાણકારો કહે છે કે ‘પર્ફોર્મન્સ, લોકસંપર્ક અને વોટબેંક પર પકડ’ આ ત્રણ કારણોસર ભાજપે ફરી તેમને તક આપી છે. કેટલાક જાણકારો એમ પણ કહે છે કે કૉર્પોરેટ ગૃહો સાથેનો તેમનો ઘરોબો પણ વધુ એક કારણ છે તેમની પસંદગી થવાનું.

### ગુજરાતની પેટાચૂંટણીમાં ભગવો લહેરાયો

# વિધાનસભાની પાંચેય બેઠકો ભાજપે કબજે કરી, કૉંગ્રેસની હાર

### પાંચેય બેઠક ખંભાત, વાઘોડિયા, પોરબંદર, માણાવદર અને વિજાપુર બેઠક પર ભાજપનો વિજય થયો છે

ગાંધીનગર, તા.૪

ભાજપે વિધાનસભા પેટાચૂંટણીમાં જીતનો સ્વાદ ચાખ્યો છે. ગત વિધાનસભામાં જે પાંચ બેઠકો પર ભાજપે હારનો સામનો કરવો પડ્યો હતો, તેને ભાજપે હાંસિલ કરી લીધી છે. લોકસભાની ચૂંટણી સાથે યોજાયેલી ગુજરાત વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીના પરિણામ આવી ગયા છે. આ તમામ બેઠકો પર ભાજપ જંગી જીત સાથે આગળ છે. ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણી ખંભાત, વાઘોડિયા, પોરબંદર, માણાવદર અને વિજાપુર બેઠક પર યોજાઈ હતી તે પાંચેય બેઠકોના પરિણામો પણ આવી ગયા છે, અને તમામ બેઠકો ભાજપના ફાળે ગઈ છે. પાંચેય પેટાચૂંટણીની બેઠકોમાં કૉંગ્રેસને કારમો પરાજય મળ્યો છે. પાંચેય ખંભાત, વાઘોડિયા, પોરબંદર, માણાવદર અને વિજાપુર બેઠક પર ભાજપનો વિજય થયો છે.

૧.વિજાપુર બેઠક
ભાજપ - સીજે ચાવડાની જીત
કૉંગ્રેસ - દિનેશ પટેલની હાર

૨.પોરબંદર બેઠક
ભાજપ - અર્જુન મોઢવાડિયાની જીત
કૉંગ્રેસ - રાજુ ઓડેદરાની હાર

૩.માણાવદર બેઠક
ભાજપ - અરવિંદ લાડાણીની જીત
કૉંગ્રેસ - હરિભાઈ કણસાગરાની હાર

૪.ખંભાત બેઠક
ભાજપ - ચિરાગ પટેલની જીત
કૉંગ્રેસ - મહેન્દ્રસિંહ પરમારની હાર

૫.વાઘોડિયા બેઠક
ભાજપ - ધર્મેન્દ્રસિંહ વાઘેલાની જીત
કૉંગ્રેસ - કનુભાઈ ગોહિલની હાર

### પ્રમુખ સી.આર.પાટીલ પ્રેસ કોન્ફરન્સમાં બોલ્યા

# અમારા કમનસીબે ૧૫ સીટ પર ૫ લાખની લીડનો ટાર્ગેટ અધુરો રહ્યો

### બનાસકાંઠાના મતદારોની નારાજગી હશે એટલે અમે જીતી શક્યા નથી : ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલાં જ ભાજપે ૨૬ બેઠકો પર પાંચ લાખ મતની લીડથી જીતવાનો ટાર્ગેટ રાખ્યો હતો. ભાજપના દરેક પેજ પ્રમુખને આ ટાર્ગેટ માટે તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ રાજકોટમાં રૂપાલાના નિવેદન બાદ શરૂ થયેલા ક્ષત્રિય આંદોલનને કારણે મતદાન ઓછું થયું હોવાની ચર્ચાઓ શરૂ થઈ હતી. હવે ચૂંટણીનું પરિણામ આવી ગયું છે. જેમાં આ વખતે ગુજરાતમાં ભાજપની હેટ્રિક અટકી છે. બનાસકાંઠા બેઠક પર ગેનીબેન ઠાકોરે જીત મેળવતાં ભાજપની ક્લિન સ્વીપ અને ક્ષત્રિય આંદોલનને કારણે પાંચ લાખની લીડનો ટાર્ગેટ તૂટી ગયો છે.

પરિણામોના છેલ્લા રાઉન્ડ સમયે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું હતું કે, ૪ બેઠક પર ૫ લાખથી વધુની લીડ મળી છે. ૨ બેઠક ૭ લાખની લીડથી જીત્યા છીએ. કમનસીબે અમે ગુજરાતમાં તમામ સીટ જીતી શક્યા નહીં. અમે ૨૪ સીટ બહુમતીથી જીત્યા છીએ. ઓછા માર્જિનથી માત્ર એક જ સીટ જીત્યા છીએ. બનાસકાંઠાના મતદારોની નારાજગી હશે એટલે અમે જીતી શક્યા નથી.તમામનો આભાર. આજે મત ગણતરી પૂરી થયા બાદ ૨૬ સીટનું પરિણામ આપની સામે છે. આ પહેલા પણ બંને વખત ૨૬ સીટ ભાજપ જીતી હતી. આ લોકસભામાં ૨૬ સીટ જીતવાનો સંકલ્પ કર્યો હતો પણ ક્યાંક મતદાતાની નારાજગી હશે, અમારાથી કંઈ ભુલ થઈ હશે એટલે ફક્ત ૩૧ હજાર મતથી અમે એક સીટ હાર્યા છીએ. દેશમાં અને ભાજપના ઈતિહાસમાં સુરત સીટ બિન હરીફ થઈ છે. ૧ સીટ ગુમાવ્યાનો અફસોસ છે અને ૨૪ સીટ જીતવાનો આનંદ છે.સી.આર.પાટીલે લીડ ઓછી આવવા અંગે જણાવ્યું કે, અમારો ટાર્ગેટ ૧૪-૧૫ સીટ પર ૫ લાખની લીડ આવે એ ઓછો પડ્યો છે. અમારી ભૂલ શોધી એને સુધારવાનો પ્રયત્ન કરીશું. જ્યારે નીતિશ કુમારને ઈન્ડીયા ગઠબંધને ડેપ્યુટી પીએમ બનવાની ઓફર અંગે કહ્યું કે, અમે ગુજરાતમાં રાજકારણ કરીએ છીએ. કોણ શું ઓફર કરે એ ખબર નથી. ઘણાં લોકોએ ઘણી પાર્ટીનો સંપર્ક કર્યો છે. એકલા એ તો કંઈ નહીં કરી શકે. નીતિશ કુમાર બહુ સિનિયર છે. ત્યાંના રાજકારણ વિશે કોમેન્ટ નથી કરવી પણ એટલું ચોક્કસ કહીશ કે મોદીની સરકાર બનશે. મતદારોને જે રીતે પ્રધાનમંત્રી અને ગૃહ મંત્રી એ જે રીતે જોડી રાખ્યા એના કારણે જ ગત વખત જેટલા જ મત મેળવીને જીતી શક્યા છીએ. ૪ સીટ ૫ લાખ મત કરતાં વધારે જીત્યા છીએ. ૩ લાખ ઉપર ૬ સીટ, ૨ લાખ ઉપર ૬ સીટ જીત્યા છીએ. સાબરકાંઠા સીટ ઓછી લીડથી જીત્યા છીએ. ગુજરાતના વિકાસનું પ્રતિબિંબ આ જીત છે. અમારી ભુલને સમજીને દૂર કરવાની ખાતરી આપીએ છીએ.

# અમરેલી શહેરનાં જાહેર માર્ગો ઉપર સ્વચ્છતા અભિયાન યોજાયું



સરકારનાં નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત અમરેલી શહેરમાં તા. ૧/૬/૨૪ થી ૧૫/૬/૨૪ સુધી શહેરમાં આવેલ એન્ટ્રી ગેટ, હેરીટેઝ બિલ્ડીંગ, સ્ટેચ્યુ પાર્ક ગાર્ડન, બ્રીજ, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ટેકસી સ્ટેન્ડ, જાહેર રસ્તા, ધાર્મિક સ્થળો, ટુરિસ્ટ પેલેસ, શાકભાજી માર્કેટ, મોલ, સરકારી રહેણાંકો, પબ્લિક ટોઈલેટ, સ્લમ વિસ્તાર વિગેરે સ્થળો પર સાફ–સફાઈ અભિયાન તેમજ કેમ્પેનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ ખા સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરની સંસ્થાઓ તેમજ શહેરીજનો સ્વયંભુ જોડાઈને સરકારના સ્વચ્છતા અભિયાનને સાકાર કરવા અમરેલી નગરપાલિકાને સહયોગ આપવા જાહેર અપીલ કરવામાં આવેલ હતી. સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક ડ્રાઈવ પણ યોજવામાં આવશે. જાહેર જનતાએ પોતાનો કચરો જાહેરમાં ફેંકવાના બદલે પોતાના ઘરે કે દુકાને કચરા પેટી રાખી કચરો ડોર ટુ ડોર કચરા વાહનમાં જ કચરો નાખી સ્વચ્છતા અભિયાનને સાર્થક બનાવવા સહયોગ આપવા જણાવાયું છે.

### ડો. બાબાસાહેબ આંબેડકર યુવા ગૃપ દ્વારા

## લીલીયામોટા ખાતે જુનાગઢનાં દલિત યુવકને માર મારવાનાં બનાવને લઈને આવેદન પાઠવાયું

### મુખ્ય આરોપીની અટકાયત કરવા માંગ કરાઈ



લીલીયા મોટા, તા. ૪

ડોકટર બાબાસાહેબ આંબેડકર યુવા ગૃપ લીલીયા તાલુકા દ્વારા લીલીયા મામલતદાર મારફત ગુજરાત રાજયના રાજયપાલ, મુખ્યમંત્રી, ગૃહ રાજય મંત્રી વગેરેને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જૂનાગઢઅનુસૂચિતજાતિસમાજ પ્રમુખ રાજુભાઈ સોલંકીના પુત્ર સંજયભાઈ સોલંકીને ગણેશ જાડેજા તથા તેના મળતીયાઓ દ્વારા ૩૦ તારીખે જૂનાગઢ નીઅંદરથીફિલ્મીઢબેઅપરણ કર્યુંતથા સંજય સોલંકીને ગોંડલ લઈ જવામાં આવ્યા, ઢોર માર મારી નિર્વસ્ત્ર વિડીયો ઉતાર્યોઅનેએવિડિયોવાયરલ કરવાની ધમકી આપી એના અનુસંધાને આજે છ દિવસ જેવો સમય થઈ ગયો છે તો પણ હાલ સુધી તેના ઉપર કલમો જેવી કે આઈપીસી કલમ–૧૨૦બી ગુચ્છી ટોક હેઠળ કલમ ઉમેરવાની હોય એ પણ હજુ ઉમેરાણી નથી, ધરપકડ પણ થઈ નથી અને સરકારની મીટ્ટી નજર હેઠળ, અધિકારીઓની મીટ્ટી નજર હેઠળ ગણેશ જાડેજાને કોણ છાવરે છે તથા ધરપકડથી બચવા કોણ મદદ કરે છે તેના બાબતમાં તથા તાત્કાલિક ધોરણે ગણેશ જાડેજાની ધરપકડ થાય અને કડકમાં કડક કાર્યવાહી થાય તથા ફાસ્ટ્રેક કોર્ટમાં કેસની ટ્રાયલ ચાલે તેવી માંગણી સાથે લીલીયા મામલતદારને ડોકટર બાબાસાહેબ આંબેડકર યુવા ગૃપ લીલીયા તાલુકા દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૫૨ |
| ૨ | મગ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૩ | ચણા | ૧૦૫૧ | ૧૨૯૯ |
| ૪ | જુવાર સફેદ | ૭૫૦ | ૮૨૬ |
| ૫ | મગફળી | ૮૮૦ | ૯૦૦ |
| ૬ | એરંડા | ૮૦૦ | ૧૦૩૦ |
| ૭ | તલ સફેદ | ૨૪૦૧ | ૨૬૧૩ |
| ૮ | મકાઈ | ૩૫૦ | ૩૫૦ |
| ૯ | બાજરો | ૪૭૧ | ૪૭૧ |
| ૧૦ | ધાણા | ૧૧૦૨ | ૧૨૦૧ |
| ૧૧ | જીરૂ | ૫૨૬૦ | ૫૩૦૦ |
| ૧૨ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૧૮૩ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૨૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૫૫૧ | ૧૭૮૬ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૨૫ | ૧૫૮૨ |
| ૫ | તલ સફેદ | ૧૪૫૦ | ૩૦૫૦ |
| ૬ | તલ કાળા | ૨૨૭૫ | ૩૨૫૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૦૦૦ | ૩૦૮૬ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૪૪૩ |
| ૯ | જુવાર | ૪૫૦ | ૪૫૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૬ | ૫૬૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૫૩ |
| ૧૨ | મકાઈ | ૫૩૫ | ૫૬૭ |
| ૧૩ | મગ | ૧૨૮૦ | ૧૬૫૭ |
| ૧૪ | અડદ | ૧૭૯૨ | ૧૭૯૨ |
| ૧૫ | ચણા | ૯૨૫ | ૧૩૧૬ |
| ૧૬ | તુવેર | ૧૧૭૫ | ૨૨૨૦ |
| ૧૭ | કપાસ | ૯૬૪ | ૧૪૮૦ |
| ૧૮ | એરંડા | ૧૦૧૦ | ૧૦૮૧ |
| ૧૯ | જીરૂ | ૧૮૦૦ | ૫૩૯૫ |
| ૨૦ | ગમ ગુવાર | ૯૬૮ | ૯૬૮ |
| ૨૧ | ધાણા | ૧૧૦૦ | ૧૩૫૫ |
| ૨૨ | અજમા | ૧૫૨૫ | ૨૧૦૦ |
| ૨૩ | સોયાબીન | ૫૭૦ | ૮૮૧ |
| ૨૪ | મરચાલાંબા | ૮૯૦ | ૧૮૦૦ |
| ૨૫ | વરીયાળી | ૧૦૯૦ | ૧૬૦૦ |
| ૨૬ | સુવાદાણા | ૧૬૩૦ | ૧૬૩૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૦૫ | ૧૪૬૫ |
| ૨ | મગફળી | ૧૦૮૦ | ૧૧૦૦ |
| ૩ | ચણા | ૧૧૬૦ | ૧૩૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## એક સમયે પપ્પુનુ બિરૂદ પામેલ

સહિત અનેક દિગ્ગજોને પપ્પુ બનાવીને જબ્બરો બદલો લીધો છે.

કોંગી નેતા ભાજપની વિરાટ શકિત સામે અભિમન્યુની જેમ લડયા, સાંસદ પદ ગુમાવ્યુંરહેણાંકમકાન ગુમાવ્યું, દોઢ ડઝન જેટલી કેસનો સામનો કર્યો છતાં પણ તેઓ રસના મસ ના થયા પરિવાર ઉપર ચારે દિશામાંથી હુમલા થયા છતાં ભારત જોડો અને ભારત જોડો ન્યાય યાત્રા કાઢીને ભાજપનો મકકમતાથી સામનો કર્યો અને કોંગ્રેસ પક્ષની બેઠક પણ ૧૦૦ સુધી પહોંચાડી દીધી.

વાયનાડ અને રાયબરેલી બેઠક ઉપર સાડા ત્રણ થી ચાર લાખ મતોની લીડ થી તો વિજેતા થયા પણ વર્ષ ૨૦૧૯માં તેમને પરાજિત કરનાર સ્મૃતિ ઈરાનીને તેમના પીએના હાથે પરાજયનો સ્વાદ ચખાડીને સ્મૃતિ ઈરાનીનાં ઘમંડને તોડી પાડયુ અને રાજકારણ શું કહેવાય તે ટીવી અભિનેત્રીને શીખવાડી દીધુ.

પાના ૮ ઉપરનું ચાલું

## એક દાયકા બાદ ગઠબંધન સરકારનો યુગ

ઉત્તર પ્રદેશમાં ભાજપના નેતાઓની મનમાની જનતા સહન કરી શકી ન હતી, જેના કારણે ભાજપ સંપૂર્ણ બહુમતીથી ૩૨ ડગલાં દૂર રહી.
આ હાર માટે ઘણા કારણો જવાબદાર માનવામાં આવી રહ્યા છે, મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દાઓ ભાજપના મફત રાશન અને ભાષણ પર ભારે પડ્યા.. ટિકિટ કાપવાની ફોર્મ્યુલા અને કોંગ્રેસમાંથી આવેલા નેતાઓને તાત્કાલિક ટિકિટ આપવાનો નિર્ણય પણ ભાજપને નડ્યો. આ સિવાય ’અબ કી બાર, ૪૦૦ પાર "ના નારાએ મધ્યમ વર્ગને બૂથથી દૂર કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી.

મોટાભાગની જગ્યાઓ પર ભાજપના મુખ્ય મતદારોને પણ નરેન્દ્ર મોદી મોટી જીત માટે પૂરતા છે તેવો વધુ પડતો વિશ્વાસ હતો. પાંચ તબક્કાની ચૂંટણી પછી ઘણા વિસ્તારોમાં સાંસદ સામે લોકોનો ગુસ્સો પણ સામે આવ્યો હતો.

ભારતની ૫૪૩ બેઠક વાળી લોકસભામાં બહુમતી મેળવવા માટે ૨૭૨ના આંકડાને પાર કરવો જરૂરી છે. જો કે, અત્યાર સુધી ભારતીય જનતા પાર્ટી સહિત કોઈપણ પક્ષ આનાથી ઘણો પાછળ જોવા મળી રહ્યો છે. જોકે ભાજપના નેતૃત્વમાં એનડીએ પણ આંકડો પાર કરી ગયો છે. એવા ઘણા રાજ્યો છે જ્યાં એનડીએ ક્લીન સ્વીપ કરીને વિપક્ષ સામે એકતરફી જીત હાંસલ કરવાની તૈયારી કરી રહ્યું છે.

NDA મધ્ય પ્રદેશમાં તમામ ૨૯ બેઠકો જીતી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. તો આ સાથે જ અરુણાચલ પ્રદેશની ૨ બેઠક, ત્રિપુરાની ૨ બેઠક, હિમાચલ પ્રદેશની ૪ બેઠક, ઉત્તરાખંડની ૫ બેઠક અને રાજધાની દિલ્હીની ૭ બેઠકો પર ભાજપ આગળ છે. આ બધાને એકસાથે મૂકીને, ભાજપ ૫ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશની ૪૯ બેઠકો પર એકતરફી જીત નોંધાવવાની તૈયારી કરી રહ્યું છે.

લોકસભાની સાથે ઓડિશા વિધાનસભાની ૧૪૭ બેઠકો માટે પણ મતગણતરી ચાલી રહી છે. એવી શક્યતાઓ છે કે ભાજપ પ્રથમ વખત રાજ્યમાં બહુમતી સાથે સરકાર બનાવે છે. ECIના આંકડા અનુસાર, ભાજપ ૭૫ સીટો પર આગળ છે. તે જ સમયે, સત્તારૂઢ બીજુ જનતા દળ ૫૪ બેઠકો સાથે બીજા સ્થાને છે. કોંગ્રેસ અત્યાર સુધી ૧૬ સીટો પર આગળ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૧૨૦૦ | ૧૩૧૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૩ | શીંગ નવી | ૧૧૦૦ | ૧૨૭૧ |
| ૪ | શીંગ દાણા | ૧૪૦૦ | ૧૯૫૧ |
| ૫ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૧૨ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૩૨૦૦ |
| ૭ | જીરૂ | ૩૮૦૦ | ૫૫૦૦ |
| ૮ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૨ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૬ |
| ૧૧ | બાજરો | ૩૭૦ | ૪૭૧ |
| ૧૨ | જુવાર | ૪૫૦ | ૮૮૭ |
| ૧૩ | મગ | ૧૫૦૦ | ૧૬૨૧ |
| ૧૪ | મેથી | ૯૭૫ | ૧૧૦૦ |
| ૧૫ | ચણા | ૧૨૦૦ | ૧૩૨૦ |
| ૧૬ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૭ | તુવેર | ૧૬૫૦ | ૨૦૫૦ |
| ૧૮ | અડદ | ૧૭૦૦ | ૧૯૫૦ |
| ૧૯ | રાય/રાયડો | ૧૧૨૯ | – |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૨૧ | સોયાબીન | ૮૨૫ | ૮૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનો

૧,૩૨૦,૯૯, મહુવા વિધાનસભા મત વિસ્તારમાંથી ૯૮૫, ૧૦૧, ગારિયાધાર વિધાનસભા મત વિસ્તારમાંથી ૮૦૭, પોસ્ટલ મતદાનમાં ૫૭ મત મળ્યા હતા જયારે કુલ ૭,૫૪૩ મત મળ્યા હતા.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર જેનીબેન ઠુંમરને ૯૪–ધારી–બગસરા–ખાંભા વિધાનસભા મત વિસ્તારમાંથી ૩૩,૭૩૬, ૯૫, અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભા મત વિસ્તારમાંથી ૪૯,૩૫૩, ૯૬, લાઠી–બાબરા વિધાનસભા મત વિસ્તારમાંથી ૩૬,૬૦૭,૯૭, સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મત વિસ્તારમાંથી ૩૭,૮૬૪, ૯૮, રાજુલા–જાફરાબાદ વિધાનસભા મત વિસ્તારમાંથી ૩૪,૨૩૨,૯૯, મહુવા વિધાનસભા મત વિસ્તારમાંથી ૩૩,૦૮૯, ૧૦૧, ગારિયાધાર વિધાનસભા મત વિસ્તારમાંથી ૩૩,૩૫૦, પોસ્ટલ મતદાનમાં ૧,૫૭૩ અને કુલ ૨,૫૯,૮૦૪ મત મળ્યા હતા.

ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ભરતભાઈ મનુભાઈ સુતરિયાને ૯૪–ધારી–બગસરા–ખાંભા વિધાનસભા મત વિસ્તારમાંથી ૬૪,૧૭૧, ૯૫, અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભા મત વિસ્તારમાંથી ૮૪,૩૭૭, ૯૬, લાઠી–બાબરા વિધાનસભા મત વિસ્તારમાંથી ૭૩,૧૬૬,૯૭, સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મત વિસ્તારમાંથી ૭૬,૨૦૧, ૯૮, રાજુલા–જાફરાબાદ વિધાનસભા મત વિસ્તારમાંથી ૧,૦૪,૦૧૪,૯૯, મહુવા વિધાનસભા મત વિસ્તારમાંથી ૧,૦૫,૯૩૨, ૧૦૧–ગારિયાધાર વિધાનસભા મત વિસ્તારમાંથી ૬૯,૯૫૯, પોસ્ટલ મતદાનમાં ૩,૦૫૨ અને કુલ ૫,૮૦,૮૭૨ મત મળ્યા હતા.

ગ્લોબલ રિપબ્લિકન પાર્ટીના વિક્રમભાઈ સાંખટને ૯૪–ધારી–બગસરા–ખાંભા વિધાનસભા મત વિસ્તારમાંથી ૬૦૫, ૯૫–અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભા મત વિસ્તારમાંથી ૪૮૬, ૯૬–લાઠી–બાબરા વિધાનસભા મત વિસ્તારમાંથી ૫૫૬, ૯૭–સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મત વિસ્તારમાંથી ૫૮૫, ૯૮–રાજુલા–જાફરાબાદ વિધાનસભા મતવિસ્તારમાંથી ૧,૨૫૨, ૯૯–મહુવા વિધાનસભા મત વિસ્તારમાંથી ૮૯૧, ૧૦૧–ગારિયાધાર વિધાનસભા મત વિસ્તારમાંથી ૫૮૩, પોસ્ટલ મતદાનમાં ૫૧ અને કુલ ૫,૦૦૯ મત મળ્યા હતા.

અપક્ષ ઉમેદવાર પ્રિતેષભાઈ ચૌહાણને ૯૪–ધારી–બગસરા–ખાંભા વિધાનસભા મત વિસ્તારમાંથી ૨૧૦, ૯૫–અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભા મત વિસ્તારમાંથી ૧૮૦, ૯૬–લાઠી–બાબરા વિધાનસભા મત વિસ્તારમાંથી ૨૦૬, ૯૭–સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મત વિસ્તારમાંથી ૨૨૨, ૯૮–રાજુલા–જાફરાબાદ વિધાનસભા મત વિસ્તારમાંથી ૩૧૯, ૯૯–મહુવા વિધાનસભા મત વિસ્તારમાંથી ૩૩૭, ૧૦૧–ગારિયાધાર વિધાનસભા મત વિસ્તારમાંથી ૨૮૫, પોસ્ટલ મતદાનમાં ૨૧ અને કુલ ૧,૭૮૦ મત મળ્યા હતા.

અપક્ષ ઉમેદવાર પૂંજાભાઈ બાવભાઈ દાફડાને ૯૪–ધારી–બગસરા–ખાંભા વિધાનસભા મત વિસ્તારમાંથી ૪૭૧, ૯૫–અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભા મત વિસ્તારમાંથી ૨૧૫, ૯૬–લાઠી–બાબરા વિધાનસભા મત વિસ્તારમાંથી ૨૭૦, ૯૭–સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મત વિસ્તારમાંથી ૩૭૦, ૯૮–રાજુલા–જાફરાબાદ વિધાનસભા મત વિસ્તારમાંથી ૬૨૧, ૯૯–મહુવા વિધાનસભા મત વિસ્તારમાંથી ૩૭૫, ૧૦૧–ગારિયાધાર વિધાનસભા મતવિસ્તારમાંથી ૨૭૬, પોસ્ટલ મતદાનમાં ૨૩ અને કુલ ૨,૬૨૧ મત મળ્યા હતા.

અપક્ષ ઉમેદવાર બાવકુભાઈ અમરૂભાઈ વાળાને ૯૪–ધારી–બગસરા–ખાંભા વિધાનસભા મત વિસ્તારમાંથી ૫૬૬, ૯૫–અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભા મત વિસ્તારમાંથી ૪૨૬, ૯૬–લાઠી–બાબરા વિધાનસભા મત વિસ્તારમાંથી ૪૭૩, ૯૭–સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મત વિસ્તારમાંથી ૫૩૩, ૯૮–રાજુલા– જાફરાબાદ વિધાનસભા મત વિસ્તારમાંથી ૬૫૪, ૯૯–મહુવા વિધાનસભા મત વિસ્તારમાંથી ૬૨૫, ૧૦૧–ગારિયાધાર વિધાનસભા મત વિસ્તારમાંથી ૪૫૬, પોસ્ટલ મતદાનમાં ૪૪ અને કુલ ૩,૭૭૭ મત મળ્યા હતા.

અપક્ષ ઉમેદવાર ભાવેશભાઈ જયંતિભાઈ રાંકને ૯૪–ધારી–બગસરા–ખાંભા વિધાનસભા મત વિસ્તારમાંથી ૪૨૦, ૯૫–અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભા મત વિસ્તારમાંથી ૪૫૧, ૯૬–લાઠી–બાબરા વિધાનસભા મત વિસ્તારમાંથી ૩૮૪, ૯૭–સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મત વિસ્તારમાંથી ૪૯૯, ૯૮–રાજુલા–જાફરાબાદ વિધાનસભા મત વિસ્તારમાંથી ૭૨૭, ૯૯–મહુવા વિધાનસભા મત વિસ્તારમાંથી ૬૭૦, ૧૦૧–ગારિયાધાર વિધાનસભા મત વિસ્તારમાંથી ૫૧૨, પોસ્ટલ મતદાનમાં ૦૮ અને કુલ ૩,૬૭૧ મત મળ્યા હતા.

સમગ્ર મત ગણતરી પ્રક્રિયાના અંતે ૮,૭૭,૦૯૪ મત મળ્યા હતા. નોટા ના વિકલ્પ પર ૧૧,૩૪૯ મત નોંધાયા હતા. પોસ્ટલ બેલેટથી ૫,૭૨૧ મતદાન થયું હતું તે પૈકી પોસ્ટલ બેલેટમાં ૨૨૪ મત નોટા ના વિકલ્પ પર નોંધાયા હતા, પોસ્ટલ બેલેટના ૬૬૮ મત ગેરમાન્ય ઠર્યા છે.


**સંકુલ ધો. ૬ થી ૧૨ – બન્ને મિડીયમ ગર્લ્સ પ્રવેશ**

* ★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર • સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ઈતિહાસ ભૂગોળ
* ★ કોમર્સ – સાયંસ બન્ને મિડીયમ – GM બાયોલોજી મેથ્સ – EM બાયોલોજી
* ★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
* ★ ધો. ૧૧–૧૨ સાયંસ – JEE - NEET - GUJCET ડેઈલી નિઃશુલ્ક ક્લાસ
* ★ ધો. ૧૦–૧૨ બોર્ડ A1 - A2 ગ્રેડ ને ધો.૧૧–૧૨ 50% / 25% સ્કૂલ ફી માફ / પરત
* ★ KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ – Since - 1997 – વ્યાજબી ફીજ

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
Ad 040


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૮૪ |
| ૨ | ચણા | ૧૧૧૫ | ૧૨૭૬ |
| ૩ | ધણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૦૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૪૮૦ |
| ૬ | ચોળી | ૦૫૦ | ૯૫૦ |
| ૭ | મેથી | ૧૩૦૪ | ૧૧૦૪ |
| ૮ | તલ સફેદ | ૧૪૧૦ | ૨૪૯૧ |
| ૯ | શીંગફાડા | ૧૩૨૫ | ૧૪૫૦ |
| ૧૦ | સોયાબીન | ૮૩૧ | ૮૫૦ |
| ૧૧ | મગ | ૧૫૬૨ | ૧૫૭૨ |
| ૧૨ | તુવેર | ૧૯૩૦ | ૧૯૭૦ |
| ૧૩ | મગફળી | ૯૭૨ | ૧૦૧૨ |
| ૧૪ | અડદ | ૧૮૪૮ | ૧૮૮૦ |
| ૧૫ | જુવાર | ૪૦૦ | ૪૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૨૦ | ૧૧૨૭ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૧ | ૨૭૧૭ |
| ૩ | કપાસ | ૯૫૦ | ૧૪૫૧ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૫૧૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૨૫ |
| ૬ | જુવાર | ૫૦૧ | ૯૦૦ |
| ૭ | મકાઈ | ૪૭૦ | ૫૨૬ |
| ૮ | મગ | ૧૪૬૨ | ૧૫૫૪ |
| ૯ | મેથી | ૧૦૫૧ | ૧૨૫૦ |
| ૧૦ | અડદ | ૧૭૮૨ | ૧૮૦૦ |
| ૧૧ | ચણા | ૧૧૧૧ | ૧૨૮૬ |
| ૧૨ | એરંડી | ૯૬૬ | ૯૬૬ |
| ૧૩ | સોયાબીન | ૮૫૧ | ૮૫૧ |
| ૧૪ | રચકો | ૪૧૦૦ | ૪૧૦૦ |

### ૧૫ રાઉન્ડ બાદ એકાએક બાજી પલટાઈ હતી

# પાટણ લોકસભા બેઠક પર ભરતસિંહ ડાભીની જીત

**ભાજપના ભરતસિંહજને ૫૮૨૯૭૨ મત મળ્યા છે, આ સાથે જ કોંગ્રેસ ઉમેદવારને ૫૫૩૭૧૫ મત મળ્યા**

પાટણ, તા.૪

પાટણ લોકસભા બેઠક પર કોંગ્રેસ ઉમેદવાર ચંદનજી ઠાકોરના સમર્થનમાં રાહુલ ગાંધીએ પણ પ્રચાર કર્યો હતો. આ બેઠક પર કરિણસિંહ ઠાકોર સહિત અનેક ભાજપના કાર્યકર્તાઓ કોંગ્રેસમાં પણ જોડાયા હતા. ચૂંટણી પહેલા ભાજપમાં મોટું ગાબડું પડ્યું હતું. પરંતુ છેલ્લા સમયે બાજી પલટાઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે ચંદનજી ઠાકોરે ચૂંટણી પ્રચાર સમયે પોતાની પાઘડી ઉતારીને લોકો પાસેથી તેમના મત માંગ્યા હતા. આ રીતનો અનોખો પ્રચાર પણ તેમને જીત અપાવી શક્યો નથી.

પાટણ લોકસભા બેઠક પર ભાજપ ભરતસિંહ ડાભીની જીત થઈ છે. તમને જણાવી દઈએ કે પ્રથમ ૧૫ રાઉન્ડ સુધી કોંગ્રેસના ચંદનજી ઠાકોર આગળ રહ્યા હતા. ૧૫ રાઉન્ડ બાદ એકાએક બાજી પલટાઈ હતી અને ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભીએ બાજી મારી હતી. મત ગણતરીના અંતિમ ચરણમાં ભરતસિંહ ડાભી ૩૦ હજાર થી વધુ મતોથી આગળ દોડી ગયા હતા. જેના કારણે નિરુત્સાહ કાર્યકરોમાં ફરી પ્રાણ ફૂંકાયા હતા અને ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ છવાયો હતો. ભરતસિંહ ડાભી પરિવાર જનોએ આનંદ વ્યક્ત કર્યો અને જનતાનો આભાર માન્યો હતો.અત્રે જણાવવાનું કે પાટણ એ અતિ મહત્વની બેઠકમાં ગણતરી થાય છે કારણ કે આ બેઠક પર પહેલેથી જ ઠાકોર અને દેસાઈ સમાજનું પ્રભુત્વ રહ્યું છે. જો કે આ વખતે ભાજપે કોઈ જોખમ ન લેતા વર્તમાન ધારાસભ્ય ભરતસિંહ ડાભીને જ મેદાનમાં ઉતાર્યા. તેઓ અગાઉ ખેરાલુ બેઠક પરથી ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. ભરતસિંહ બીએ એલએલબી સુધી ભણ્યા છે. ૬૮ વર્ષના ભરતસિંહ ડાભીને આ વખતે બીજીવાર તક મળી. આ પહેલા તેઓ ૨૦૦૭, ૨૦૧૨ અને ૨૦૧૭માં સળંગ ત્રણવાર વિધાનસભા ચૂંટણી જીતી ચૂક્યા છે. ભાજપે પહેલીવાર ૨૦૧૯માં કોંગ્રેસના મજબૂત ઠાકોર નેતા જગદીશ ઠાકોર સામે લોકસભા ચૂંટણી લડાવી અને તેઓએ ૧.૯૩ લાખની જંગી જીતથી ચૂંટણી જીતી પણ લીધી. બીજી બાજુ કોંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોરની વાત કરીએ તો તેઓ સિદ્ધપુરના ધારાસભ્ય રહી ચૂક્યા છે. વ્યવસાયે બિલ્ડર છે અને સમાજમાં તેમની પ્રતિષ્ઠા એક ભામાશા તરીકે છે. સેવાકીય પ્રવૃત્તિ સાથે પણ સંકળાયેલા છે. ચંદનજી ઠાકોર કોંગ્રેસ તરફથી ૨૦૧૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણી લડ્યા હતા અને તેઓએ ભાજપના દિગ્ગજ નેતા જયનારાયણ વ્યાસને હરાવ્યા હતા. તેઓ ધોરણ ૧૦ પાસ છે. પાટણ બેઠકના મતદારો વિશે વાત કરીએ તો અહીં ઠાકોર મતદારોનું પ્રભુત્વ છે. આ ઉપરાંત દલિત, ક્ષત્રિય, મુસ્લિમ મતદારો પણ નિર્ણાયક છે. પાટીદારો મતદારો પણ ગમે ત્યારે બાજી પલટી નાખે તેવી ક્ષમતાવાળા છે. અહીં કુલ ૧૯.૮૩ લાખથી વધુ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. નોંધનીય છે કે આ લોકસભા બેઠક હેઠળ વડગામ, રાધનપુર, કાંકરેજ, પાટણ, ચાણસ્મા, સિદ્ધપુર અને ખેલાલુ વિધાનસભા બેઠકોનો સમાવેશ થાય છે.

### ગુજરાતમાં એક-એક રૂપિયો ઉઘરાવીને ચૂંટણી લડી

# અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલની ભવ્ય જીત થઈ

**દમણ-દીવ બેઠક પર અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલે એકલા હાથે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને ભોંય ભેગા કર્યા**

દમણ, તા.૪

ગુજરાતના રાજકારણના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું કે, અપક્ષ ઉમેદવારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારને ચૂંટણીની જંગમાં ધૂળ ચટાડી છે. દીવ દમણ લોકસભા બેઠક પર કોંગ્રેસ, ભાજપ અને અપક્ષ વચ્ચે જંગ હતી. અહીં ત્રણ પાટીદાર ઉમેદવારો મતદારોને રીઝવવા મેદાનમા ઉતર્યા હતા, પરંતુ અહી અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલે એકલા હાથે જંગી જીત હાંસિલ કરી છે. અપક્ષ ઉમેદવાર અંદાજિત ૬ હજાર કરતાં વધુ મતથી જીત્યા છે. ઉમેશ પટેલ પાસે કોઈ કાર્યકર્તાઓની ફૌજ ન હતી, તેઓ એકલા હાથે દીકરી સાથે મત માંગવા નીકળ્યા હતા.

ઉમેશ પટેલ ખરેખર આ સફળતાના હકદાર છે. કારણ કે, તેઓ એકલા હાથે ચૂંટણી લડ્યા હતા, અને જીત્યા પણ. તેમના ચૂંટણી પ્રચારની સ્ટાઈલ લોકોને વધુ સ્પર્શી ગઈ હતી. કારણ કે, લોકો પાસેથી એક-એક રૂપિયો ભેગો કરીને તેઓ ચૂંટણી લડ્યા હતા. ફાળો માંગવા તેમણે પોતાના મત વિસ્તારમાં લોકોના ચરણ સ્પર્શ પણ કર્યા હતા. સંઘ પ્રદેશ દમણ-દીવમાં મોટો અપસેટ સર્જાયો. ત્રણ વખતથી વિજેતા ભાજપના ઉમેદવાર લાલુ પટેલની હાર થઈ છે. તો અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલનો ભવ્ય વિજય થયો છે. અપક્ષ ઉમેદવાર ઉમેશ પટેલે ભાજપના ગઢમાં પાડ્યું ગાબડું. પ્રશાસક પ્રફુલ પટેલથી મતદારો ભારે નારાજ હતા. જેની અસર લોકસભાની ચૂંટણીમાં જોવા મળી. સંઘપ્રદેશ દમણ દીવ લોકસભા બેઠક પર અપક્ષ ઉમેદવારે અનોખી રીતે ચૂંટણી પ્રચાર કર્યો હતો. અપક્ષ ઉમેદવાર લોકો પાસે ઉમેશ પટેલ મતની સાથે ચૂંટણી લડવાનો ફાળો પણ માંગ્યો હતો અને લોકો પણ તેમને હોંશે હોંશે ફંડ આપી રહ્યા છે. ઉમેશ પટેલ એકલા હાથે ચૂંટણી પ્રચાર કર્યો હતો. ઉમેશ પટેલની સાથે તેમના કોઈ કાર્યકર્તાઓની ફોજ ન હતી. તેઓ ચૂંટણી પ્રચાર માટે એકલા વિવિધ વિસ્તારોમાં નીકળ્યા હતા. તેઓ મતદારો પાસે મત માગતા હતા અને સાથે તેમના ચરણ સ્પર્શ પણ કરતા હતા. હાથમાં ફંડ ફાળો એકત્રિત કરવા માટે ગલ્લો લઈને ઉમેશ પટેલ મતદારોને ઘરે ઘરે ફાળો મત અને આશીર્વાદ માંગતા અને ત્યારબાદ પોતાના માટે મત માંગતા હતા.

દેશમાં લોકસભાની ચૂંટણી પ્રચારમાં આપ સૌએ ચૂંટણીમાં ઉમેદવારો કે રાજનેતાઓ મતદારો પાસે જઈ અને માત્ર મત જ માગતા હોવાની અપીલ કરતાં જોવા મળ્યા હતા. પરંતુ રાજ્યના પડોશમાં આવેલા સંઘપ્રદેશ દમણ દીવ લોકસભા બેઠક પર એક અપક્ષ ઉમેદવાર અનોખી રીતે ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. જેઓ મતની સાથે મતદારો પાસે ચૂંટણી લડવાનો ફાળો પણ માગી રહ્યા હતા અને લોકો પણ હોંશે હોંશે આ અપક્ષ ઉમેદવારને ફંડ પણ આપ્યો હતો.

### અખિલેશ યાદવે પાડ્યો ખેલ

# અયોધ્યામાં ભાજપને રામના આશિર્વાદ ન મળ્યા

**ભાજપને આંચકો ઉત્તર પ્રદેશમાં લાગ્યો છે જ્યાં પાર્ટી ૨૦૧૯ના પ્રભાવશાળી પ્રદર્શનનું પુનરાવર્તન કરી શકી નથી**

અયોધ્યા, તા.૪

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે મત ગણતરી ચાલુ છે. અત્યાર સુધીના વલણો મુજબ ભાજપ પોતાના દમ પર બહુમતીથી દૂર છે. ભાજપને સૌથી મોટો આંચકો ઉત્તર પ્રદેશમાં લાગ્યો છે જ્યાં પાર્ટી ૨૦૧૯ના પ્રભાવશાળી પ્રદર્શનનું પુનરાવર્તન કરી શકી નથી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, સમાજવાદી પાર્ટી ૩૬ બેઠકો પર આગળ છે જ્યારે સહયોગી કોંગ્રેસ સાત બેઠકો પર આગળ છે. ભાજપ ૩૩ બેઠકો પર આગળ છે. ફૈઝાબાદ સીટ પરથી ભાજપની સૌથી મજબૂત લડાઈ છે. ફૈઝાબાદ સીટ અયોધ્યા સીટ તરીકે ઓળખાય છે. ફૈઝાબાદ સીટ પર સપાના અવધેશ પ્રસાદ ભાજપના ઉમેદવાર લલ્લુ સિંહથી ૫૦ હજાર મતોથી આગળ ચાલી રહ્યા છે. અયોધ્યા રામ મંદિર નિર્માણનો મુદ્દો ભાજપના ચૂંટણી પ્રચારનો મહત્વનો ભાગ હતો. જો કે, અયોધ્યામાં જ ભાજપની હાર થઈ છે. ભારતીય જનતા પાર્ટી ઉત્તર પ્રદેશની ફૈઝાબાદ લોકસભા સીટ પર પાછળ છે. ભાજપે આ સીટ પર લલ્લુ સિંહને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. લલ્લુ સિંહ અંદાજે ૫૫ હજાર મતોના માર્જિનથી સપાના ઉમેદવાર અવધેશ પ્રસાદથી પાછળ છે. તમને જણાવી દઈએ કે ભાજપ ૨૦૧૪થી ફૈઝાબાદ સીટ જીતી રહી છે. ચૂંટણી પ્રચારમાં રામમંદિરના અભિષેક અને ભાજપના નેતાઓ દ્વારા રામમંદિરનો ઉલ્લેખ કર્યા પછી પણ અહીંના વલણોમાં ભાજપને ફટકો પડતો જણાય છે.ફૈઝાબાદ સીટ પરથી ઈન્ડિયા એલાયન્સના ઉમેદવાર અવધેશ પ્રસાદ ટ્રેન્ડમાં આગળ છે. જ્યારે બસપાએ અહીંથી સચ્ચિદાનંદ પાંડેને ઉમેદવાર બનાવ્યા હતા, જેઓ ઘણા પાછળ છે. ટ્રેન્ડ જોતાં એવું લાગે છે કે અહીં ચૂંટણી દરમિયાન રામમંદિરને લઈને જે મુદ્દો ઊભો થયો છે તેને વધુ મહત્ત્વ મળતું નથી એ તો ટુંક સમયમાં જ ખબર પડી જશે. પરંતુ લલ્લુ સિંહ ટ્રેન્ડમાં હારતા જોવા મળી રહ્યા છે. તમને જણાવી દઈએ કે હિંદુત્વની રાજનીતિનું કેન્દ્ર હોવા છતાં, આ શહેર ભાજપનો ગઢ નથી રહ્યું, વિવિધ પક્ષોના નેતાઓ અહીંથી ચૂંટણી જીત્યા છે. ૧૯૯૧થી અહીં વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપનો દબદબો રહ્યો છે, પરંતુ ફૈઝાબાદ લોકસભા સીટ પર ઉત્તર પ્રદેશની ત્રણેય મોટી પાર્ટીઓ ભાજપ, સપા અને કોંગ્રેસે અલગ-અલગ ચૂંટણીમાં પોતાની જીત નોંધાવી છે.

# ગુજરાતી ક્રિકેટર યુસુફ પઠાણે બહરામપુર સીટથી જીત મેળવી

**યુસુફ પઠાણ ૨૦૦૭ અને ૨૦૧૧માં વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનો સભ્ય રહી ચૂક્યા છે**

બહરામપુર,તા.૪

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ગુજરાતી ક્રિકેટર યુસુફ પઠાણે બહરામપુર સીટથી જીત મેળવી છે. જી હા...તૃણમૂલ કોંગ્રેસ વતી ચૂંટણી લડનારા યુસુફ પઠાણે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અધીર રંજન ચૌધરીને હરાવ્યા હતા.

યુસુફ પઠાણ ૨૦૦૭ અને ૨૦૧૧માં વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનો સભ્ય રહી ચૂક્યા છે. યુસુફ રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સની આઈપીએલ વિજેતા ટીમનો સભ્ય પણ રહી ચૂક્યા છે. ૪૧ વર્ષીય ગુજરાતી યુસુફ પઠાણ બહેરામપુર સીટ પર કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરી અને બીજેપી નેતા નિર્મલ કુમાર સાહા સામે ચૂંટણી લડી રહ્યા હતા.યુસુફ પઠાણને ૪,૦૮,૨૪૦ મત મળ્યા હતા. તેમણે છેલ્લી લોકસભામાં વિરોધ પક્ષના નેતા રહેલા અધીર રંજન ચૌધરીને ૫૯,૩૫૧ મતોથી હરાવ્યા હતા. અધીર રંજન ચૌધરીને ૩,૪૮,૮૮૯ વોટ મળ્યા. ભાજપના નેતા લગભગ ૩,૧૨,૮૭૬ મતો સાથે ત્રીજા સ્થાને છે.લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામોની વાત કરીએ તો ભાજપ ૨૪૦થી વધુ બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી બનવા તરફ આગળ વધી રહી છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ પૂર્ણ બહુમતની નજીક છે.

કોંગ્રેસ લગભગ ૯૫ સીટો પર આગળ છે. કોંગ્રેસની આગેવાની હેઠળનું ભારત ગઠબંધન લગભગ ૨૩૦ બેઠકો જીતી શકે છે.તમને જણાવી દઈએ કે લોકસભા ચૂંટણી જીતીને ઘણા ક્રિકેટરો સંસદમાં પહોંચી ચૂક્યા છે. જેમાં ગૌતમ ગંભીર, નવજોત સિંહ સિદ્ધુ, મોહમ્મદ અઝહરુદીન, કીર્તિ આઝાદ, ચેતન ચૌહાણનો સમાવેશ થાય છે. ગંભીરે ભાજપ વતી ૨૦૧૯ની લોકસભા ચૂંટણી લડી હતી અને જીત પણ મેળવી હતી.

### સી. આર. પાટીલે ફરી જીત્યો ગઢ

# નવસારીમાં લોકસભા બેઠક પરથી ભાજપ ઉમેદવાર સી. આર. પાટીલની ભવ્ય જીત

**સી. આર. પાટીલની સામે કોંગ્રેસ પાર્ટીમાંથી નૈષધ દેસાઈ મેદાનમાં ઉતર્યા હતા**

નવસારી, તા.૪

ગુજરાત લોકસભા ચૂંટણીના પરિણામો આજે જાહેર થશે. રાજ્યની ૨૬ બેઠકો કોણ જીતશે તે ટૂંક સમયમાં નક્કી થશે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની વાત કરીએ તો ગુજરાતમાં ભાજપે ક્લીન સ્વીપ કર્યું હતું. તે જ સમયે, કોંગ્રેસ ખાતું પણ ખોલી શકી ન હતી. ભાજપ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના ગૃહ રાજ્યમાં ૨૦૧૪ અને ૨૦૧૯ની જીતનું પુનરાવર્તન કરવા માંગે છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી આ વખતે ગુજરાતમાં I.N.D.I ગઠબંધન હેઠળ ચૂંટણી લડી રહી છે. કોંગ્રેસ ૨૪ સીટો પર ચૂંટણી લડી રહી છે જ્યારે છઈઁ ૨ સીટો પર ચૂંટણી લડી રહી છે.નવસારી લોકસભા બેઠક ૨૦૦૮માં સીમાંકન બાદ અસ્તિત્વમાં આવી હતી. છેલ્લી ત્રણ ચૂંટણીથી આ બેઠક પર માત્ર કમળ જ ખીલ્યું હતું. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે નવસારીમાંથી મોટી જીત મેળવી હતી. દેશભરમાં સૌથી વધુ મતોથી જીતનાર તે સાંસદ બન્યા. ભાજપે અહીંથી ચોથી વખત સીઆર પાટીલને મેદાનમાં ઉતાર્યા છે. તેવામાં નવસારીમાં લોકસભા બેઠક પરથી ભાજપ ઉમેદવાર સી.આર. પાટીલ ભવ્ય જીત મેળવી છે. નવસારી બેઠક પર ભાજપ ઉમેદવાર સી.આર.પાટીલની સામે કોંગ્રેસ પાર્ટીમાંથી નૈષધ દેસાઈને મેદાનમાં ઉતાર્યા હતા. જેની સામે પાટીલે ૭૬ હજારથી વધુ વોટના માર્જિનથી ભવ્ય જીત મેળવી છે. ગુજરાતની નવસારી લોકસભા બેઠક ભાજપનો ખૂબ જ મજબૂત ગઢ છે. ૨૦૦૯, ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે પોતાની વોટબેંકમાં સતત વધારો કર્યો છે. ૨૦૧૯ની ચૂંટણીમાં, નવસારી ગુજરાત ભાજપના વર્તમાન પ્રમુખ સીઆર પાટીલ ૬,૮૯,૬૮૮ મતોની સરસાઈથી જીત્યા હતા.જણાવી દઈએ કે , ચંદ્રકાંત પાટીલ ગુજરાતમાં ભાજપના વરિષ્ઠ નેતા છે. તેઓ સી.આર. પાટીલ તરીકે પણ ઓળખાય છે. તેઓ મૂળ મહારાષ્ટ્રીયન છે પરંતુ ગુજરાતમાં સ્થાયી થયા છે અને અહીં રાજકારણમાં સક્રિય છે. તેઓ ગુજરાતની નવસારી લોકસભા બેઠક પરથી ત્રણ વખત સાંસદ રહી ચૂક્યા છે. તેમના સમર્પણને જોઈને પાર્ટીએ તેમને વર્ષ ૨૦૨૦માં ગુજરાત એકમના પ્રદેશ અધ્યક્ષ બનાવ્યા. આ પદ પર પહોંચનારા તેઓ પક્ષના પ્રથમ બિન-ગુજરાતી નેતા હતા.સી.આર. પાટીલના પારિવારિક જીવન વિશે વાત કરીએ તો, તેમનો જન્મ ૧૬ માર્ચ ૧૯૫૫ના રોજ મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના પિંપરી અકરૌત ગામમાં થયો હતો. તેમના પિતા રઘુનાથ પોલીસ કોન્સ્ટેબલ હતા, જ્યારે તેમની માતા સરુબાઈ પાટીલ ગૃહિણી હતી. વર્ષ ૧૯૫૧માં તેમનો પરિવાર ગુજરાતમાં શિફ્ટ થયો હતો. આ પછી તેમનું તમામ શિક્ષણ ગુજરાતમાં જ થયું.

તેમના પિતાના પગલે પગલે સી.આર. પાટીલ પણ મોટા થયા અને ગુજરાત પોલીસમાં જોડાયા અને કોન્સ્ટેબલ બન્યા. લગભગ ૧૪ વર્ષ પોલીસ સેવામાં કામ કર્યા બાદ તેઓ નોકરી છોડીને પત્રકારત્વમાં જોડાયા હતા. તેમણે ૧૯૯૧માં 'નવગુજરાત ટાઈમ્સ' નામના ગુજરાતી દૈનિકમાં કામ કરવાનું શરૂ કર્યું. જો કે, તેમને આ વ્યવસાયમાં રસ ન હતો અને તેઓ રાજકારણમાં જોડાયા હતા.

# ચૂંટણી પરિણામો બાદ મોદીએ જનતાનો આભાર માન્યો

નવી દિલ્હી, તા.૪

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના જે પરિણામો આવ્યા છે તે ભાજપ અને NDAની અપેક્ષા પ્રમાણે આવ્યા નથી. ૨૦૧૯માં ભાજપ એકલા હાથે ૩૦૩ બેઠકો જીત્યું હતું પરંતુ આ વખતે NDAની કુલ બેઠકોનો આંકડો ૩૦૦ને પાર થઈ શક્યો નથી. ભાજપને સ્પષ્ટ બહુમતી મળી નથી પરંતુ NDA ગઠબંધનને બહુમતી મળી છે તેથી દ્રઢ્ઢછ સળંગ ત્રીજી વખત સત્તા પર આવશે. આ પરિણામો બાદ ભાજપ જોરદાર આઘાતમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પરિણામો અંગે પ્રથમ વખત પ્રતિક્રિયા આપી છે. વડાપ્રધાન મોદીએ એક્સ પર એક પોસ્ટ લખીને દેશની જનતાનો આભાર માન્યો છે. વડાપ્રધાન મોદીએ લખ્યું હતું કે, દેશની જનતાએ સતત ત્રીજી વખત NDAમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ભારતના ઈતિહાસમાં આ એક અભૂતપૂર્વ ક્ષણ છે. આ પ્રેમ અને આશીર્વાદ માટે હું મારા પરિવારને નમન કરું છું. હું દેશવાસીઓને ખાતરી આપું છું કે અમે તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે નવી ઉર્જા, નવા ઉત્સાહ અને નવા સંકલ્પો સાથે આગળ વધીશું, તેમના સમર્પણ અને અથાક કાર્ય માટે હું તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.NDA ભલે સરકાર બનાવે પરંતુ પરિણામો તેના માટે સહેજે પણ ઉત્સાહજનક નથી જ્યારે ઈન્ડિયા ગઠબંધનનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાતમાં આસમાને છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ એક પત્રકાર પરિષદ સંબોધી હતી જેમાં તેમનો આ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સ્પષ્ટ જોવા મળ્યો હતો. મલ્લિકાર્જુન ખડગેએ પરિણામોને લોકો અને લોકશાહીની જીત ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે, અમે પહેલાથી જ કહેતા હતા કે આ લડાઈ મોદી વિરુદ્ધ જનતાની છે. આ વખતે જનતાએ કોઈ એક પક્ષને સંપૂર્ણ બહુમતી આપી નથી, સત્તાધારી પક્ષ ભાજપે એક વ્યક્તિના ચહેરા પર વોટ માંગ્યા છે. આજે સ્પષ્ટ થઈ ગયું છે કે આ જનાદેશ નરેન્દ્ર મોદી વિરુદ્ધ છે, તે તેમની નૈતિક હાર છે.

# હૈદરાબાદમાં અસદુદ્દીન ઓવૈસીની જીત થઈ

હૈદરાબાદ, તા.૪

AIMIM ઉમેદવાર અસદુદ્દીન ઓવૈસી તેલંગાણાની હૈદરાબાદ લોકસભા બેઠક પરથી પાંચમી વખત જીત્યા. આ દરમિયાન તેમણે ભાજપના ઉમેદવાર માધવી લતાને ૩ લાખ ૩૮ હજાર મતોથી હરાવ્યા હતા. જો કે, માધવી લતાની એન્ટ્રીથી સ્પર્ધા ખૂબ જ અઘરી બની ગઈ. પરંતુ, વિસ્તારના લોકોએ ભાજપના ઉમેદવાર માધવી લતાને નકારી કાઢી હતી.હકીકતમાં, ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તોહાદુલ મુસલમીન (AIMIM)ના વડા અસદુદ્દીન ઓવૈસીનું આ સીટ પર ઘણા વર્ષોથી વર્ચસ્વ છે. જો કે આ વખતે ભાજપે માધવી લતાને મેદાનમાં ઉતાર્યા હતા. ચૂંટણી પંચના આંકડા મુજબ અસદુદ્દીન ઓવૈસીને ૬ લાખ ૬૧ હજાર ૯૮૧ વોટ મળ્યા છે. જ્યારે તેમના હરીફ ભાજપના ઉમેદવાર માધવી લતાને ૩ લાખ ૨૩ હજાર ૮૯૪ મત મળ્યા હતા.

AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે મને લાગે છે કે ભાજપ બહુમતીના આંકડાથી દૂર રહેશે, પરંતુ હવે આગળ શું થશે તે હું કહી શકતો નથી. કારણ કે, ભાજપે નફરતની રાજનીતિ કરી હતી.

આ સાથે ઓવૈસીએ કહ્યું કે હું હૈદરાબાદના લોકોનો આભાર માનવા માંગુ છું કારણ કે તેઓએ મજલિસને પાંચમી વખત સફળ બનાવી છે. હું હૈદરાબાદના લોકોનો, ખાસ કરીને યુવાનો, મહિલાઓ અને પ્રથમ વખતના મતદારોનો આભાર માનું છું, જેમણે AIMIM પાર્ટીને ઐતિહાસિક સફળતા અપાવી છે.

### પોરબંદરમાં ફરી કમળ ખીલ્યું

# પોરબંદર બેઠક પરથી મનસુખ માંડવિયાની મોટી લીડ સાથે જીત

**માંડવિયાની ૩.૮૦ લાખથી વધારે મતની લીડ સાથે જીત**

પોરબંદર, તા.૪

લોકસભા ચૂંટણીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. પોરબંદર બેઠક પરથી ભાજપ ઉમેદવાર મનસુખ માંડવિયાને મોટી જીત મળી છે. મનસુખ માંડવિયાને ૩૮૦૪૭૨ લીડ સાથે મોટી જીત મળી છે. જણાવી દઈએ કે, પોરબંદર લોકસભા બેઠક માટે ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ મતદાન થયું હતું. પોરબંદરમાં સરેરાસ કુલ ૫૧.૮૩ ટકા મતદાન થયું હતું. વિધાનસભા મતવિસ્તાર પ્રમાણે મતદાનની ટકાવારીમાં ધોરાજીમાં ૫૧.૮૯ ટકા, ગોંડલમાં ૫૨.૧૯ ટકા, જેતપુરમાં ૫૧.૫૪ ટકા, કેશોદમાં ૪૭.૦૩ ટકા, કુતિયાણામાં ૪૭.૫૫ ટકા, માણાવદરમાં ૫૩.૯૪ ટકા અને પોરબંદરમાં ૫૭ ટકા મતદાન થયું છે.લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભારતીય જનતા પાર્ટીએ આ બેઠક પરથી ઉમેદવાર તરીકે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાને ટિકિટ આપી હતી. જોકે, કોંગ્રેસે લલિત વસોયાને મેદાનમાં ઉતાર્યા છે. આ લોકસભામાં કુલ ૧૭.૫૦ લાખ મતદારો છે, જેમાં ૯ લાખથી વધુ પુરૂષ અને ૮ લાખથી વધુ મહિલા મતદારો છે. ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં વિઠ્ઠલ રાદડિયાએ રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના કાંધલ જાડેજાને ૨,૬૭,૯૭૧ મતોથી હરાવ્યા હતા. ૨૦૧૯માં અહીંથી ભાજપ તરફથી રમેશ ધડુક અને કોંગ્રેસ તરફથી લલિત વસોયા ઉમેદવાર હતા. જેમાં રમેશ ધડુક ૨ લાખથી વધુ મતોથી જીતીને સાંસદ બન્યા હતા.

### ગુજરાતની પાંચ બેઠકો પર પેટા ચૂંટણી યોજાઈ હતી

# પોરબંદરથી મોઢવાડિયા અને વિજાપુરથી સીજે ચાવડાની જીત

પોરબંદર, તા.૪

દેશમાં આજે લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો જાહેર કરવામાં આવશે. આ સાથે જ ગુજરાતની પાંચ બેઠકો પર પેટા ચૂંટણી યોજાઈ હતી. પેટા ચૂંટણીના પણ પરિણામો જાહેર થઈ રહ્યા છે. ખંભાત, વાઘોડિયા, પોરબંદર, માણાવદર અને વિજાપુર બેઠક પર કોણ બાજી મારશે તેના પર સૌની નજર છે. પેટા ચૂંટણીમાં પોરબંદર બેઠક પરથી અર્જૂનભાઈ મોઢવાડિયાની જીત થઈ છે. અર્જૂનભાઈની ૧ લાખ ૧૮ હજાર મતથી જીત થઈ છે. જ્યારે વિજાપુર બેઠક પરથી સીજે ચાવડાની જીત થઈ છે. સીજે ચાવડાએ કોંગ્રેસનો સાથ છોડી ભાજપના કેસરીયો કર્યા હતા. સીજેચાવડા ત્રણ વખતના ધારાસભ્ય અને કોંગ્રેસના દિગ્ગજ નેતા હતા. જેમણે છેલ્લી વિધાનસભામાં મુખ્ય દંડકનુંપદ સંભાળ્યુંહતુંજ્યારેતેઓ ગાંધીનગર ઉત્તર મતવિસ્તારમાંથી ચૂંટાયા હતા. ૨૦૨૨ માં ચાવડાએ પોતાનો મતવિસ્તાર બદલીને મહેસાણા જિલ્લાના વિજાપુરથી ચૂંટણી લડી હતી. સીજેચાવડા ૨૦૦૨માં ગાંધીનગર બેઠક પરથી ગુજરાત વિધાનસભામાં પણ ચૂંટાયા હતા. જો ૨૦૨૨ના વિજાપુર બેઠકના પરિણામની વાત કરીએ તો ચાવડાએ ભાજપના રમણ પટેલને હરાવી ૭૦૫૩ની લીડથી જીત નોંધાવી હતી.અર્જુનભાઈ મોઢવાડિયા કોંગ્રેસના દિગ્ગજ નેતા હતા. તેમણે કોંગ્રેસથી નારાજ થઈ ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતુ અને પછી ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થયા હતા. અર્જુન મોઢવાડિયાની રાજકીય કારકિર્દીની વાત કરીએ તો ૧૯૯૭ માં સત્તાવાર રીતે કોંગ્રેસ સાથે જોડાયા હતાં. તેઓ પ્રથમ વખત ૨૦૦૨ માં પોરબંદર વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતાં. અર્જૂન મોઢવાડિયા ૨૦૦૪થી ૨૦૦૭ સુધી ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા રહ્યા હતા. તેઓ ફરી વર્ષ ૨૦૦૭માં પોરબંદર વિધાનસભા બેઠક ઉપરથી ધારાસભ્ય બન્યા હતા. આ પછી માર્ચ ૨૦૧૧ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ બન્યા હતા. તેઓ ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા પણ રહી ચૂક્યા છે અને કોંગ્રેસ પાર્ટીની કમાન પણ સંભાળી ચૂક્યા છે. એક સમયેઅહેમદ પટેલ બાદ ગુજરાતમાં તેમની ગણના બીજા નંબર પર થતી હતી. નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અર્જુન મોઢવાડિયા રાજ્યમાં કોંગ્રેસ પાર્ટીનો ચહેરો હતા. તેમની ૨૦૨૨ની ચૂંટણીની વાત કરીએતો તેમણે પોરબંદર બેઠક પરથી ભાજપના બાબુ બોખરિયાને હાર આપી હતી. લોકસભાની સાથે વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણી યોજાઈ હતી. વિધાનસભાની પાંચ બેઠકો માટે સરેરાશ ૬૨.૩૭ ટકા મતદાન થયું હતું. આ પાંચ બેઠકોમાં વિજાપુર, ખંભાત, પોરબંદર, વાઘોડિયા અને માણાવદર બેઠકનો સમાવેશ થાય છે. આ પાંચ પૈકી ખંભાત બેઠક પર સૌથી વધુ મતદાન થયુંહતું.

### ત્રીજી વખત NDAની સરકાર બનશે તે નિશ્ચિત

# આ વિશ્વના સૌથી મોટા લોકતંત્રની જીત છે : મોદીએ જનતાનો માન્યો આભાર

**આ વિકસિત ભારતના વચનની જીત છે : 'સબકા સાથ-સબકા વિકાસ'ના આ મંત્રની આ જીત છે : આ ૧૪૦ કરોડ ભારતીયોની જીત છે : મોદી**

નવી દિલ્હી, તા.૧

લોકસભાના ચૂંટણીના પરિણામ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભાજપ કાર્યાલયમાં ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થયા બાદ પીએમ મોદીએ કાર્યાલયના કાર્યકરોને સંબોધિત કરતા કહ્યું કે, NDA ત્રીજીવાર સરકાર બનાવશે તે નિશ્ચિત છે. આ ઉપરાંત તેમણે તમામ દેશવાસીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, દેશવાસીઓને ભાજપ પર ફરીવાર ભરોસો કર્યો છે

પીએમ મોદીએ ચૂંટણી પંચની પ્રશંસા કરતા કહ્યું કે તેમણે પોતાની જવાબદારી સારી રીતે નિભાવી છે. પીએમ મોદીએ કહ્યું, આ વિશ્વના સૌથી મોટા લોકતંત્રની જીત છે. ભારતના બંધારણ પ્રત્યેની અતૂટ વફાદારીની આ જીત છે. આ વિકસિત ભારતના વચનની જીત છે. 'સબકા સાથ-સબકા વિકાસ'ના આ મંત્રની આ જીત છે. આ ૧૪૦ કરોડ ભારતીયોની જીત છે.તેમણે કહ્યું કે, હું આજે ચૂંટણી પંચને શુભેચ્છા પાઠવીશ. ચૂંટણી પંચે સૌથી મોટી ચૂંટણી અસરકારક રીતે હાથ ધરી હતી. લગભગ ૧૦૦ કરોડ મતદારો છે, ૧૧ લાખ મતદાન મથકો છે, ૧.૫ કરોડ મતદાન કર્મચારીઓ છે, વોટિંગ મશીનો છે, કર્મચારીઓએ આટલી આકરી ગરમીમાં ખૂબ જ સારી રીતે તેમની ફરજ બજાવી હતી, અમારા સુરક્ષાકર્મીઓએ ફરજની ભાવનાનું શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભારતની આ સમગ્ર વ્યવસ્થા અને ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા પર દરેક ભારતીયને ગર્વ છે. પીએમ મોદીએ કહ્યું કે, બીજેપી ઓડિશામાં સરકાર બનાવવા જઈ રહી છે. લોકસભા ચૂંટણીમાં ઓડિશામાં સૌથી શાનદાર પ્રદર્શન કર્યું છે. કેરળમાં પણ ભાજપે સીટો જીતી છે. આ ચૂંટણીના આ આદેશના અનેક પાસાઓ છે. ૧૯૬૨ પછી પહેલીવાર કોઈ સરકાર પોતાની રીતે બે કાર્યકાળ પૂર્ણ કરીને ત્રીજી વખત સત્તામાં આવી છે. જ્યાં પણ વિધાનસભાની ચૂંટણી થઈ છે ત્યાં દ્રઢ્ઢછને બહુમતી મળી છે. અમે ચંદ્રબાબુ નાયડુના નેતૃત્વમાં આંધ્રમાં અને નીતિશ બાબુના નેતૃત્વમાં બિહારમાં પણ સારી જીત મેળવી છે. દ્રઢ્ઢછને મળેલા જનાદેશથી હું નમ્ર છું . મારી માતાના મૃત્યુ પછી આ મારી પ્રથમ ચૂંટણી છે, દેશની માતાઓએ મને અપાર પ્રેમ આપ્યો છે.નરેન્દ્ર મોદી ૬૦ વર્ષમાં ત્રીજી વખત લોકસભા ચૂંટણી જીતનાર દેશના પહેલા PM બનવા જઈ રહ્યા છે. આ પહેલા પંડિત જવાહર લાલ નેહરુ સતત ત્રણ વખત લોકસભાની ચૂંટણી જીતીને દેશના વડાપ્રધાન બન્યા હતા. આ વખતે ભાજપ ૪૦૦ પારના નારા સાથે ચૂંટણીમાં ઉતર્યો હતો. જોકે, પાર્ટી પોતાના દમ પર ૨૭૨ના જાદુઈ આંકડાને સ્પર્શી શકી પણ નથી. દેશની લોકસભા ચૂંટણીમાં પરિણામોમાં દ્રઢ્ઢછને બહુમતી મળ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીના ભાજપ હેડક્વાર્ટર ખાતે પહોંચી ગયા છે અને તેમણે દેશવાસીઓને સંબોધન કરતા કહ્યું છે કે, હું તમામ દેશવાસીઓનો ઋણી છું. આ સાથે તેમણે ત્રીજી વખત સરકાર બનાવવા મજબૂત દાવેદારી સાથે પ્રતિબંદ્ધતાદર્શાવી છે. આ આશીર્વાદ માટે તમામ દેશવાસીઓનો ઋણી. આ પાવન દિવસે સતત ત્રીજી વાર સરકાર બનવી નિશ્ચિત છે. આપણે બધા જનતા જનાર્દનના ખૂબ જ આભારી છીએ. દેશવાસીઓએ ભાજપ અને એનડીએ પર પૂર્ણ વિશ્વાસ મૂક્યો છે. આજનો આ વિજય દુનિયાના સૌથી મોટા લોકતંત્રની જીત છે. આ ભારતના બંધારણ પર અતૂટ નિષ્ઠાની જીત છે. આ વિકસિત ભારતની જીત છે. આ સબ કા સાથ, સબ કા વિશ્વાસના મંત્રની જીત છે. ૧૪૦ લોકોની જીત છે. જમ્મુ કાશ્મીરના મતદારોએ આ ચૂંટણીમાં રેકોર્ડબ્રેક મતદાન કરીને અભૂતપૂર્વ ઉત્સાહ દાખવ્યો. અને ભારતને બદનામ કરનારી તાકાતને અરીસો બતાવ્યો. આ માટે હું જનતા જનાર્દનને આદરપૂર્વક નમન કરું છું. તમામની સક્રિય ભાગીદારી વિના લોકતંત્રની આ વિરાટ સફળતા શક્ય નથી. ભાજપના, એનડીએના તમામ કાર્યકરને પણ હું ધન્યવાદ આપું છું. આ જનાદેશના અનેક પાસાં છે. ૧૯૬૨ પછી પહેલીવાર કોઈ સરકાર પોતાના બે કાર્યકાળ પૂરા કર્યા પછી ત્રીજી વાર પાછી આવી રહી છે. અરુણાચલ, સિક્કિમ અને ઓડિશા સહિતના રાજ્યોમાં જ્યાં વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપ-એનડીએએ સારો દેખાવ કર્યો. ઓડિશામાં, પ્રભુ જગન્નાથની ધરતી પર પહેલીવાર ભાજપનો મુખ્યમંત્રી હશે. આ રાજ્યોમાં પણ ભાજપ કોઈ કસર નહીં છોડે. ભાજપે કેરળમાં પણ એક બેઠક જીતી. અમારા કેરળના કાર્યકરોએ ઘણાં બલિદાન આપ્યા છે. અનેક પેઢીઓથી તેઓ સંઘર્ષની સાથે લોકોની સેવા પણ કરતા રહ્યા. પેઢીઓથી જે ક્ષણની તે રાહ જોતા હતા, તેમને આજે સફળતા મળી છે. તેલંગાણામાં પણ અમારી સંખ્યા બમણી થઈ ગઈ છે.

ગુજરાત, છત્તીસગઢ, દિલ્હી, ઉત્તરાખંડ, હિમાચલ જેવા અનેક રાજ્યોમાં અમારા પક્ષે લગભગ ક્લિન સ્વિપ કર્યું છે. આંધ્ર પ્રદેશમાં ચંદ્રાબાબુ નાયડુના નેતૃત્વમાં અને બિહારમાં નીતિશ કુમારના નેતૃત્વમાં એનડીએએ ઉત્તમ દેખાવ કર્યો છે. દસ વર્ષ પહેલા દેશમાં પરિવર્તન માટે જનાદેશ આપ્યો હતો. એ સમયે દેશ નિરાશાની ગર્તામાં ડૂબી ગયો હતો. યુવા પેઢી તેમના ભવિષ્ય માટે આશંકિત હતી. એવા સમયે જનતાએ અમને નિરાશામાંથી બહાર નીકળવાનું કામ સોંપ્યું હતું. ત્યાર પછી અમને પ્રચંડ જનાદેશ મળ્યો અને એનડીએનો બીજો કાર્યકાળ વિકાસ તરફ આગળ વધ્યો. ૨૦૨૪માં આ જ રીતે અમે દેશના ખૂણે ખૂણે ગયા. આજે ત્રીજી વાર જે આશીર્વાદ એનડીએને મળ્યો છે, હું તેની સામે જનતા જનાર્દન સામે, વિજયી ભાવથી નતમસ્તક છું. આજનો આ જનાદેશ મારા માટે વ્યક્તિગત રીતે પણ ભાવુક ક્ષણ છે. મારી માતાના ગયા પછી આ મારી પહેલી ચૂંટણી હતી, પરંતુ સાચું માનો. દેશની કોઈ પણ કરોડો માતા, બહેનોએ મને તેની કમી મહેસૂસ ના થવા દીધી. મને અભૂતપૂર્વ સ્નેહ અને આશીર્વાદ મળ્યા. દેશના ઈતિહાસમાં મહિલાઓ દ્વારા મતદાનના બધા રેકોર્ડ તૂટી ગયા.

આ વખતે આ પોતીકાપણાંને હું શબ્દોમાં વર્ણવી નહીં શકું. આઝાદીના ૭૦ વર્ષ પછી ૧૨ કરોડ લોકોને નળથી જળ સહિતની અનેક જનકલ્યાણ યોજનાઓ ચલાવી. કરોડો ગરીબોને પાકા ઘર મળ્યા. ૮૦ કરોડ લોકોને મફત રાશનની સુવિધા મળી. કરોડો ગરીબોને મફત સારવારની સુવિધા મળી. આ જ ભાવનાના કારણે જમ્મુ કાશ્મીરથી કલમ ૩૭૦ હટી શકી. જીએસટી સુધારા કર્યા. કોરોના સંકટ વખતે પણ જનહિતમાં નિર્ણયો લીધા. આ કારણથી આજે ભારત દુનિયાનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. આ કારણથી અમને ફરી જનાદેશ મળ્યો છે. અમે ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે, જેમાં એસસી, એસટીની સંખ્યા વધુ છે. અમે ત્યાં સુધી નહીં અટકીએ જ્યાં સુધી ગરીબી નાબૂદ નહીં થાય.




## દેશની ૧૪૫ કરોડ જનસંખ્યા માટે રાહતની ઘડી આવી

# એક દાયકા બાદ ગઠબંધન સરકારનો યુગ પાછો ફર્યો

### પ્રચંડ બહુમતી ધરાવતી મોદી સરકારે ગરીબો, ખેડૂતો, શ્રમિકો અને મહિલાઓને થાય તેટલો કર્યો અન્યાય

### સત્તાનાં ઘમંડમાં આડેધડ નિર્ણયો છેલ્લા ૧૦ વર્ષમાં લેવાતા મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારે હદ વટાવી

### પ્રચંડ બહુમતી ધરાવતી સરકાર કરતાં ગઠબંધન ધરાવતી સરકારમાં જનતાનું વધારે ભલું થયું છે

### ઈડી, સીબીઆઈ સહિતની સંસ્થાનો આડેધડ ઉપયોગ કરવાનું હવે બંધ થશે

નવી દિલ્હી, તા.૪

લોકસભાની ચૂંટણીમાં ફરી એકવાર એક્ઝિટ પોલ ધ્વસ્ત થઈ ગયા. પરિણામો ૨૦૦૪ની જેમ એક્ઝિટ પોલથી ઉલટા નીકળ્યા. એક દાયકા પછી ગઠબંધન સરકારનો યુગ પાછો ફર્યો છે. ૩૭૦નો નારો આપનાર ભાજપ ૨૭૨ના આંકડાને સ્પર્શી શક્યું નથી, તે ૨૪૧ સુધી સિમિત રહી ગયું. ભાજપે રાજસ્થાન, ગુજરાત, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, બંગાળ, કર્ણાટક અને હરિયાણા તમામ જગ્યાએ સીટો ગુમાવવી પડી છે.

તમિલનાડુ અને પંજાબમાં તો ભાજપ ખાતું પણ નથી ખોલાવી શક્યું. ઓડિશા અને તેલંગાણાએ લાજ બચાવી લીધી. નીતીશ કુમાર અને ચંદ્રાબાબુ નાયડુ હવે નવી સરકારના કિંગમેકર તરીકે ઉભરી આવ્યા છે. એકંદરે, એનડીએ ગઠબંધન સત્તાની નજીક આવી ગયું હતું, પરંતુ સંપૂર્ણ બહુમતી સરકાર ન હોવાને કારણે ગઠબંધનની રમત ફરી શરૂ થઈ છે.. ભાજપને સરકાર બનાવવા માટે ૩૩ બેઠકો ઓછી મળી છે. ગઠબંધન સરકારમાં તેણે એક દેશ, એક ચૂંટણી અને સમાન નાગરિક સંહિતા જેવા મુદ્દાઓ છોડવા પડશે.

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષોની ઈચ્છા પુરી થઈ. ૧૦ વર્ષ પછી એક પણ પક્ષને સંપૂર્ણ બહુમતી મળી નથી. હવે કેન્દ્રમાં ગઠબંધન સરકાર બનશે, જેમાં તેમને સોદા કરવાની તક મળશે. નરેન્દ્ર મોદીની છેલ્લી બે સરકારોમાં, પ્રાદેશિક પક્ષો સરકારનો ભાગ હતા, પરંતુ તેમને એવા મંત્રાલયો આપવામાં આવ્યા હતા જે ભાજપ ઈચ્છતો હતો. ભાજપને લગભગ ૨૪૦ બેઠકો મળવાની ધારણા છે, જે બહુમતીના ૨૭૨ના આંક કરતાં ઘણી ઓછી છે. તમને જણાવી દઈએ કે સમાચારોમાં આપવામાં આવેલા આંકડા અંતિમ નથી, તે સાંજે પાંચ વાગ્યા સુધીના ટ્રેન્ડ મુજબ છે. અંતિમ પરિણામો અલગ હોઈ શકે છે.

અનુસંધાન પાના ૬ ઉપર

### પ્રધાનમંત્રીની લોકપ્રિયતામાં જબ્બરો ઘટાડો

## લ્યો બોલો : નરેન્દ્ર મોદીને ૧.૫૫ લાખ અને ભરત સુતરીયાને ૨.૨૧ લાખની લીડ મળી

### એક સમયે નરેન્દ્ર મોદી પણ પાછળ રહી ગયા હતા





અમરેલી, તા. ૪


અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ૨.૨૧ લાખ મતથી અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માત્ર ૧.૫૫ લાખ મતથી વિજેતા થતાં અમરેલીનાં ઉમેદવાર ભરત સુતરીયાની લોકપ્રિયતા તેમના મતવિસ્તારમાં નરેન્દ્ર મોદી કરતા વધારે જોવા મળી.

આશ્ચર્યજનક બાબત એ છે કે વારાણસી બેઠકમાં મત ગણતરીની શરૂઆતમાં નરેન્દ્ર મોદી પણ ૧૧ હજાર મતથી પાછળ જોવા મળતા દેશભરના ભાજપીઓનાં શ્વાસ અધ્ધર ચડી ગયા હતા.

### મારા વિરૂધ્ધ પોલીસ સ્ટેશનને શું કામ ફોન કર્યો તેમ કહીને

## અમરેલીનાં શાળા સંચાલક અને પત્રકાર પંકજ મહેતા ઉપર પિતા-પુત્રએ છરી અને તલવાર વડે કર્યો હુમલો

### પતિને બચાવવા વચ્ચે પડેલ પત્નીને પણ ઈજા પહોંચી



અમરેલી, તા. ૪

અમરેલીના હનુમાનપરા રોડ, ગોકુળ ગાર્ડન સોસાયટી, શેરી નં.૧માં આવેલ બ્લોક નં. ૨ માં રહેતા પત્રકાર અને શાળા સંચાલક તરીકે ફરજ બજાવતા પંકજભાઈ ડાયાભાઈ મહેતાને તા. ૩ના સાંજના આશરે આઠ વાગ્યાથી સવા આઠેક વાગ્યા દરમ્યાન તે જ વિસ્તારમાં રહેતા સિધ્ધરાજ વાળાના પપ્પા તથા સિધ્ધરાજ વાળાએ સાદ પાડી ઉભા રાખી કહેલ કે તેં શું કામ મારા વિરૂધ્ધ પોલીસ સ્ટેશને ફોન કર્યો? આજે તો તને જાનથી મારી નાખવો છે. તેમ કહી છરીનો એક ઘા શાળા સંચાલકને ગુપ્ત ભાગ પાસે જમણા સાંથળના ભાગે મારી દઈ ચાર ટાંકાની ઈજા કરી તથા શાળા સંચાલકને જાનથી મારી નાંખવાના ઈરાદે તલવારનો એક ઘા માથાના ડાબા કાન પાછળ મારી દેતા દસ ટાંકાની ઈજા કરી તેની ફોરવ્હીલ ગાડીમાંથી લોખંડનો પાઈપ લઈ આવી પાઈપનો એક ઘા શાળા સંચાલકને ડાબા પગે ઘુંટણ નીચે મારી ફ્રેકચર કરી દઈ તથા તેમના પત્નિ સાહેદ અલ્પાબેન વચ્ચે પડતા બન્ને આરોપીઓએ તેણીના વાળ પકડી ઢસડી, જમણા હાથે બટકુ ભરી લઈ ઈજા કરી હતી. શાળા સંચાલકે ગળામાં પહેરેલ સોનાનો ચેઈન બે તોલાનો કિંમત રૂા. ૫૦,૦૦૦ ઝુંટવી લુંટ કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવ અંગે સીટી પોલીસે તપાસ હાથ ધરી આરોપી ધર્મેન્દ્ર ઉર્ફે સિધ્ધરાજ ડોસલભાઈ વાળાને બાયપાસ વિસ્તારમાંથી ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### રામ મંદિર જયાં બન્યુ ત્યાંથી પણ ભાજપને પછડાટ

## ફૈઝાબાદ (અયોધ્યા) બેઠક ઉપર ભાજપનાં ઉમેદવારનો પરાજય

### દેશભરમાં પણ ''રામ મંદિર'' નો મુદ્દો ન ચાલ્યો

અમરેલી, તા. ૪

૨૨ જાન્યુઆરીનાં રોજ અયોધ્યા ખાતે રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો અને જેના આધારે સમગ્ર દેશમાં ભાજપને જય જય કાર કરવાની ગણતરી હતી પરંતુ અયોધ્યા બેઠક ઉપર જ ભાજપનાં ઉમેદવારનો પરાજય થયો હતો.

### મધ્યપ્રદેશથી આવીને ખેતીકાર્ય કરતી અને

## દેવગામ ગામે રહેતી પરિણીતાનું ભૂલથી ઝેરી દવા પી જતાં મોત

### અમરેલી ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

અમરેલી, તા. ૪

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ વડીયાનાં દેવગામ રહેતા નાનકીબેન સુરેશભાઈ બાગેડીયા નામનાં ૨૫ વર્ષિય પરિણીતા ગત તા. ૨૭ના રાત્રે ૮ વાગ્યે દેવગામનાં રમેશભાઈ મનજીભાઈ નસીતની વાડીએ હોય. તે દરમ્યાન તેણીને ઉધરસ આવતી હોય અને ઉધરસની દવા પીવા જતા ત્યાં બાજુમાં રહેલ ઉંદર મારવાની દવા ભુલથી પી જતા ઝેરની અસર થતા પ્રથમ મોટી કુંકાવાવ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવામાં લઈ જતા ત્યાંથી વધુ સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવારમાં દાખલ કરેલ જયાં તેણીનું સારવાર દરમ્યાન તા. ૨૮ સાંજના ૭:૪૦ મરણ ગયાનું પોલીસમાં જાહેર થયેલ છે.

### સ્મૃતિ ઈરાનીને રાહુલ ગાંધીએ તેમના પીએને હાથે પરાજિત કર્યા

## એક સમયે પપ્પુનુ બિરૂદ પામેલ કોંગી નેતા રાહુલ ગાંધીએ હરિફોને પપ્પુ સાબિત કરી દીધા

### ભારત જોડો યાત્રાથી ભાજપની શકિત સાથે પડકાર ઉભો થયો



અમરેલી, તા. ૪

કોંગ્રેસ પક્ષના પુર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીને બદનામ કરવા માટે ભાજપે જનતાનાં પરસેવાનાં કરોડો રૂપિયાનો કરેલ ખર્ચ એળે ગયો અને પપ્પુનુ બિરૂદ પામેલ રાહુલ ગાંધીએ ભાજપની કદાવર નેતા સ્મૃતી ઈરાની

અનુસંધાન પાના ૬ ઉપર
















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)